

કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ
આવતી કાલનાં નાગરિકોનું માસિક ૩૨૭ વર્ષ ૨૮મું • અંક ૩જો • માર્ચ ઈ. ૧૯૫૧
તંત્રી • બચુભાઈ રાવત



ઉત્કંઠેશ્વરનો ઓવારો. ફોટો • ચંદુભાઈ ભટ્ટ

ગુજરાતની સરળ ને સોહામણી નદી વાત્રકના કાંઠાઓથી રચાયેલાં નિસર્ગસુંદર સૌંદર્યધામોમાં ઉત્કંઠેશ્વર (ભાઠડિયા) મહાદેવનું સ્થાન અનેરું છે. ઊંચી ટેકરી પર આવેલા એ મંદિરના પ્રવેશદ્વારની કમાનમાંથી દેખાતું દૃશ્ય.



વગડાનાં ફૂલ · ચિત્રકાર: અનિલ રાયચૌધરી (ઑલ ઇંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટસ સોસાએટીના સૌજન્યથી)

કુમાર

માર્ચ ૧૯૫૧

અંક ૩૨૭

ચિત્રો

ઉત્કંઠેશ્વરનો ઓવારો — ફોટો · ચંદુભાઈ ભટ્ટ — પૂઠું
વગડાનાં ફૂલ — ચિત્રકાર · અનિલ રાયચૌધરી — ત્રિરંગી મુખચિત્ર
દુર્ગા (પ્રાચીન શિલ્પ) — ફોટો · આર. આર. ભારદ્વાજ — પાછલા પૂઠામાં

કાવ્યો

ખાટી રે આંબલીથી — રાજેન્દ્ર શાહ — ૭૧
ગઈ રે શિશિર શીત — પ્રજારામ — ૭૧
પ્રીતિનું દૂધ — પ્રિયકાન્ત મણિયાર — ૭૧
ખોબાનું જળ — રમણ જાની — ૭૧
~~સુસ્મે — જગદીશ ચોક્ષી — ૭૧~~

ચરિત્ર

સર રમણભાઈ નીલકંઠ — ડૉ. બિપિનચન્દ્ર ઝવેરી — ૭૩
બાંધ ગઠરિયાં [આપકથા-૧૫] — ચન્દ્રવદન ચીમનલાલ મહેતા — ૮૮

વાર્તા

ચાડી — સુમતિ ર. દલાલ — ૭૮

લેખો


કલાવિદ્યા [રવીન્દ્રનાથ ઠાકુર] — મણિલાલ અલગારી — ૭૨
મયૂરાસન [યોગાસનો-૧૨] — દામુભાઇ શુક્લ — ૭૪
યૂથ હોસ્ટેલ્સ — નગીન પારેખ — ૮૦
ફેફસાં [કાયાની કરામત-૬] — ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી — ૮૪
વરઘોડો — બકુલ ત્રિપાઠી — ૯૨
ટિકિટ સંગ્રહ [૧૮] — ૯૫

વિભાગો

મોટર સાઈકલ કેમ ચાલે છે? [ચિત્રબોધ] — ૭૦
પચ્ચીસ વર્ષ પહેલાં — ૯૪
માધુકરી [સ્વ. સી. આર. રેડ્ડી; આંખનું આરોગ્ય; ત્રાંબાનાણું] — ૯૮
શકરો [માસમાસનાં પંખી-૬૨] — ૯૮
આ માસ ઇતિહાસમાં [વ્યક્તિ વિશેષ : ઇબ્સન] — ૧૦૨
છેલ્લું પાનું — ૧૦૩

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન . કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના



કાર્બ્યુરેટરમાંથી આવતી હવા-મિશ્રિત પેટ્રોલની બાષ્પ.	ટ્રાન્સફર પોર્ટમાં થઈ તેની સીલિન્ડરના ઉપલા ભાગમાં પ્રવેશ.	તેને દબાણ આપતું પિસ્ટન.	સ્પાર્કિંગ પ્લગથી ચેતેલી બાષ્પનો પિસ્ટનને નીચેની તરફ ધકકો.	ટાંકીમાંથી પેટ્રોલ લાવતી નળી કાર્બ્યુરેટરની રચના	ગીઅર બૉક્સની રચના

મોટર-સાઇકલ કેમ ચાલે છે?

એમાં મુખ્ય સિદ્ધાંત એ છે કે ટાંકીમાંથી એક નળી દ્વારા પેટ્રોલ કાર્બ્યુરેટરમાં આવીને હવા સાથે ભળે છે. (એ કાર્બ્યુરેટરનું એક સ્વતંત્ર ચિત્ર નીચેની હારમાં આપ્યું છે.) ત્યાથી પછી તે સિલિન્ડરમાં ખેંચાઇને ત્યાં વીજળિક તણખાથી સળગી મોટા અવાજ થઈ એક જોરદાર ધક્કા સાથે ફાટે છે. એ ધક્કાના જોરે એ સિલિન્ડરમાં રહેલો પિસ્ટન ઊંચોનીચો થઈને મોટર-સાઈકલને ફેરવતાં ચક્રોમાં ગતિ આણે છે. નીચેની હારમાંનાં શરૂનાં ચાર ચિત્રોમાં આ ક્રિયા સમજાવી છે: (૧) ગાડી ચાલુ કરતી વખતે જ્યારે પિસ્ટન ઉપર ધકેલાય છે ત્યારે કાર્બ્યુરેટરમાં હવામિશ્રિત પેટ્રોલની બાષ્પ તેની નીચેના ગાળામાં પ્રવેશે છે; (૨) પછી પિસ્ટન નીચો ઊતરતાં, તેના દબાણથી બાષ્પ 'ટ્રાન્સફર પોર્ટ'માં થઈને સિલિન્ડરમાં પિસ્ટન ઉપરના ગાળામાં પ્રવેશે છે; (૩) દરમિયાન પિસ્ટન ફરી ઉપર આવી જતાં તે દબાણ પામે છે; (૪) અને બરાબર એ જ પળે મૅગ્નેટો દ્વારા 'સ્પાર્કિંગ પ્લગ'માં તણખો ઉત્પન્ન થઈ તે બાષ્પને ચેતવે છે, એટલે તે મોટા અવાજ સાથે ફાટે છે. બાષ્પના આમ જોરથી ફાટવાથી પિસ્ટન પર અત્યંત દબાણ આવીને તે પાછો નીચે ધકેલાય છે. આથી તેની સાથે જોડાએલા 'એન્જિન શાફ્ટ'માં ગતિ આવે છે અને તે ફરવા લાગે છે. હવે એન્જિન શાફ્ટ'ની જોડે ચેઈન(સાંકળ)થી એક મોટું ચક્ર અ જોડાએલું છે; તે શાફ્ટની સાથોસાથ ફરવા માંડે છે. એટલે તેની સાથે એક બીજું નાનું ચક્ર બ જોડાએલું છે તે પણ ફરવા માંડે છે. અને આ નાના ચક્ર બ સાથે જોડાએલી ચેઇન ગાડીના પાછલા પૈડાના 'કૉગ વ્હીલ' સાથે જોડાએલી હોય છે એટલે કૉગ વ્હીલમાં પણ ગતિ આવે છે. અને આથી પૈડું ફરતાં ગાડી ચાલે છે. હવે તો એન્જિન શાફ્ટ ચાલુ થઇ ગયો હોય છે એટલે તે દ્વારા જ ચાલીને મૅગ્નેટો તેને વીજળિક પ્રવાહ પૂરો પાડે છે. બળી ગએલી બાષ્પ સિલિન્ડર સાથે જોડેલા 'એક્ઝૉસ્ટ પાઈપ' દ્વારા બહાર ફેંકાઇ જાય છે. કાર્બ્યુરેટરમાંથી સિલિંડરમાં જતી આ પેટ્રોલ-બાષ્પનું પ્રમાણ વધતુંઓછું કરવા માટે 'હૅંડલ-બાર'માં એક થ્રૉટલ-લીવર ગોઠવેલું હોય છે. વળી સાઈકલની ગતિમાં પણ વધારો-ઘટાડો કરવા માટે એક ગીઅરની રચના કરવામાં આવી છે, જેનું સંચાલન પેટ્રોલની ટાંકી પાસે રહેલા ગીઅર-લીવર વડે થાય છે. એ ગીઅર-લીવરમાંથી નીકળતો એક તાર ગીઅર-બૉકસમાંનાં જુદાજુદા કદનાં કૉગ-વ્હીલને ફેરવે છે. એ ગીઅર બૉકસનું ચિત્ર નીચે જમણે ખૂણે આપ્યું છે. તેમાં બે ધરી ઉપર નાનાંમોટાં કૉગ-વ્હીલ હોય છે, જેને ગીઅર-લીવર ફેરવીને એકબીજા ઉપર સરકાવી શકાય છે. વળી હૅંડલ ઉપર એક 'ક્લચ-લીવર' હોય છે. તેનો સંબંધ પણ આ ગીઅર-બૉકસ સાથે હોય છે. એ ક્લચ-લીવરમાંથી નીકળતો તાર ગીઅર-બૉકસમાંના પેલા સતત ફરતા ચક્ર અ સાથે જોડાએલો હોય છે. ક્લચ દ્વારા એ તાર ખેંચાતાં જ ચક્ર અ ગીઅર-બૉકસની એક 'ડિસ્ક' (થાળી) સાથે ચોંટી જાય છે, એટલે એ થાળી ગીઅર-બૉકસમાંની શાફ્ટ તથા વ્હીલને ફેરવે છે. 'ક્લચ-લીવર' છોડી દેતાં જ ચક્ર અ ડિસ્કથી છૂટું પડી જઇને તેમનો સંપર્ક છૂટી જાય છે.

ખાટી રે આંબલીથી

ખાટી રે આંબલીથી કાયા મંજાણી,
એને તેજને કિનારે એણે આણી રે હે... જી હે... જી.

પાંપણની પાંદડીના ઓરા તે અંતરાયે
પેલી બાજુનું કૈં ન જોયું,
નિજની સંગાથ જેનું મન ઘેલું મોહ્યું,
રે પરની પ્રીત્યું ના એણે જાણી રે હે... જી હે... જી

પંડને પંપાળવામાં મોંઘેરાં ચીર કેરા
રંગ રે નિહાળ્યા ઓઘરાળા,
એને અંજાળવાને ઓછી રે તેજમાળા
ઓછાં છે જાહ્નવીનાં પાણી રે હે... જી હે... જી.

ખાટી રે આંબલીને ભીને તે સંગ, ઝાંખી
કાયાનો કાટ લીધો માંજી,
તેજને અંજન એવું રૂપ દીધું આંજી,
રે ઝળહળ દુનિયા ઝીલાણી રે હે... જી હે... જી.

રાજેન્દ્ર શાહ

જાતના મોહમાં જે પરની (પરગની) પ્રીતને અને અવર (અલખ)ના અદ્‌ભુત રંગને ઓળખવા નહોતા દેતા, એવા મોહ-માયા-મદના મેલને જેણે માંજી કાઢ્યા ને તેજની ઝળહળતી દુનિયાનું દર્શન કરાવ્યું એ તીવ્ર જ્ઞાન-અનુભવને ખાટી આંબલીની ઉપમા આપીને આ ભજનમાં અભિનવરીતે બિરદાવ્યો છે.

ગઈ રે શિશિર શીત

ગઈ રે શિશિર શીત!
ગઈ રે શિશિર શીત, વસંતની ત્રિલસી રહી જીત!
ગઈ રે શિશિર શીત!

ફરકે અગણ ધ્વજ એના આ
તરુએ તરુએ અરુણ;
ગાય એનો જયકાર મદીલા
કંઠથી કોકિલ તરુણ!
હવાને હૈયે રેલતું પ્રીતે વસંતનું સંગીત! —ગઈ રે૦

વનઉપવનમાં કુસુમે કુસુમે
ભમરાના ગુંજાર;
જન રંગીલાં શેરીએ રેલે
રંગ ઉમંગ અપાર!
આજ આનંદની છોળમાં મળે મિતને ઉર અમીત!
ગઈ રે શિશિર શીત!

પ્રજારામ

તરુએ તરુએ જેના અગણ અરુણ ધ્વજ ફરકી રહ્યા છે, મદીલા કંઠથી તરુણ કોકિલ જેનો જયકાર ગાય છે અને હવાના હૈયે જેનું સંગીત રેલી રહ્યું છે તે આ બેસતી વસંતનું આનંદની છોળથી ઊભરાતું ગાન: ઉચિત રીતે યોજાએલો એનો નવમાત્રાનો નાચતો લય પણ એ છોળમાં તાલ પુરાવે છે.

ખોબાનું જળ

પ્રેમે ખોબો જળ સરિતથી લેઇને ઘેર આવ્યો,
હૈયું મારું છલબલ હતું, પૂર્ણ ઉમંગઘેલો;
બુંદેબુંદે સલિલ ટપક્યું, તો ય ના ભાન; આવી
ગેહે જ્યારે નિરખું તવ તો અંજલિ સર્વ ખાલી!

આજે આવી પ્રણયરીતમાં જિંદગી મેં ય ન્યાળી.

રમણ જાની

પ્રીતિનું દૂધ

ના કોઇએ રે દુગ્ધ મારું પ્રીતિ કેરું મેળવ્યું,
ના કોઇએ અમૃત સમું એને વિષે દધિ ભેળવ્યું;
કલ્પનાઓ રહી ગઈ એનું થશે નવનીત, ને
આનંદતાં સૌ ગોપગોપી એનું ગાશે ગીત, રે.
—બગડી ગએલું એ હવે રે શેરી કેરી ચાટમાં ચાલ્યું જશે,
જ્યાં કમનસીબી ના અરે કુત્તા બધાં લબલબ કરીને ચાટશે.

પ્રિયકાન્ત મણિયાર

મોટી આશા આપતા બે નવા કવિઓનાં આ બે મુક્તકોમાં પ્રીતિને બે તદ્દન નવી જ ને ચોટદાર રૂપગાઓ આપીને હૃદયનું દર્દ વ્યક્ત કર્યું છે

કલા.વિ.દ્યા.

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના લેખ પરથી

મણિલાલ અલગારી

આજે સર્વત્ર મનુષ્યના મનની સાથે, તેણે તૈયાર કરેલા યંત્રની ભયંકર લડાઈ શરૂ થઈ ગઈ છે. મનુષ્યની વપરાશની વસ્તુઓ પર તેના મનની છાપ ક્યાંય હવે જોવા મળે તેમ નથી, બધે યે યંત્રની જ છાપ લાગેલી છે. યંત્રની પેદાશમાં ક્યાંયે રૂપભેદ નથી. સુલભતા અને સગવડના લોભથી મનુષ્યે એનો સ્વીકાર કરી લીધો છે. એ પ્રલોભનમાં મનુષ્ય પોતાના મનના કર્તૃત્વની, પોતાની સર્જનશક્તિની અવગણના કરે છે. પરાશ્રિત જીવ જેમ સ્વાધીન ઉદ્યમશક્તિ ગુમાવે છે તેમ યંત્રાશ્રિત મનુષ્ય મનની રુચિસ્વતંત્રતા ગુમાવે છે. મનુષ્યની હમેશના ઉપયોગની સાધનસામગ્રીમાં તેના સૌંદર્યબોધને પ્રકટ કરવાનો સ્વાભાવિક ઉદ્યમ આજે નિર્જીવ થતો જાય છે.

રુચિસ્વાતંત્ર્યની નાશક યુરોપી સંસ્કૃતિની આ મરુહવાએ ભારતના બધી જ કળાઓનો લગભગ નાશ કરી નાખ્યો છે. અનેક યુગના અભ્યાસથી કળાકારોનું જે કૌશલ ઊંચી કક્ષાએ પહોંચ્યું હોય છે તે એકવાર નાશ પામતાં પછી ફરમાયશથી કે પૈસા આપીને પાછું મેળવવાનો સંભવ નથી. મનુષ્યની એ દુર્લભ સામગ્રી આપણે લગભગ ગુમાવી બેઠા છીએ. રોજિંદા વપરાશની ચીજોના ક્ષેત્રમાં યંત્રની પાસે મનુષ્યની રુચિનો પરાભવ આજે આખા જગતમાં થઈ રહ્યો છે, એટલે તેમાંથી ભારત બચી જાય એવી આશા હું રાખતો નથી. આજે દુકાને દુકાને થતું વાણિજ્યલક્ષ્મીને હાથે સૌન્દર્યલક્ષ્મીનું અપમાન અને યંત્રને હાથે કળાનું અપમાન આ વર્તમાન યુગને નસીબે લખેલું જ છે.

મનુષ્ય પોતાની અંતરતમ ઈચ્છાને, પ્રેમને કેવળ પોતાના ઉપયોગની વસ્તુએમાં જ વ્યક્ત કરે છે એમ નથી. તેનું સંગીત અને ચિત્રકળા પણ આ પ્રગટીકરણ કરવાના મુખ્ય વાહન છે. એ કળાઓ વડે જ દેશ પોતાના અંતરના આવેગને બહાર રૂપ આપે છે અને તેને ચિરંતન બનાવી ઉત્તરકાળના હાથમાં સમર્પણ કરી જાય છે.

માણસની બુદ્ધિવૃત્તિ એક એવી વસ્તુ છે કે વિવિધ જાતિવિશેષે તેમાં કદાચ તારતમ્ય હશે છે પણ પ્રકારભેદ નથી. તર્કના નિયમો સર્વ દેશમાં સમાન જ છે. એટલે યુરોપ જે બુદ્ધિવૃત્તિમૂલક (બૌદ્ધિક) કેળવણી જગતને આપે છે તે બધે એક જ હોવાની.

પણ મનુષ્ય પોતાને પ્રગટ તો કરે છે હૃદયવૃત્તિદ્વારા, અને એમાં દરેકના વ્યક્તિત્વના વિશિષ્ટતા, વૈચિત્ર્ય રહેવાનાં જ. એ જ ખરું તત્ત્વ છે, અને એ રહે તેમાં જ શ્રેય છે. એનો નાશ કરવો એ આત્મહત્યા છે.

આ હૃદયવૃત્તિનું પ્રકટીકરણ કલાવિદ્યાની સહાયથી થાય છે. સંસ્કારી-અસંસ્કારી બધા જ દેશોમાં એવી સર્વ કલાવિદ્યા ઉપર દેશના લોકોનો ખૂબ ભાવ (મમતા) હોય છે. માત્ર એક આપણે ત્યાં કેળવણીની વ્યવસ્થામાં જ એ કલાવિદ્યાને કંઈ સ્થાન નથી. અરે, એને કેળવણીમાં સ્થાન મળવાની ખાસ જરૂર છે તેવી સમજ પણ આપણા શિક્ષિત સમાજના મનમાંથી લોપ પામી ગઈ છે.

એનું મુખ્ય કારણ છે કે આપણા દેશની વિદ્યા અભાવની અનુચરી છે. અંગ્રેજી શીખવાથી ચાકરી મળશે કે રાજસન્માનની તક સાંપડશે એવો દરિદ્રોનો મનોરથ આપણા દેશની વિદ્યાનું સંચાલન કરે છે.

પણ અંગ્રેજો તો ભાષા, ભૂગોળ, ઇતિહાસ, ગણિત, વિજ્ઞાન વગેરે સાથે સંગીત, ચિત્રકલા અને બીજી કળાઓ પણ શીખે છે. આ બધી લલિત કળાની કેળવણી દ્વારા તેમનું પૌરુષ હણાય છે એવું પુરવાર થયું નથી. જર્મનજાતિ સંગીતનિપુણ છે એટલે કંઈ હથિયાર ચલાવવામાં આળસુ કે વિજ્ઞાનના અભ્યાસમાં પાછળ છે એમ કોણ કહી શકે એમ છે? વસ્તુત: દિલનો આનંદ જીવનશક્તિની પ્રબળતાનું જ પ્રકટીકરણ કે પ્રકાશ છે.

આપણા દેશની કેળવણીમાં દરિદ્રતાનું આ લક્ષણ અને પરિણામ ખુદ અમારા શાંતિનિકેતનનાં બાળકોમાં પણ જોવા મળે છે. અહીં સંગીત અને ચિત્રકળા શીખવાની સારી વ્યવસ્થા છે; ઘણા છોકરાઓમાં ગાવાની તથા ચીતરવાની સ્વાભાવિક શક્તિ યે હોય છે; અને જ્યાં સુધી તેઓ નીચેના વર્ગમાં ભણે છે ત્યાં સુધી તેમને ગાવા ચીતરવાનું શીખવવાનું મુશ્કેલ પણ પડતું નથી—એમાં તેઓ આનંદ જ અનુભવે છે. પણ જેવા એ લોકો ઉપરના વર્ગમાં જાય છે એવા જ તે આપણા દેશની કેળવણીનું 'ધ્યેય' સમજવા માંડે છે, અને કેળવણીની અંતર્નિહીત દીનતા તેમના ઉપર આક્રમણ કરે છે.

આપણા ભદ્ર સમાજના લોકો બાળપણથી જ કળાના સંસર્ગથી દૂર રહે છે. એથી દેશને કેટલું મોટું નુકસાન થાય છે તે સમજવા કે અનુભવવાની શક્તિ સુધ્ધાં તેઓ આજે તો ગુમાવી બેઠા છે. હમણાં હમણાં વળી કેટલાક દિવસથી યુરોપની ચિત્રકળાની નકલ છોડી દઈ આપણા દેશનો એક ચિત્રકારવર્ગ ભારતીય ચિત્રકળાનું અનુસરણ કરવા તૈયાર થયો છે ખરો.

હવે સંગીતની દુર્દશાનો વિચાર કરીએ. 'બૅન્ડ' ને 'કૉન્સર્ટ'ને નામે જે કર્કશ કાંસ્યઝંકારના અત્યાચારને આપણે શેરીએશેરીએ 'સંગીત' તરીકે સ્વીકારી લીધો છે એના જેવી બીજી એકેય જંગલિયાત નથી. તેમાં ભારતીય સંગીતનો પ્રાણ તો નથી જ, પરંતુ આપણે જો તેને યુરોપીય સંગીતની નકલ માનતા હોઈએ તો તે પણ અત્યંત ગેરવાજબી છે. વિવાહ કે વરઘોડામાં બૅન્ડની સાથે શરણાઈને ભટકાડી દઈ સંગીતનો ભવાડો કરવાને આપણે ઉત્સવનું અંગ ગણીએ છીએ, એ જો આપણને સંગીત માટે જરા પણ લાગણી હોય તો કોઈ રીતે સંભવે ખરું?

આજકાલ આપણે હમેશાં દેશના ઉદ્બોધનની વાત કરતા ફરીએ છીએ. માનીએ છીએ કે ઉદ્બોધન કેવળ રાજકારણી બાબતોમાં જ છે,—કેવળ અભાવ માટેના રુદનમાં ને દરિદ્રની પ્રાર્થનામાં. પણ એ વાણી એ લોહીગત ભિક્ષુકતાથી આપણે એ વાત ભૂલી ગયા છીએ કે જ્યાં દેશની પોતાની સંપદ પડી છે ત્યાં જ દેશનું ગૌરવ પણ છુપાએલું પડ્યું છે. તે સંપદ જેટલી બહાર આવશે તેટલું આપણું ગૌરવ જાગ્રત થશે. આપણા ઉદ્બોધન-ઉત્સવ વિલાયતી વાદ્યે કે કાનના પડદા તોડી નાખે તેવા દેશી સંગીતના કુરૂપ વ્યવહારથી સંપન્ન ન થાય. અને આપણા દેશના લક્ષ્મીના આ નૂતન આહ્વાનને સમગ્ર મંદિરના દ્વારે જે રંગોળી આંકવાની છે તેની ડિઝાઈન શું વિલાયતથી લાવવાની જરૂર પડશે?

સર રમણભાઈ નીલકંઠ

ગાંધીજીએ મહાદેવભાઈને કહેલું કે

ગુજરાતમાં વિદ્વાનો છે, નીડર યોદ્ધાઓ છે, પ્રખર રાજકારણીઓ છે, પણ ગુજરાતના એકમાત્ર સર્જન તો રમણભાઈ જ.

નિરભિમાન અને કર્તવ્યશીલતા, સેવાભાવ અને નિસ્પૃહતા, પ્રામાણિકતા અને ઉદારતા, ન્યાયવૃત્તિ અને વિનમ્રતા સૌમ્યતા ને ઋજુતા વગેરે એમના ગુણો એમના સૌજન્યનાં જ જુદાંજુદાં પાસાં હતાં.

લેખક: પ્રો. ડૉ. બિપિનચન્દ્ર જીવણચંદ ઝવેરી એમ. એ., પીએચ.ડી.



આજથી ત્રણ ચાર દાયકા પહેલાંની વાત છે. અમદાવાદ શહેરમાં હંમેશાં એક વિક્ટોરિયા ફર્યા કરે છે. એમાં એક સુકલકડી મધ્યમ ઊંચાઈની વ્યક્તિ ઊંધું ઘાલી, કાગળ આંખ પાસે લાવી, કાંઈ વાંચ્યા કે લખ્યા કરતી હોય છે. પગ આગળ પડેલી કાળી નાની પેટીમાંથી એક પછી એક તુમાર એ કઢાવે છે, અને તેના પર શેરો કરી કે સહી કરી પાછો મૂકતી જાય છે. માથા પરની વિચિત્ર ટાગોર કૅપ(ઊર્ફે બંગાળી ટોપી—મોરશિયો)માંથી થોડા વાળ બહાર નીકળી આવેલા છે. એની સાથેહરીફાઈમાં ઊતરતા હોય તેમ ડગલાની બાંયમાંથી ખમીસના કફ ડોકિયાં કરી રહ્યા છે. ડગલો જરા ઢીલો છે, ને હાથ પર જેવા શાહીના ડાઘ છે એવા જ ડગલા પર પડેલા છે. ડગલાનાં બધાં ખીસાં ફાવે તેમ ભરવામાં આવેલાં કાગળિયાંથી ફૂલેલાં છે, ને વખત-બે વખત ઝડપી હાથે એમાં કાંઈ ને કાંઈ ઉમેરાતું રહે છે.

ગાડી શહેરની સુધરાઈના વંડામાં દાખલ થાય છે ને ઘડિયાળમાં પાંચના ટકોરા સંભળાય છે. સલામો ઝીલતી ઝીલતી આ વ્યક્તિ અને સિપાઈએ ઊંચકેલી એની કાળી પેટી ઝડપી પગલે પગથિયાં ચડે છે. અને એક મોટા ઓરડામાં દાખલ થાય છે.

ટેબલના આસપાસ પ્રતિષ્ઠિત શહેરીઓ બેઠેલા છે, ને વચ્ચેની ખુરસી ખાલી છે. વ્યક્તિ એ ખુરસી પર ગોઠવાય છે. બેસતાંવાર જ ખીસામાંથી પત્રો કાઢી, ડાયરીમાંથી કાઢેલાં પોસ્ટકાર્ડો પર જવાબો લખવા માંડે છે. જવાબ લખી રહીને આવેલા કાગળોનાં પરબીડિયાં પર 'રિપ્લાઈડ' સૂચક 'R' લખી તારીખ નાખે છે. સભાનું કામ શરૂ થાય છે, પણ પ્રમુખ મહાશયની આ લખાપટ્ટી ચાલુ રહે છે.

કોઈ મિલને અંગેનો પ્રશ્ન છે. મિલ ઓનર્સ અસોસીએશનના પ્રતિનિધિ ઊભા થઈ બોલવા માંડે છે. વચ્ચેવચ્ચે કોઈકવાર પૉઈન્ટ ઑવ ઑર્ડર પુછાય છે અને પ્રમુખ તેના જવાબ પણ આપતા જાય છે એક સવાલનો ચુકાદો પોતાની વિરુદ્ધ મળતાં વક્તા કહે છે: 'પ્રમુખસાહેબ પોતાના કામમાં મારી વાત સાંભળતા નથી, અને બીજાની વાત ધ્યાનમાં લઈ મને અટકાવે છે.'

ડોકું ઊંચું કરી પ્રમુખ પૂછે છે, 'તમારી શી વાત મેં ન સાંભળી? કહો તો તમારા ભાષણનો અક્ષરે અક્ષર કહી સંભળાવું.'

પેલા જુવાન વક્તા કહે છે, 'મને પ્રમુખ સાહેબ તરફ બહુ માન છે, પણ મારે હજુ ઘણું કહેવાનું છે.'

પ્રમુખ: 'મિ. પટેલ, વખત થઈ ગયો છે, માટે બેસી જાઓ.'

વક્તા: 'પ્રમુખ તરફ બહુમાનથી કહું છું કે....'

પ્રમુખ: 'ગોરધનભાઈ, તમે તો બહુમાનપૂર્વક મને તમારી પગચંપી કરવા કહેશો; પણ હું એને બહુમાન કઈ રીતે ગણું?'

આ જરા ગ્રામ્ય પણ સચોટ કટાક્ષથી બધે હસાહસ ફેલાય છે, અને વક્તા બહુમાનપૂર્વક બેસી જાય છે.

સભાનું કામકાજ આગળ ચાલે છે. કૉંગ્રેસ અને વિરુદ્ધ બન્ને પક્ષના કોઈક બાહોશ વકીલ સભ્યો વચ્ચે વચ્ચે 'પૉઈન્ટ ઑવ ઑર્ડર' પૂછે છે. અને પ્રમુખ લખતાંલખતાં જ એમને સંતોષકારક જવાબ આપી દે છે. પુછાએલા પ્રશ્નો બહુ બારીક અને ગૂંચવે એવા લાગે છે, છતાં પ્રમુખે આપેલો ચુકાદો સહુકોઈ આદરપૂર્વક સ્વીકારી લે છે. કેટલાક સભ્યોને એમાંના કોઈક ચુકાદા ખોટા લાગે છે ખરા, પણ એમની સાફ દાનત વિષે તો કોઈ શંકા નથી જ ઉઠાવતું. આમ આ પ્રમુખ મહાશય કાર્યરત તેટલા જ પ્રામાણિક, નિષ્પક્ષપાતી અને સર્વસન્માનિત લાગે છે.

સાડા આઠ વાગ્યે સભા પૂરી થાય છે. સભ્યો જવા માંડે છે. થોડી વાર પછી ઓરડામાં પ્રમુખ મહાશય અને સ્કૂલ્સ કમિટીના મંત્રી એ જ બાકી રહે છે. મંત્રી કહે છે, 'સાહેબ, મ્યુનિસિપાલિટીની શાળામાં અંગ્રેજી ન શીખવવું જોઈએ એવો અભિપ્રાય મેં ગાઃરયો હતો એ આજના દફતરમાં દેખાયો નહિ.' પ્રમુખ કહે છે, 'તમારી એ નોંધ મેં વાંચી હતી હું પણ એ અભિપ્રાય સાથે સહમત છું. પણ અત્યારના સંજોગોમાં કમિટીના કેટલાક સભ્યો તમારી પ્રામાણિક નોંધનો ઊંધો અર્થ કરશે એમ લાગતાં મેં તમારી નોંધ કાગળોમાંથી કાઢી લીધી હતી.' હાથ નીચેના માણસોના હિત માટેની પ્રમુખની આ કાળજી જોઈ મંત્રી મોંમાં આંગળાં ઘાલી વિદાય થાય છે.

નવેક વાગ્યે ગાડી ભદ્રની બહાર આવેલા એક બંગલામાં જાય છે પાળેલાં નહિ છતાં પાળેલાં જેવાં થઈ ગએલાં વંડામાં ફરતાં બે

ત્રણ કૂતરાં આવી પગથિયાં ચડતી એ વ્યક્તિની આસપાસ કૂદવા માંડે છે. ઘડીભર આ વ્યવસાયી મહાશય 'કેટલાંક માબાપો પોતાનાં બાળકોને પણ ન લડાવે એવાં લાડ' એમને લડાવે છે. પછી ઘરમાં દાખલ થઈ, કપડાં ઉતારી, પોતાની વાટ જોઇ બેઠેલાં બાળકો અને પત્ની સાથે જમવા બેસે છે. ભોજન પત્યા પછી એ લોકો એને વીંટળાઈ વળે છે. એ બે પાંચ મિનિટ એમની જોડે સ્નેહભાવે વાતચિત કરે છે, અને પછી આવેલાં સામયિકો એકાગ્ર નજરે ઉથલાવવા માંડે છે. 'ટાઈમ્સ' પર તો એને ભારે પ્રેમ લાગે છે. ખૂબ સંકુચિત ગણાતું એ વખતનું 'ટાઇમ્સ' એને બિલકુલ સંકુચિત લાગતું નથી.

આમ વર્તમાનપત્રો જોવામાં થોડો વખત ગયો હશે ત્યાં એની આઠનવ વર્ષની એક છોકરી છાતી પર હાથ દબાવતી 'મને કંઈ થાય છે, મને કંઈ થાય છે' એમ બોલતી રડવા માંડે છે. પહેલાં તો પિતા સચિંત થાય છે; પણ પછી, એ તો માત્ર તંતુમાંદ્ય છે એમ જોઈ કહે છે, 'એ એં શું કરે છે ? જો, સાંભળ; એક હતો હજામ. એક વાર એક રાજા એના પર બહુ ખુશ થઈ ગયો. એણે હજામને કહ્યું, 'તું મારા મહેલ પર આવજે; હું તને કંઇક આપીશ.' બીજે દિવસે હજામ રાજા પાસે ગયો. રાજાએ એને જાતજાતની વસ્તુઓ આપવા માંડી, પણ હજામે તે લીધી નહિ. એ કહે, તમે તો મને 'કઁાક' આપવા કહ્યું'તું તે મને 'કઁાક' આપો.' રાજાને થયું કે હજામભાઇને હું સોનાચાંદી આપું છું, વાડીવજીફા આપું છું, ગામગરાસ આપું છું, પણ એના લોભને થોભ નથી. આથી કાંઇક વધુ પડાવવા ભાઇસાહેબ આ ઢોંગ કરે છે. રાજાએ એક યુક્તિ કરી. તેણે એક લીંબુની આજુબાજુ પોતાની ચોટલી લપેટી, અને હજામને કહ્યું, 'પહેલાં મારા વાળ કાપ.' હજામે વાળ કાપવા મુકુટ ઉતાર્યો કે તરત જ લીંબુ ગબડી પડચું. હજામ બોલી ઊઠ્યો, 'આ કઁાક પડ્યું સે તમારા મઁાથામઁાથી!' રાજાએ તરત જ કહ્યું, 'તારે 'કઁાક' જોઇતું હતું ને? એ કઁાક પડ્યું છે તે લઇ લે.'....છોકરી તરફ જોઇને તે ઉમેરે છે: 'આવું જ તારું 'કંઈક' પણ છે.' બધાં બાળકો અને પેલી તંતુમંદ છોકરી હસી પડે છે.

પણ છોકરીનો છાતીનો મુંઝારો મટચો નહોતો. એને શાંતિ આપવા એ અડવાનાં પરાક્રમોની એક વાત છટાથી કહી સંભળાવે છે.

ભોજન પૂરું થયાને કલાક થઈ ગયો છે. એ મહાશય પોતાના લખવાના ઓરડામાં જાય છે અને બ્રીફો, મ્યુનિસિપલ તુમારો, પત્રવ્યવહાર ને પ્રૂફોમાં દટાઈ જાય છે. વચ્ચે એમનાં પ્રેમાળ ધર્મપત્ની 'હવે તો ઊઠો, ક્યાં સુધી બેસી રહેશો ?' એમ કહી જાય છે, પણ વ્યર્થ! એક વાગ્યે એ 'દૂબળીપાતળી કાયા' ઊંઘવા ઊઠે છે.

સવારે સાત વાગે એ પથારીમાંથી ઊઠે છે, ને ઝપાટાબંધ નિત્યકર્મ પતાવવા માંડે છે. ધીરેધીરે બહાર અસીલો અને જુદીજુદી સંસ્થાઓના ગુમાસ્તા કે કાર્યવાહકો ભરાવા માંડે છે. પ્રાતઃકર્મ પતાવી વકીલસાહેબ બહાર આવે છે ને 'સંસ્થાઓનો હક પહેલો છે' એમ ગણી સહુથી પહેલાં એમનાં કામ પતાવે છે. તે પછી એકાદ આગંતુકને —તેમની આપવીતી સાચી લાગતાં—બીજાઓ ન જાણે ને એને પોતાને સંકોચ ન થાય એવી રીતે મદદ માટે પૈસા આપે છે. આ પછી લાગવગ લગાડવા આવેલા કેટલાક મફતિયા ગૃહસ્થોનો વારો આવે છે. એમાંનો એક એમને કહે છે, '....ના ન્યાયાધીશ સમક્ષ મારો મુકદ્દમો ચાલે છે. આપને અને એમને સારો સંબંધ છે. તો એમના ઉપર મને ચિઠ્ઠી ન લખી આપો ?'

વકીલસાહેબ કહે છે, 'ન્યાયના કામમાં ચિઠ્ઠી લખવી એ ગુનો છે. મારાથી એવી ચિઠ્ઠી કેમ અપાય ?'

થોડી વાર આગ્રહ કર્યા પછી આગંતુક કહે છે, 'આપ બે જ અક્ષર લખશો તો ચાલશે. માત્ર એટલું લખજો કે 'આ ચિઠ્ઠી લાવનાર મારા ઓળખીતા છે તો ઈન્સાફ કરવા મહેરબાની કરશો.'


વકીલ તરત જ પ્રત્યુત્તર વાળે છે, 'એનો અર્થ એ નહિ કે આપ

શરીર મન અને જ્ઞાનતંતુઓ ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખનારી

યોગાસનોની વ્યાયામપદ્ધતિ

૧૨ · મયૂરાસન

હરસુભાઈ શુક્લ



આ આસન કર્યા પછી શરીરનો દેખાવ મોરના જેવો થાય છે, માટે તે મયૂરાસન કહેવાય છે.

આ આસન ખૂબ મુશ્કેલ છે. એમાં અદ્ધર થતાં કોઇ પણ બાજુએ ગબડી પડવાનો સંભવ છે. જોરથી પછડાટ થાય તો હાડકાં કે સ્નાયુને ઈજા પણ થઇ જાય છે. માટે ખૂબ ધીરજથી આ આસનમાં પ્રગતિ કરવી. બને તો કોઇ મિત્રને પાસે રાખવો, અને આપણે ગબડી ન પડીએ તે અથવા આપણું નાક જમીન સાથે ટોચાઈ ન જાય તે જોવાનું કામ તેને સોંપવું.

પાથરણા પર બેસો. હવે બંને પગને ઢીંચણમાંથી વાળીને, તેની એડી પર ઉભડક બેસો. ત્યાર પછી બંને હાથના પંજા જમીન પર ગોઠવો, અને બંને કોણીને એકબીજાની પાસે રાખીને દૂંટીની આજુબાજુ ગોઠવો. પછી, એ કોણી ઉપર તોળાઈ રહે તે રીતે, હાથના જોર પર આખા શરીરને ઊંચકો. એમ કરવા માટે પહેલાં તો પગને જમીન પર લાંબા કરો. પછી પગને જમીનથી ધીમે રહીને અદ્ધર કરો. પણ તે જ વખતે આગળનો ભાગ જમીન ઉપર ટીચાઈ ન જાય એ ખાસ જુઓ. આ પ્રમાણે શરીરને ફક્ત અદ્ધર કરવાની જ ક્રિયા થોડા દિવસ ધીરજથી કરો. એ ફાવી જાય, એટલે પછી આખા શરીરને જમીનને સમાંતર રાખો, અને માથું સહજ ઊંચું કરીને દાઢીને આગળ કાઢો. આ પ્રમાણે ફાવતાં આસન આવડી જશે.

શરીર ઊંચકતી વખતે શરૂઆતમાં શ્વાસને રોકવો. પછી જેમજેમ મહાવરો પડતો જશે તેમતેમ, આસન કરો ત્યારે પણ શ્વાસોચ્છ્વાસની ક્રિયા સામાન્યરીતે કરી શકાશે.

આ આસનથી ગોળો મટે છે. વળી, આનાથી પાચનશક્તિ ખૂબ વધે છે અને ભૂખ કકડીને લાગે છે. પણ અહીં એક ભયસ્થાન તરફ હું ધ્યાન દોરું છું. આ આસનથી વિષ પણ પચી જાય, અથવા ગમે તેટલું ઘી ખાધું હોય તો યે પચી જાય છે એવી પ્રચલિત વાતો સાંભળીને, કોઈએ ખૂબ ખાઇને પછી આ આસનથી તેને પચાવવાનો પ્રયત્ન ન કરવો. એમ કરવાથી તો ઉલટું નુકસાન થવાનો સંભવ છે.



રમણભાઈ: ૧૮૮૦માં



૧૮૮૭માં તરુણ વયે



૧૮૯૫માં પુખ્ત ઉમરે

સાહેબ હમેશાં અન્યાય કરો છો, પણ આ મુકદ્દમામાં ઈન્સાફ કરજો.'

ચિઠ્ઠી લખાવવા આવનાર છાશિયું કરીને ચાલ્યો જાય છે.

વકીલ સાહેબ અસીલોને પતાવે છે ત્યાં બહારથી મ્યુનિસિપાલિટીનો એક ગુમાસ્તો 'સાહેબ, ફલાણાએ મને મારી નાખ્યો રે!' કરતો આવી એમના પગમાં ઢળી પડે છે. વકીલ સાહેબ તરત જ પારખી જાય છે કે આ લબાડ માણસ માત્ર દયા ઉપજાવવા આ ખેલ કરે છે. એ તરત જ કહે છે, 'લાગો છો તો જીવતા!'

જમીને વકીલ સાહેબ દીવાનખાનામાં જાય છે. થોડી વારે તેમનો ગાડીવાળો આવી કહે છે, 'સાહેબ, આજે મારી ન્યાતમાં મૈયત થઇ છે એટલે મને જવાની રજા આપો.' વકીલ ક્ષણભર એની સામે જોઇ રહે છે. એમને યાદ આવે છે કે પખવાડિયે પખવાડિયે રવિવારે જ એની ન્યાતમાં મૈયત થાય છે. એ જવાબ આપે છે, 'મને લાગે છે કે આ તો તારી ન્યાતનો છેલ્લો જ માણસ હશે!'

આજે વકીલમંડળની વાર્ષિક ઉજાણી છે. રવિવારે મોજ કરવાની વૃત્તિવાળા ઘોડાવાળાને એની ન્યાતના છેલ્લા માણસને સ્મશાને પહોંચાડવા જવા દીધો હોવાથી વકીલ સાહેબ ચાલતા જ ત્યાં જાય છે. નગરનો આવો નામીચો વકીલ ચાલતો જાય! એ પરોપકારી એટલો જ અભિમાનના,—પોતે કંઇક છે એવા–ઘમંડ વિનાનો છે. જુઓને, આ ભદ્રના કિલ્લા પાસે લોકોનું ટોળું જામ્યું છે. ત્યાં એ જાય છે, ભીડમાં ડોકિયું કરી ટોળાની વચ્ચે જુએ છે, ને અંદરનો તમાશો કે સાઠમારી કે પક્ષોની તકરાર–જે હોય તે–બહુ રસથી નિરખી રહે છે. ટોળું વિખરાય છે ત્યારે એ પણ પરિતૃપ્ત થઇ બાર-રૂમ તરફ જાય છે. રસ્તામાં એક શરબતના રેંકડાવાળો દેખાય છે. એ એને ઊભો રાખે છે અને કોઈ જાતના સંકોચ વિના નિરાંતે ઊભા ઊભા શરબત પીએ છે. બાજુમાંથી એક વકીલ નીકળે છે. એને કહે છે, 'ઊભા રહો બાબુરાવ, શરબત પીતા જાઓ.' બાબુરાવ આ પ્રતિષ્ઠિત નગરજનની નિખાલસ સાદાઈ જોઇ મોંમાં આંગળાં ઘાલે છે. વકીલમંડળમાં ઉજાણી અંગે ખાવાનાની ઠીકઠીક સામગ્રી તૈયાર છે. હજી તો દોઢેક કલાક પર જરા વધારે ખવાઇ ગયું હોવાથી હીંગાષ્ટક ફાકી, પાચક ચૂર્ણ અને સોડાવૉટર—એ પચાવવામાં મદદ રૂપ થાય છે એવી માન્યતા હોવાથી—લેવાં પડયાં હતાં. શરબતના ઓડકાર પણ હજી શમ્યા નથી. પણ આવી સામગ્રી કાંઈ જતી કરાય? એટલે હાથ ઝડપથી ફરવા માંડે છે. હાથ આ ડિશમાં જાય છે, પેલાં ફળો પર પડે છે, વચ્ચે પીણાં પણ પેટમાં ઠલવાતાં જાય છે. કોઈક વાર સેવમમરાના દાણા કે ચાનાં ટીપાં કપડાં ઉપર પણ પડે છે. આજુબાજુના વકીલોને લાગે છે કે 'આમનું શક્તિશાળી મગજ હમેશની જેમ અનેક બાબતોના વિચારો એકસાથે કરતું હશે એટલે ખાવા તરફ, ખાધેલી વસ્તુઓનો સ્વાદ લેવા તરફ, ખાતી વખતે સુઘડતા જાળવવા તરફ ધ્યાન રહેતું લાગતું નથી.' પણ એમને ક્યાં ખબર



રમણભાઇ તથા વિદ્યાબહેન : લગ્ન સમયે ઇ. ૧૮૮૯માં

છે કે અનેક અવસ્થાનોમાં રેંકાએલું એ નાનકડું મગજ સાથેસાથે ખાધેલી દરેક વસ્તુના આસ્વાદ પણ લેતું જાય છે!

વકીલ-મંડળના આ ફકાગીમાં જૂના વકીલોની વાતો નીકળે છે, જૂના ન્યાયાધીશોની વાતો પણ નીકળે છે. આપણા વકીલ પણ વાતમાં દાખલ થઈ જાય છે: 'એક વાર ફિલૉપ્ટ્સ કે એવા કોઈક ન્યાયાધીશે કોર્ટમાં કહેલું, 'સબ "દાર" બદમાશ હૈં—શિરસ્તેદાર, અરજદાર, ચોપદાર...' તરત જ એક જૂના વકીલે ઊભા થઈ ન્યાયાધીશને નમન કરી કહ્યું, 'સચ હૈં નામદાર.'

એક વકીલ ઊભા થઈ કહે છે, 'ઘણા વખતથી આપણે આપણા આ માનનીય સાથીને મોંએ એમની લાક્ષણિક લાંબી વાર્તા સાંભળી નથી. આજે તો તેઓ એવી એક વાત કહેશે જ એવી હું તમારા બધા વતી એમને વિનતિ કરું છું.' અને આપણા વકીલ સાહેબ એની જૂની ઢબની લાંબી વાર્તા એવી તો છટાથી કહી સંભળાવે છે કે બધા વકીલો વાર્તારસમાં તરબોળ થઇ જાય છે.

હાસ્ય ને આનંદના વાતાવરણમાં વકીલો વિખરાય છે. બારરૂમની ઘડિયાળમાં પાંચના ટકોરા થાય છે.

આ છે આજથી એક પેઢી પરના અમદાવાદના સમાજજીવન ને ગુજરાતના સાક્ષરજીવનની એક મહત્ત્વની વ્યક્તિના એક દિવસનો લાક્ષણિક કાર્યક્રમ. વ્યક્તિને ઓળખી? એ બીજું કોઈ નહિ પણ સ્વ. સર રમણભાઈ નીલકંઠ.

૧૮૬૮ની તેરમી માર્ચે અમદાવાદની ટ્રેનિંગ કૉલેજના જાણીતા કેળવણીકાર રાવસાહેબ મહીપતરામ રૂપરામ નીલકંઠને ત્યાં તેમનો જન્મ થયો. કટ્ટર દેશપ્રેમ, તેમાંથી જન્મેલી સુધારક વૃત્તિ, સ્ત્રી-સન્માનની ભાવના ને સિદ્ધાંત માટે લડી નાખવાનું ખમીર એમને પિતા તરફથી વારસામાં જ મળ્યાં હતાં.

બાળક રમણભાઈની સ્મરણશક્તિ ને અવલોકનશક્તિ ઘણી તીવ્ર હતી. નાનપણથી જ એમને દરેક વસ્તુ જાણવાનો ખૂબ શોખ હતો. ચાર વર્ષની કુમળી વયે એમણે પ્રાથમિક અભ્યાસ શરૂ કર્યો ને ૧૮૮૩ના અંતમાં અમદાવાદ કેન્દ્રમાં પહેલા આવી મૅટ્રિકમાં પાસ થયા. ૧૮૮૪ની શરૂઆતમાં ગુજરાત કૉલેજમાં દાખલ થયા ને પ્રીવિયસ ક્લાસમાં તેઓ આખી યુનિવર્સિટીમાં પહેલા આવ્યા.

એ જ વર્ષમાં રમણભાઈના વચલા ભાઇનાં લગ્ન લેવાયાં એટલે મહીપતરામે સાથેસાથે નાના પુત્ર રમણનાં લગ્ન પણ કરી નાંખ્યાં. ડાક્ટર સુમન્ત મહેતાની પિત્રાઇ બહેન—તેર વર્ષની હસવદન સાથેનું રમણભાઇનું એ લગ્ન ચાર વર્ષ ટક્યું ને એકંદરે ખૂબ સુખી નીવડ્યું. હસવદનના મરણ વખતે રમણભાઈએ લખેલી 'તું મઇ' એ સુંદર ને મુગ્ધ કવિતા એમના એ સુખી જીવનનું મધુરું પ્રતિબિંબ છે.

એ વખતના ઘણા વિદ્યાર્થીઓ આખા ઇલાકામાં પંકાયેલા વર્ડ્સ્વર્થના શિષ્ય બનવાના લોભે મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં જોડાતા. પ્રીવિયસ થયા પછી રમણભાઈએ પણ એમ જ કર્યું.

મુંબઈ આવ્યા પછી રમણભાઇનો અભ્યાસ અમદાવાદ જેટલો જ્વલંત ન રહ્યો; પણ બદલામાં એમને અમદાવાદ કરતાં બહોળી ને નવી દુનિયા જોવા મળી; વિશાળ વાચન સાંપડ્યું. એમની દેશસેવાની ભાવનાને નક્કરતા, દૃષ્ટિ ને દિશાસૂચન મળ્યાં. કૉલેજમાં તેમને મણિશંકર રત્નજી ભટ્ટ-કવિ કાન્ત—સાથે મૈત્રી બંધાઇ.

૧૮૮૭માં તેઓ બી. એ. થયા. એ જ વર્ષે દલપત-નર્મદ કરતાં જુદી જ જાતનાં કાવ્યોવાળી નરસિંહરાવની 'કુસુમમાલા' બહાર પડી, અને રમણભાઇએ કૉલેજના ગુજરાતી મંડળ સમક્ષ એક ભાષણ આપી તેમાં એનાં ખૂબ વખાણ કર્યાં. અને એ જ સાલમાં અમદાવાદના પ્રાર્થના સમાજે પોતાના મતના અનુયાયી રમણભાઇને પોતાની મુખપત્રિકા—'જ્ઞાનસુધા' પાક્ષિક—નું સંપાદન સોંપ્યું.

મહીપતરામને પ્રાર્થના સમાજના સહસ્થાપક, ને તે વખતના અમદાવાદના આગેવાન સુધારક ભોળાનાથ સાથે સારો સબંધ હતો. ભોળાનાથ લગ્નસંબંધથી આ મૈત્રી ગાઢ કરવા ઇચ્છતા હતા. પણ મહીપતરામના ત્રણે પુત્રો પરણેલા હોવાથી તેમ કરી શક્યા નહોતા. રમણભાઈ વિધુર થતાં ભોળાનાથનાં સંતાનો જીભુબા, કૃષ્ણરાવ અને નરસિંહરાવે ૧૮૮૮માં પોતાની ભાણેજ વિદ્યાગૌરીનું વેવિશાળ તેમના સાથે કરી ભોળાનાથની એ ઈચ્છા પૂર્ણ કરી.

૧૮૮૯માં રમણભાઈનું બીજું લગ્ન થયું, ને એ જ સાલમાં એમની પહેલી કૃતિ—નાનકડી અને બહુ મહત્ત્વ વિનાની—'વિવાહ વિધિ' બહાર પડી. આમાં તેમણે પાછળથી ઘૂસેલા ક્રિયાકાંડો વિનાની સાચી વૈદિક લગ્નવિધિ દર્શાવી છે.

રમણભાઇની ઈચ્છા એમ. એ. થઈ કોઇ કૉલેજમાં અધ્યાપક થવાની હતી. પણ દાક્તરે અભ્યાસ કરવાની ના પાડતાં તેમને એ મહત્ત્વાકાંક્ષાને તિલાંજલિ આપવી પડી. શિક્ષણ આપવાની કુદરતી શક્તિ હોવા છતાં તેમને એ ઉમદા વ્યવસાયથી વંચિત રહેવું પડ્યું અને લગ્નની જ સાલમાં રમણભાઈને મહીપતરામના મિત્રોએ શોધી કાઢેલી અમદાવાદ જિલ્લા અદાલતના ક્લાર્ક ઑવ ધ કૉર્ટની નોકરી લેવી પડી. નોકરી પસંદ કરવાનું પોતાની મુનસફી પર છોડાયું હોત તો કદાચ રમણભાઈ આ નોકરી ન સ્વીકારત.

૧૮૯૧માં મહીપતરામનું અવસાન થતાં એમની અનેક જાહેર પ્રવૃત્તિઓ એમના શિષ્યતુલ્ય લાલશંકર ઉમિયાશંકરના હાથમાં આવી, ને લાલશંકરે ધીરેધીરે રમણભાઇને પણ જાહેર જીવનની દીક્ષા આપવા માંડી. આ જ સાલમાં સરકારે રમણભાઈને બઢતી આપી શિરસ્તેદાર કર્યા. એ પદે તેઓ બહુ સફળ થયા. તેમનાં પત્ની



રમણભાઇ ઈ. ૧૯૧૨માં રાવબહાદુર થયા ત્યારે



સર રમણભાઈનું કુટુંબ • ઈ. ૧૯૧૯માં • પાછળ ઊભેલાઃ ડાબી બાજુથી — શ્રી સૌંદર્યમતી બહેન મહેતા; સ્વ. સર રમણભાઈ; શ્રી કંદર્પકુમાર નીલકંઠ; શ્રી વિનોદિની બહેન નીલકંઠ; આગળ — બેઠેલાંઃ શ્રી તરંગિણી બહેન નીલકંઠ, લેડી વિદ્યા બહેન, શ્રી જ્યોત્સના બહેન મહેતા; શ્રી સુશ્રુત નીલકંઠ, શ્રી સરોજિની બહેન મહેતા

વિદ્યાબહેન પણ આ જ વર્ષમાં મૅટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં.

૧૮૯૨માં રમણભાઈની પહેલી સંતતિ વિનોદિનીનો જન્મ થયો, જે થોડા સમયમાં ગુજરી ગઈ.* એ જ સાલમાં તે એલએલ. બી. થયા, ને '૯૩માં એક મહિના માટે સબજજ નિમાયા. પણ ૧૮૯૭માં તેમણે નોકરી છોડી વકીલાત કરવા માંડી. પિતાના મિત્રોની સહાનુભૂતિને લીધે પહેલેથી જ વકીલાત સારી ચાલવા માંડી, ને વર્ષો જતાં તેઓ અમદાવાદના ચાર અગ્રગણ્ય વકીલો — ગોવિંદરાવ પાટીલ, હરિલાલ દેસાઈભાઈ દેસાઈ, શિવાભાઈ મોતીભાઈ પટેલ અને વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ — ની પંક્તિમાં ગણાવા લાગ્યા.

૧૮૯૭માં રમણભાઈ મ્યુનિસિપલ ચૂંટણીમાં ઊભા રહ્યા. એમની સામે દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈ અને બૅરિસ્ટર જીવનલાલ વરજરાય દેસાઈ જેવા પ્રબળ પ્રતિપક્ષીઓ હતા, છતાં લાલશંકર અને બીજા મિત્રોની મદદથી તેઓ તેમાં ચુંટાઈ આવ્યા. એ દિવસથી એમનો જાહેરસેવાનો જીવનયજ્ઞ શરૂ થયો, ને તે લગભગ જીવનના અંત સુધી અવિરતપણે ચાલ્યો. મ્યુનિસિપાલિટીની અને અમદાવાદની બીજી અનેક જાહેર સંસ્થાઓની સેવા કરવામાં એમણે સમય અને શક્તિનો કલ્પનાનીત ભોગ આપ્યો. એ કાર્ય પાછળ એમણે ખર્ચેલી શક્તિનો ક્યાસ કાઢતાં સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું હતું કે અમદાવાદ મ્યુનિસિપાલિટીએ રમણભાઈનો જાન લીધો છે.

રમણભાઈની સેવા પામેલી બીજી એવી સંસ્થાઓ તે અમદાવાદ પ્રાર્થના સમાજ અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી — આજની ગુજરાત વિદ્યાસભા. રમણભાઈ ન હોત તો અમદાવાદ પ્રાર્થના સમાજ હજુ વહેલો ઠીંગરાઈ જાત; ને, સ્વ૦ હીરાલાલ પારેખે કહેલું તેમ તેમના ચારિત્ર્યબળ વિના સોસાયટીનો વહીવટ આજના જેટલો શુદ્ધ અને નિરામય ન હોત. રમણભાઈના નિકટના પરિચયમાં આવેલા એકેએક સાહિત્યકાર, મિત્રો ને સ્નેહીઓ માને છે કે ગજા ઉપરાંતની ને સ્વાર્થ કે સારાસારના વિવેક વિનાની આ જનસેવાથી રમણભાઈ દૂર રહ્યા હોત તો તેઓ સાહિત્યની અનેકગણી સેવા કરી શક્યા હોત.

૧૮૯૨થી માસિક સ્વરૂપ પામેલા 'જ્ઞાનસુધા'માં 'ભદ્રંભદ્ર' હુકડે હુકડે છપાવા માંડયું. ને ૧૯૦૦માં તે પુસ્તકાકારે પ્રસિદ્ધ થયું. એમાં કરવામાં આવેલા સમગ્ર હિંદુ સમાજ, તથા મણિલાલ નભુભાઈ જેવા પ્રખર વિદ્વાન અને લોકપ્રિય તંત્રી તથા જનસેવક ઉપરના કટાક્ષો અને આક્ષેપોને લીધે જનતામાં લગભગ હાહાકાર મચી ગયો. એમના એ પ્રયત્નને દાબી દેવા ને ઉતારી પાડવા 'ભ્રમણચંદ્ર ભદ્રંભદ્ર યાને આંધળાનો ગોળીબાર' એ નામનું એક સાહિત્ય દૃષ્ટિએ ઊતરતું ને કંઈક મલીન પુસ્તક બહાર પડયું જેમાં રમણભાઈ, એમના કુટુંબીઓ, સ્ત્રીવર્ગ તથા સુધારકો ઉપર વિવિધ પ્રહારો કર્યા હતા. પોતાની જ કૃતિની આ ફલશ્રુતિ રમણભાઈને મૂંગે મોંએ સહી જવી પડી.

રમણભાઈનાં પત્ની શ્રી વિદ્યાબહેને આનંદશંકર ધ્રુવના એક ટાણા પરથી ૧૮૯૪માં કૉલેજનો અભ્યાસ આરંભેલો, જે ૧૯૦૧માં પૂરો થયો. વિદ્યાબહેનને એ સાલમાં મળેલી (અનુ૦ પૃ૦ ૧૦૪મે)

* આજના હયાત વિનોદિનીબહેન તો એમનું છઠ્ઠું સંતાન.

નઠોરતાની નીચે વહેતા એક સનાતન સ્રોતની વાર્તા

ચાડી

અનુવાદક સુમતિ ર. દલાલ



સેવન્થ 'બી'નો વર્ગ આ જ ને?

નવા વર્ષનો પહેલો દિવસ હતો. નવા વર્ગ ખુલ્યા હતા. નવા વિદ્યાર્થીઓ અચકાતા-ખચકાતા અને જૂના વિદ્યાર્થીઓ દોડતા-અફળાતા વર્ગમાં પેસતા હતા—પોતાની મનગમતી, આગળના બાંકડા ઉપરની કે પછી કોઈ સરસ ખૂણામાંની જગ્યા મેળવવા માટે! તે તે જગ્યાઓ માટે બોલાચાલી, દમદાટી અને થોડી મારામારી, પછી છેવટે થોડી છૂટછાટ અને સલાહસુલેહ પણ થયાં; પછી વર્ગમાંની હોહા જરા શાંત થઈ. વળી પાછી ધીરીધીરી વાતો ઊપડી: 'વર્ગશિક્ષક કોણ આવશે? અંગ્રેજીના ને ઇતિહાસના શિક્ષક કોણ હશે?'

મૅટ્રિકના વર્ગમાં આ બધી ગરબડ ઓર જ પ્રમાણમાં ચાલતી હતી. 'હવે અમે મોટા થયા, સ્કૂલના અગ્રણી થયા—દાદા થયા' એ ભાવના મોટા ભાગના વિદ્યાર્થીઓમાં આવી ગઈ હતી, અને તેથી કાંઈક આત્મવિશ્વાસ અને અભિમાન એ બધી ગરબડ પાછળ ખાસ ચમકતાં હતાં. પણ જાણે કોઈ વક્તા પોતાનું જોરદાર ભાષણ શ્રોતાઓ સમક્ષ ઉત્સાહથી ઠાલવતો હોય, અને એમાંથી કોઈ શ્રો-1 અ 1 ાક મોટેથી હસી પડે અને પછી વક્તાને જે ભાવ થાય, એવી રીતનું જ કાંઈક થયું. બધા એકદમ શાંત થઈ ગયા.

'સાઈલેન્સ!' કોઇકે બૂમ મારી! ક્ષણભર ચમકીને વિદ્યાર્થીઓએ એ તરફ જોયું. શિક્ષક વર્ગમાં આવી ગયા હતા. બધાએ ઊભા થઇને 'ગુડ મૉર્નિંગ સર!' કહીને રિવાજાનુસાર એમનું અભિવાદન કર્યું.

'ગુડ મૉર્નિંગ,' નવા શિક્ષકે કહ્યું.

શિક્ષક તદ્દન નવા જ લાગતા હતા,—શાળામાં જ નવા આવ્યા જણાતા હતા. અને એમને સીધા સેવન્થ 'બી'ના વર્ગશિક્ષક નીમવામાં આવ્યા હતા?! વિદ્યાર્થીઓને નવાઈ લાગી. લગભગ અશક્ય ઘટના બની ગઇ હતી. વિદ્યાર્થીઓમાં ગણગણાટ વધી ગયો. એટલામાં ફરીવાર બધાના કાને અવાજ અથડાયો: 'સાઇલેન્સ—'

પણ આગળના કરતાં આ અવાજ જુદો જ હતો. બધાએ એ તરફ જોયું! શાહ સાહેબ હતા એ. જૂના અને અનુભવી:

'મને લાગે છે કે તમે વર્ગ ચૂક્યા છો. કયો વર્ગ આપ્યો છે, તમને?' સંભાળી લેવાના ઈરાદાથી શાહ સાહેબે નવા શિક્ષકને પૂછ્યું.

'સેવન્થ બી જ ને આ?'

'હા'.

'તો પછી મને સેવન્થ બીમાં જ જવાનું કહ્યું છે...'

'પણ...પણ કાંઈક ગોટાળો થયો લાગે છે. સેવન્થ બીનો તો હું વર્ગશિક્ષક છું.' શાહ સાહેબ બોલ્યા. એમણે ટાઇમટેબલ બહાર કાઢ્યું, એમાં પણ એ જ પ્રમાણે લખેલું હતું.

'આ જુઓ, મારું દાખલપત્ર—'

'એટલે? એટલે? વિદ્યાર્થી છો તમે?' અત્યાર સુધી ધીરેથી વાત કરતા શાહ સાહેબનો અવાજ 'વિદ્યાર્થી' શબ્દ પર ભાર મૂકતો હવે ધીરે ધીરે સપ્તમ પર પહોંચ્યો...'તો અહીં ઊભો કેમ રહ્યો છે? જગ્યા પર જઈને બેસતાં શું થાય છે?'

આમ, રણધીરનો વર્ગપ્રવેશ નાટકના પ્રવેશ જેવો જ જામ્યો! શાહ સાહેબ સાથે એનો પહેલો પરિચય—પહેલી સલામી થઈ!

સૌ વિદ્યાર્થીઓ, તેમજ શાહ સાહેબ જેવા જૂના શિક્ષક પણ ભૂલ અને મૂઝવણમાં પડી જાય એવું જ ખરેખર હતું. રણધીર હતો એટલો મોટો. એ પોતાના જેવો જ આ વર્ગનો વિદ્યાર્થી છે, એ જાણતાં જ બધા વિદ્યાર્થીઓની ડોક એને નીરખવા ટટ્ટાર થઇ ગઈ, અને બીજી બાજુ વિદ્યાર્થિનીઓની ડોક નીચી નમી ગઇ; એ બધાંનું કારણ સ્પષ્ટ રીતે રણધીરનું 'મોટાપણું' જ હતું! વળી પાછો વર્ગમાં ગણગણાટ શરૂ થઇ ગયો: 'આટલો મોટો અને હજુ મૅટ્રિકમાં જ?'

બધા ધીરેધીરે વાતાવરણમાં હળવા લાગ્યા. દિવસ પછી દિવસ વીતવા લાગ્યા. નોટબુકો ભરાવા લાગી. રણધીરના 'પોતીકા' ગુણો પણ હવે બધાંના ધ્યાનમાં આવતા ગયા. રણધીર પણ વર્ગમાં સમરસ થતો ગયો. વર્ગનું નેતૃત્વ એના જ હાથમાં ચાલી આવ્યું. એનામાં કશુંક બહુ જ અસામાન્ય હતું...જે વસ્તુ કરતાં સાધારણ વિદ્યાર્થીને બીક લાગે, એ બધી જ રણધીર સહજ રીતે કરતો, અને એને માટે ગમે તે શિક્ષા સહન કરવાની એનામાં બેગુમાન, નીડર વૃત્તિ હતી. એક વાર, વર્ગમાં પોતાનું નિરાળું જ 'પરીસ્તાન' જમાવીને આખા બાંકડા પર આરામથી બેસી રહેતી એક વિદ્યાર્થિનીના અવાજની અને લહેકા કરીને તેના બોલવાની રીતની રણધીરે હૂબહૂ નકલ કરી,—ચાલુ પીરિયડે, ભર વર્ગમાં, શિક્ષકની હાજરીમાં! બધી છોકરીઓ ખૂબ જ ચીડાઈ. છોકરાઓ ખુશ થઈ ગયા, અને શિક્ષક પણ મલક્યા! એક વાર વળી ગણિતના શિક્ષક ગેરહાજર હોઇ એમને બદલે આવેલા શિક્ષકની ટોપી પર રણધીરે આબાદ વિમાન ઉડાવીને ખોસી દીધું! બદલામાં જોકે એને કાન અમળાવાની બક્ષિશ મળી.

આગળના બાંકડા પર બેસતા અરુણને તો આ બધું જોઈને હૃદયમાં થડકારો જ થઈ જતો. અરુણ વર્ગમાં સૌથી નાનો હતો, રણધીર સૌથી મોટો! રણધીર સેઇફટી રેઝરથી દાઢી કરતો, ત્યારે કંપાસમાંની નાની પેન્સિલને બ્લેડથી છોલતાં રખેને ક્યાંક હાથ કપાશે કે શું એવી બીક અરુણને લાગ્યા કરતી. હજુ અરુણ સ્કૂલે આવતાં બાંડિયું ખમીસ ને ભૂરા રંગની અરધી ચડ્ડી જ પહેરતો, ત્યારે રણધીર તો સૂટ, બૂટ ને કોઈ વાર તો નેકટાઇ પણ ચડાવીને આવતો. શાળામાં આવતી વખતે હજુ યે અરુણ એકેએક પીરિયડનાં પુસ્તકો ખૂબ સંભાળીને દફતરમાં ભરીને લાવતો, ત્યારે રણધીર ક્વચિત જે આવી તે નોટબુક હાથમાં ભૂંગળું વાળીને માત્ર શોભાની જ લાવતો. શિક્ષક કશોક પ્રશ્ન પૂછે તો 'સર, સર' કરીને હાથ ઊંચો કરવાની અરુણની

ટેવ તે મૅટ્રિકમાં આવ્યો તો યે હજી છૂટી નહોતી, ત્યારે કદિક ભૂલમાં જ કોઈ વાર શિક્ષક કશુંક પૂછી નાંખે, તો જાણે ઊંઘમાંથી જાગ્યો હોય એવી રીતે રણધીર ઊભો થઈને પૂછતો, 'Beg your perdon, Sir!......'અને એ જ પ્રશ્ન શિક્ષકને ફરી વાર પૂછવો પડતો!

જે કરતાં પોતાને બીક લાગતી. એ બધું રણધીર ખૂબ સહજ-પણે કરી શકતો, એથી અરુણને એને માટે એક વિચિત્ર પ્રકારનું ઔત્સુક્ય જન્મ્યું હતું. એની સાથે ઓળખાણ કરવાની અને પોતે એના 'દોસ્ત' બનવાની અરુણને તીવ્ર ઈચ્છા થતી હતી. આગળના બાંકડે બરાબર વિદ્યાર્થિનીઓની જ પાછળ બેસતો અરુણ, ને છેક પાછળના ખૂણામાં છેવાડે બેસતો રણધીર, એ બે વચ્ચે 'દોસ્તી'! પણ ખરેખર એક દિવસે એવો યોગ આવ્યો. વાત આમ બની:

રણધીર જો સહેજ પણ બીતો હોય તો એ શાહ માસ્તરથી! પહેલે જ દિવસે થઇ ગએલી અથડામણને કારણે શાહ માસ્તરને એના પર એક પ્રકારની ચીડ તો કેળવાઇ જ ગઇ હતી. અને એથી એ કોણ જાણે રણધીરને તતડાવવાનું કારણ શોધતા ન હોય એવું લાગતું! એક વાર એ વર્ગમાં 'કેમ સાહેબ?' એમ કહીને રણધીરને બૂમ મારે, કે રણધીર પોતાના ગમે તે દિવાસ્વપ્નમાં ગુમ ન થયો હોય તોપણ એકદમ સફાળો જાગી જતો. ને પછી શાહ સાહેબ એને પૂછતા: 'હં, બોલો ત્યારે ગુરુદેવ, એકદમ લાલચોળ તપાવેલા લોખંડ પર વરાળ છોડવામાં આવે તો શું થાય?'

શું થાય?—ખરે જ, શું થવાનું હતું? કશો જ ઉત્તર ન સૂઝતાં રણધીરના મગજમાં પ્રશ્નોની રમઝટ બોલી જતી. એક પ્રકારનું તાંડવ એના મગજમાં ખેલાતું. કેટલો ભયંકર પ્રશ્ન હતો! 'તપાવેલા લોખંડ પર વરાળ છોડવામાં આવે તો શું થાય?'...તપાવેલી તવી પર ભાખરી શેકાય...પણ જો લોખંડનું જ કાંઈ થવાનું હોય તો એના પર વરાળ છોડવાથી તે શું થાય? એના પર પાંચ દસ હથોડાના ઘા જો કદી માર્યા હોય તો યે કશીક તો અસર થાય! રણધીરના મગજ પર હથોડાના ઘા પડતા હોય એમ એનું મગજ શૂન્ય થઇ જતું. એ એવો ને એવો અનુત્તર ઊભો રહેતો. ખીજવાએલા શાહ સાહેબ જોરથી રણધીરની જગ્ય એ ઘસી જતા, ને પછી આંકણી-ઓના સપાટા કે ધોલોના ધબાકાના અવાજ આવતા. ચૂંટિયા પણ ખણાતા; અને કાન પણ અમળાતા.

આમ તો રણધીર ખૂબ જ સહનશીલ છે. હિંમતવાળો યે ખરો. પણ એનાથી આ શાહ સાહેબનો માર સહન નથી થતો. બીજા બધા વિદ્યાર્થીઓ પોતાનાથી કેટલા બધા નાના. પોતે એમન થી ઉંમરમાં કેટલો બધો મોટો. અને તો યે એ બધાંનાં દેખતાં વર્ગમાં માર ખાય, એનું રણધીરને બહુ જ અપમાન લાગતું. એ નીચું જોઈ રહેતો. શાહ સાહેબ એને નાના છોકરાઓની અને ખાસ તો પેલી 'શિષ્ટ' છોકરીઓની સામે મારે નહિ એટલા પૂરતી એને એમની બીક લાગતી. એનું માથું પછી આખા પીરિયડ દરમિયાન નીચું રહેતું. પણ પીરિયડ પૂરો થતાં જ ઍંટથી વર્ગની બહાર નીકળતો, અને શાળાના સાઇકલ સ્ટૅન્ડ પાસેના ખૂણામાં આરામથી, બેફિ-કરાઇથી ઊભો રહીને સિગરેટ ફૂંકતો!

ઇન્સ્પેક્શન આવવાનો વખત થવા આવ્યો હતો. અને શાહ સાહેબે તો હજુ એકે પ્રયોગ નોટબુકમાં ઉતરાવ્યો નહોતો. એમણે એકાએક ફરમાન છોડયું, 'કાલ ને કાલ, સરસ આકૃતિઓ પાડીને જો વિજ્ઞાનના પીરિયડમાં બધી નોટબુકો ન મળી, તો......'

બીજે દિવસે પોતાની ધૂનમાં જ સિગરેટના ધુમાડા કાઢતો અને પૅન્ટનાં બંને ખિસ્સાંમાં અદાથી હાથ નાખીને રણધીર વર્ગમાં દાખલ થયો. અને એને ભાન આવ્યું! વર્ગમાં ચાર પ્રયોગ થયા હતા, અને એ ચારે 'જો આજ ને આજ નોટબુકમાં ન ઉતાર્યા તો......' શાહ સાહેબનો એ અવાજ એના કાનમાં ગુંજી ઊઠયો અને પોતે તો અત્યાર સુધી ધરાર એ વાત ભૂલી જ ગયો હતો! નોટ પણ બજાર-માંથી લાવવાની હતી હજી તો!

જો પ્રયોગો લખેલી નોટબુક પોતે ટેબલ પર ન મૂકી શક્યો તો હાથ પર આંકણીઓ પડવાની, એ વાતમાં શંકા લાવવાનું કારણ જ નહોતું: નાનાનાના છોકરાઓ અને પેલી આગળના બાંકડાવાળી છોકરીઓની સામે જ! રણધીરને એ આંકણીની કલ્પના સતાવવા લાગી. જાણે શાહ માસ્તર હાથમાં આંકણી રમાડતા રમાડતા એની પાસે આવતા હતા: 'કેમ સાહેબ! અભ્યાસ થતો નથી. નહિ તમા-રાથી? શી રીતે થાય? ઉંમર થઇને!...' એવાં કડવાં વેણ ઉચ્ચા-રતા અને રણધીરના કાનમાં જાણે સીસાનો ઉકાળેલો રસ રેડતા એ ધસ્યા આવતા હતા......

લગભગ દોડતા જ જઇને રણધીરે નોટબુક વેચાતી આણી. શાહ સાહેબનો ત્રીજો પીરિયડ શરૂ થતાં સુધીમાં કોઇની યે નોટબુકમાંથી એણે પ્રયોગો ઉતારી જ લેવા રહ્યા. ગમે તેમ ચાર લીટીઓ તાણીને 'સરસ' આકૃતિઓ કાઢવી જ રહી! એણે આખા વર્ગમાં નજર દોડાવી. આગળના બાંકડા પર બેઠેલો અરુણ એની આ બધી ધાંધલ સમભાવથી નિહાળતો હતો. 'અરુણ, પ્લીઝ! તારી નોટ આપને!' આગળના બાંકડા પાસે જઇને એણે નોટ માગી. અરુણે મૂંગામૂંગા દફતરમાંથી નોટબુક કાઢીને રણધીરના હાથમાં મૂકી દીધી.

રણધીરે જીવનમાં કદી યે આટલી તીવ્ર મનેચ્છાથી અભ્યાસ નહિ કર્યો હોય! પહેલા બે પીરિયડ બીજા શિક્ષકના હતા, ત્યારે રણધીર નોટબુકમાંથી પ્રયોગો ઊતારતો હતો. એણે ઝટપટ ચારે પ્રયોગો ઉતારી લીધા. બેચાર આડી-ઊભી લીટીઓ દોરીને 'સરસ' આકૃતિઓ પણ પાડી લીધી. નોટબુક તૈયાર થઇ ગઇ! અને ત્રીજા પીરિયડનો બેલ વાગતાં પહેલી જ નોટબુક રણધીરની ટેબલ પર આવીને પડી!

'વાહ સાહેબ! કાંઈ અમારી વિનતિ મન પર લીધી ને શું? અ-ભ્યાસ કરવાનું શરૂ કર્યું લાગે છે! ઊઘડી ગયાં અમારાં!' એમ કહેતાં શાહ સાહેબે નોટબુકમાં શેરો કર્યો. સહીસલામત પસાર! રણધીરે અરુણ સામે જોયું; અરુણે રણધીર સામે. બંને મનમાં હસ્યા. રણ-ધીરની આંખમાં કૃતજ્ઞતા તરી આવી, અરુણની આંખોમાં સંતોષ.

અને રણધીર ને અરુણને ગાઢ ઓળખાણ થઇ ગઈ. બે દોસ્તો બની ગયા,—જાની દોસ્તો! રણધીરથી કદી ન ઉકેલાતું 'રાઈડર' કેટલું સહેલું છે એ અરુણ સમજાવતો, ને પરીક્ષાને માટે પોતે આણી મૂકેલી ઢગલો ગાઇડો રણધીર અરુણને આપતો. સાઈકલ પર 'ડબલ સવારી' કરીને રણધીર અરુણને એને ઘેર પહોંચાડતો, અને અરુણ એને પોતાની સાથે આગ્રહ કરીને જમવા બેસાડતો.... આમ એ બે વચ્ચે દોસ્તી વધતી જ ચાલી...

અરુણના પિતાની નજરે આ વાત ચડી. એક દિવસ એમણે એને પૂછયું, 'અરુણ, આ તારો દોસ્ત કોણ છે?'

'કોની રણધીરની વાત કરો છો?'

'આમ તો, એ ગમે તે હોય! પણ આપણાથી બહુ મોટી ઉંમરના છોકરાઓ સાથેની ભાઇબંધી મને પસંદ નથી. અને ગમે તેવા છોકરાઓને ભેગા કરવા, અને પછી અભ્યાસમાં દબડાવવું, એ આપણી પાસે નહિ ચાલે. મૅટ્રિક છે આ સાલ. સારા માર્ક આવવા જ જોઈએ!' એમણે અરુણને આટલું જ કહ્યું, અને આની શી અસર થવાની છે, એ એમને ખબર જ હતી. (અનુસંધાન પૃ. ૧૦૩ મે)

યૂથ હોસ્ટેલ્સ

[યુવક-નિવાસ]

યૂથ હોસ્ટેલ્સ એસોસીએશનના નામાક્ષરોવાળું એ સંસ્થાનું પ્રતીક

...અભે ખડિયો નાખીને
પર્યટનો કરવાને ઉત્સુક એવા
કુમારો, યુવકો તથા મોટેરાં સુદ્ધાંને
ગ્રામ પ્રદેશનો પરિચય ને સૃષ્ટિસૌંદર્યનો સંપર્ક આપતી
લગભગ જગતવ્યાપી બનેલી એક સંસ્થાનો આલેખ: જેનાં
પ્રદેશ પાથરીને પડેલાં નિવાસગૃહોમાં તમને મામૂલી દરથી
માયાભર્યો આવકાર ને મીઠી મહેમાની મળે
મુક્ત મેહફિલનો આનંદ ને જ્ઞાનવાર્તાનો સંસ્કારસંપર્ક મળે
અને રહેવા-જમવાની સ્વચ્છ સોઇ તથા હૂંફાળું બિછાનું મળે
શરત માત્ર બે : શરીરશ્રમ અને સહકાર

લેખક
નગીન પારેખ

જયારે ઇગ્લંડ જવા મેં મુંબાઇનો કિનારો છોડયો ત્યારે 'યૂથ હોસ્ટેલ્સ'નું નામ મને અજાણ્યું નહોતું. એક અંગ્રેજી સામાયકમાં એ સંસ્થાનું કાર્યક્ષેત્ર દર્શાવતો લેખ મારા જોવામાં આવ્યો હતો અને ત્યારનો જ એ પ્રત્યે હું આકર્ષાયો હતો.

એટલે ઑક્સફર્ડમાં જોડાઇને તરત યૂથ હોસ્ટેલ્સને લગતી માહિતી મેળવી, તો જણાયું કે ઘણાખરા મારા સહવિદ્યાર્થીઓ એ સંસ્થાના સભ્ય હતા. આથી મને ઘણો આનંદ થયો. સભ્યપદ માટે મારે 'યૂથ હોસ્ટેલ્સ'ની નૅશનલ ઑફિસને (વેલ્વિન ગાર્ડન સિટી, હર્ટફર્ડશાયરને સરનામે) અરજી કરવાની હતી. એ સંસ્થાની ઑક્સફર્ડની શાખામાંથી અરજીપત્ર મેળવ્યું, અને એની સાથે વાર્ષિક ફીના દસ શિલિંગ તથા બીજી સામગ્રી (ઇન્ટરનૅશનલ હૅંડબુક. નૅશનલ હૅંડબુક, ઇંગ્લંડ અને વેલ્સમાંની સઘળી યૂથ હોસ્ટેલ્સ દર્શાવતો નકશો, સંસ્થાનો ધાતુનો બિલ્લો વગેરે) માટે બીજા થોડા શિલિંગ રવાના કર્યા. અઠવાડિયાની અંદર જવાબ મળ્યો કે નવા સભ્ય તરીકે મને સત્કારવામાં આવે છે અને સાથે સભ્યકાર્ડ તથા હૅંડબુકો વગેરે હતું. રાષ્ટ્રીય હૅંડબુકમાં દેશમાંની સઘળી યૂથ હોસ્ટેલ્સ વિષે વિગતવાર માહિતી હોય છે, જ્યારે ઇન્ટરનૅશનલ હૅંડબુકમાં દરેક દેશમાંની યૂથ હોસ્ટેલ્સની સંખ્યા, ત્યાં રહેવા-જમવાની ફી ત્યાંનાં જોવા-ફરવા લાયક સ્થળો વગેરે વિવિધ માહિતી હોય છે.

આને અંગે હું જેની હવે આતુરતાપૂર્વક વાટ જોતો હતો એ મિડ-ટર્મની ત્રણ દિવસની રજા આવી, અને મારો એક અંગ્રેજ મિત્ર તથા હું એક સવારે ૩૭ માઇલ દૂર આવેલા શેકસપિયરના જન્મસ્થાન સ્ટ્રૅટફર્ડ-ઑન-ઍવન જવા સાઈકલ પર રવાના થયા. મારા સાથી 'યૂથ હોસ્ટેલ્સ'ના એક જૂના ઉત્સાહી સભ્ય હતા. જુદેજુદે સમયે લગભગ ૩૦,૦૦૦ માઈલનો સાઇકલ પર પ્રવાસ કરીને દેશના ખૂણે-ખૂણાનો તેમણે પરિચય મેળવ્યો હતો. પ્રવાસના ઉત્સાહમાં અમને શિયાળાની ઠંડી, સૂસવતો પવન અને ધૂંધળો દિવસ બહુ ન નડયાં અને આજુબાજુનો પ્રદેશ નિહાળતા ચાર કલાકે નિયત સ્થળે પહોંચી ગયા. સૌપ્રથમ એક નાના રેસ્ટોરાંમાં જઈ ભૂખને શાંત કરી. યૂથ હોસ્ટેલ સાંજના પાંચથી સવારના દસ સુધી જ પ્રવાસીઓ માટે ઉઘડતી હોવાથી અમારી પાસે હજી સારીપેઠે સમય હતો; એટલે એ દરમ્યાન શેકસપિયરનો જે ઘરમાં જન્મ થયો હતો તે જોઇ આવ્યા. ત્યાં તેના જીવન સાથે વણાએલી વસ્તુઓનો સારો સંગ્રહ છે. ત્યાર બાદ ઍવન નદીને કાંઠે બંધાવેલું શેકસપિયર થીએટર, નજીકના બગીચામાં ઊભી કરેલી વિચારમગ્ન શેકસપિયરની પ્રતિમા તથા એની ચારે બાજુ એ મહાન સર્જકનાં ચાર ચિરંજીવ સર્જન હૅમ્લેટ, ફૉલ્સ્ટાફ, લેડી મૅકબેથ અને હેન્રી પાંચમાની મૂર્તિઓ વગેરે જોયું.

યૂથ હોસ્ટેલ ગામથી બે માઈલ દૂર હતી. અમે ત્યાં પહોંચ્યા ત્યારે બહાર કેટલી યે સાઈકલો એકઠી થએલી જોઈ. અંદર દાખલ થઇને ત્યાંના વૉર્ડનને ખબર આપ્યા. એ ત્યાંની વ્યવસ્થા જાળવનાર કાયમી પગારદાર ઉપરી હોય છે. એ વખતે થોડાક બીજા સભ્યો તેમના આગળના પ્રવાસ માટે વૉર્ડનને માહિતી પૂછી રહ્યા હતા. જે વિનયપૂર્વક એના તરફથી સભ્યોને જવાબ મળતા હતા એની મારા મન પર ઊંડી છાપ પડી. અમારો વારો આવતાં વૉર્ડને અમને સત્કારનાં બેત્રણ વચનો કહ્યાં અને નોંધપત્રકમાં જોઇતી વિગત અમારી પાસે લખાવી લઈ અમારાં સભ્યકાર્ડ અનામત તરીકે રાખી લીધા. વળી અમને જણાવવામાં આવ્યું કે 'તમે ભોજનગૃહમાં ટેબલ પર છરી કાંટા વગેરે મૂકવામાં મહેરબાની કરીને મદદ કરજો.' અમારા બગલથેલા પોતપોતાનાં બિછાનાં પર મૂકી અમે ભોજનગૃહમાં જઇ પહોંચ્યા ત્યારે અન્ય સભ્યો પોતાને સોંપાએલાં કામ આનંદથી વાતો કરતાં કરતાં બજાવી રહ્યાં હતાં. સમય થતાં રસોડામાંથી વૉર્ડનનાં પત્નીનો હુકમ છૂટયો અને સૌ વાળુ કરવા ટેબલખુરશી પર ગોઠવાયાં. શિયાળો હોવાથી પ્રવાસીઓ બહુ નહોતા; નહિ તો વસંતઋતુ અને ઉનાળાની રજા દરમ્યાન તો, અહીં ૧૫૦ બિછાનાં-ની સગવડ હોવા છતાં, આગળથી રીઝર્વેશન કરાવવાની જરૂર પડે એટલી ભીડ થાય છે.

જમતી વખતે મારી બાજુમાં એક નૉર્વેજિયન વિદ્યાર્થી હતા. તેઓ ત્યાંથી ૧૫ માઈલ દૂર આવેલા ફરક્રૉફ્ટની મઝદૂર કૉલેજમાંથી અમારી જેમ સાઇકલ પર આવ્યા હતા. તેમણે જણાવ્યું કે પોતે અભ્યાસની સાથેસાથે અંગ્રેજ પ્રજાના સામાજિક જીવનનો ખ્યાલ મેળવવા ખૂબ આતુર છે. મારી બીજી બાજુ પર રેડિંગ યુનિવર્સિટીની એક વિદ્યાર્થિની હતી અને તે હિંદી નૃત્યો તથા સંગીત વિષે જાણ-વામાં રસ ધરાવતી હતી. મારી સામે એક અંગ્રેજ યુગલ બેઠું હતું. તેઓ ત્રણ માઈલ દૂર એક ગામથી હોડીમાં ઍવન નદી પર થઇને આવ્યાં હતાં અને માર્ગમાં માછલીઓ પકડવાની કેવી ગમ્મત પડી એનું રસપૂર્વક વર્ણન કરી સૌને વિનોદ પૂરો પાડી રહ્યાં હતાં. એ

સમયે બહારથી જો કોઈ માણસ આવે તો સૌને આટલા બધા હળી-મળીને વાતો કરતાં જોઈ તે અચૂક ધારે કે ઘણા લાંબા સમયથી આ સૌ એકબીજાંને ઓળખતાં હોવાં જોઇએ.

ભોજન પતાવીને સૌ કૉમન રૂમમાં જઇ પહોંચ્યાં. કૉમન રૂમ એ દરેક હોસ્ટેલનું સૌથી પ્રવૃત્તિમય ધામ. ત્યાં ચર્ચાઓ થાય, આનંદ-મનોરંજનના કાર્યક્રમો યોજાય, વાચનપ્રવૃત્તિ ચાલે અને રમતો રમાય. થોડીવારે રેડિંગ યુનિવર્સિટીની ટુકડીએ લોકનૃત્યો શરૂ કર્યાં. દેશના જુદાજુદા ભાગનાં લોકનૃત્યોનો તેમને સારો પરિચય હોય એમ લાગ્યું. ધીરેધીરે બીજા પ્રવાસીઓ પણ નૃત્યમાં જોડાયા ને પેલા નૉર્વેજિયન વિદ્યાર્થીએ પ્રવાસ દરમ્યાન સાથે રાખેલ પોતાની ગીટાર પર મધુર સંગીતની બૅકગ્રાઉન્ડ (ભૂમિકા) શરૂ કરી. એક ખૂણામાં રમાતી શેતરંજના ખેલાડીઓએ પણ હવે તો રમત પડતી મૂકી અને સૌ સાથે આનંદ-પ્રવાહમાં ઝંપલાવ્યું. વૉર્ડન અને તેમનાં પત્ની પણ આવી જોડાયાં, અને લગભગ બેએક કલાક સુધી સૌએ મુક્ત મને આનંદ લૂટ્યો. પછી દસ વાગતાં થાક્યાપાક્યા સૌ નિદ્રા દેવીને ખોળે પોઢી ગયા.



'અહીંથી કયે રસ્તે જઈશું?' પર્યટન પર નીકળેલા બે કુમારો એક ત્રિભેટા આગળ આવીને નકશો જોઇ માર્ગ નક્કી કરે છે. (British Councilના સૌજન્યથી)

બીજે દિવસે સવારનો નાસ્તો પતાવી, સૌ મિત્રોને સલામ કહી, વૉર્ડનની વિદાય લેતી વખતે સાંજનું વાળુ, બિછાનું, સુવાનો કોથળો [સ્વચ્છતા જાળવવા માટે અહીં પથારી પર સૂતી વખતે ઓઢવાનો, પગથી માથા સુધીનો ધોવાએલો સ્વચ્છ કોથળો દરેકને મળે છે], તથા સવારનો નાસ્તો,—એ બધાંનો ખર્ચ ચૂકવ્યો અને સભ્યકાર્ડ પાછું મેળવ્યું. દરેક યૂથ હોસ્ટેલમાં વધુમાં વધુ એકીસાથે ત્રણ રાત રહેવાની છૂટ છે. એથી વધુ માટે વૉર્ડનની ખાસ પરવાનગી જોઇએ.

આ નાનકડા પ્રવાસનાં મીઠાં સંભારણાં સાથે અમે બંને મિત્રો ત્યાંથી નીકળ્યા ત્યારે સદ્‌ભાગ્યે દિવસ ખૂબ સુંદર હતો. વાદળી

એક વાસ્તવિક યૂથ હૉસ્ટેલ : ઇંગ્લંડના વિલ્ટશાયર પરગણામાં અપર ઇંગલશામ, હાઇવર્થ, સ્વિન્ડન પાસે આવેલી 'વિટલ હોમ' નામની ઇંગલશામ યૂથ હૉસ્ટેલ. જેના ઉપર YHA (યૂથ હૉસ્ટેલ એસોસીએશનના પ્રથમાક્ષરો)નું પાટિયું છે. (શ્રી. F. H. Ogdenના સૌજન્યથી)







ડાબા તરફ: યૂથ હૉસ્ટલમાં સવારનાં ચા-પાણી; જમણી તરફ: જાતમહેનતનો આનંદ: યૂથ હૉસ્ટલના બિછાનાના ધાબળા ખંખેરીને સાફ કરી ઘડીઓ વાળતાં પ્રવાસીઓ: આવો શ્રમભર્યો સહકાર, એ યૂથ હૉસ્ટેલના અતિથિઓની પહેલી ફરજ મનાય છે. (બંને ફોટોગ્રાફો: Illustratedના સૌજન્યથી) નીચે: 'આખો અવતાર મારે ભમવા ડુંગરિયા'...નૉર્થ વેલ્સમાં ટ્રાઇફૅન ડુંગરની ઉત્તર ધારે બે 'ખભેખડિયા' ધારીઓ. (શ્રી R. M. Flavillના સૌજન્યથી) આ ફોટોગ્રાફ વિનામૂલ્યે છાપવાની અનુમતિ આપતાં શ્રી ફ્લેવિલ લખે છે કે 'આવી સંસ્થા તમારે ત્યાં ચાલુ કરવાના પ્રયત્નમાં હું તમને સફળતા ઇચ્છવાની આ તક લઉં છું, કેમકે આ પ્રવૃત્તિથી મને તો મારા કુમાર જીવનમાં ખૂબ સુખાનંદ મળ્યાં છે, ને યુવાન વયે પ્રણય અને લગ્ન પણ તેમાંથી જ સાંપડ્યાં. લગ્ન પછી અમારા ઘરનું નામ પણ અમે એક યૂથ હૉસ્ટેલના નામ પરથી પાડ્યું છે.')

આકાશ અને હવામાં તરતાં વાદળાંઓ ભારતભોમની યાદ આપતાં હતાં. હસતાં રવિકિરણો ને શીતળ પવન અંતરને પ્રફુલ્લિત કરતાં હતાં.

આ 'યૂથ હૉસ્ટેલ્સ મંડળ' (Youth Hostels Association)નો જન્મ રિચર્ડ શેરમાન કરીને એક જર્મન શિક્ષકને આભારી છે. ગઇ સદી-



ભર્યા શહેરોની અંધારી કોટડીઓમાં અનેક બાળકો જે જીવન ગુજારી રહ્યાં હતાં એ જોઈ તેને અનુકંપા ઉપજી. તેણે લખ્યું: 'શહેરોનાં બાળકો અને કુમારો તો પથ્થરોનાં એવાં કેદખાનાંમાં રહે છે, જ્યાં શુદ્ધ હવા અને ઉજાસ ભાગ્યે જ પ્રવેશી શકે. આપણે ગ્રામપ્રદેશના જીવનદાયક વાતાવરણને, એનાં જંગલો, ખેતરો અને વાડીઓને, એનાં સરોવરો, નદીઓ અને વિશાળ સાગરોને, અને વાદળાંઓ સાથે બાથ ભીડતા એના ગગનચુંબી પર્વતોને તો શહેરોમાં ન લાવી શકીએ...પણ એ રમણીય નિસર્ગના પ્રવાસે તો જરૂર જઈ શકીએ.'

આવા ઉદાત્ત હેતુથી પ્રેરાઇને શેરમાને પોતાના અન્ય શિક્ષક-મિત્રોની મદદથી ઉનાળાની રજાઓ દરમ્યાન ગામગામડાંએની નિશાળોના વર્ગોમાં બાળકો માટે રાત ગાળવા પૂરતી સોઈ કરી અને દિવસના ભાગમાં તેઓની જુદીજુદી ટુકડીઓ આજુબાજુના પ્રદેશોના પ્રવાસે લઈ જવાનું શરૂ કર્યું. પણ આમાં અનેકવિધ અગવડો પડતી, એટલે તેણે ઉપર વર્ણવ્યું તેવું પ્રથમ આરામ-ગૃહ ઈ. ૧૯૧૦માં જર્મનીના એક જૂના કિલ્લામાં યોજ્યું; એ પ્રથમ 'યૂથ હૉસ્ટેલ.'

દરેક માણસમાં,—ખાસ કરીને સામાન્ય આવકવાળાં કુટુંબોનાં કુમારો અને યુવકોમાં,—આવા પ્રવાસની ઝંખના તો બહુ હોય છે, પણ તે દરમ્યાન રાત્રિ વિસામાની મોટી મુશ્કેલી હોય છે. એ ખોટ તદ્દન સસ્તામાં પૂરી પાડીને, ગ્રામપ્રદેશ માટે આકર્ષણ અને પ્રેમ જમાડવાં એ આ સંસ્થાનો મુખ્ય હેતુ છે. અને તે એટલી લોકપ્રિય થઈ છે કે ત્યાર પછી બે વિશ્વયુદ્ધની ક્રૂર ઘટનાઓ વીતી ગઇ છતાં તેની સામે આજે એ જીવતી રહી છે. એટલું જ નહિ, પણ અનેક દેશોએ આજ સુધીમાં એને એક જનઉપયોગી સંસ્થા તરીકે સ્વીકારીને તેને રાષ્ટ્રીય દરજ્જે સ્થાપિત કરી છે. અત્યારે ઑસ્ટ્રેલિયા, ઑસ્ટ્રિયા, બેલ્જિયમ, કૅનેડા, ડેનમાર્ક, ઈંગ્લંડ અને વેલ્સ, ફિન્લૅંડ, ફ્રાંસ, જર્મની, હૉલૅંડ, આયર, ઉત્તર આયર્લૅન્ડ, ઈટલી, લક્ઝમબર્ગ, ન્યૂ ઝીલાંડ,

ઉત્તર આફ્રિકા, નૉર્વે, સાર (જર્મનીનો સ્વતંત્ર પ્રાંત, જે ફ્રાંસ સાથે આર્થિક રીતે સંકળાએલો છે), સ્કૉટલંડ, સ્વીડન, સ્વિટ્ઝર્લૅંડ અને યુનાઇટેડ સ્ટેટ્સમાં આ સંસ્થા હસ્તી ધરાવે છે, અને એ દેશોમાં મળીને કુલ ૨૫૦૦ જેટલી હોસ્ટેલો પથરાએલી પડી છે. વધુમાં દરેક દેશનું 'યૂથ હૉસ્ટેલ્સ મંડળ' 'આંતર રાષ્ટ્રીય યૂથ હોસ્ટેલ્સ મંડળ (International Youth Hostels Federation)'માં જોડાએલું હોવાથી એક દેશની સંસ્થાનો સભ્ય બીજા દેશોની હોસ્ટેલોનો લાભ લેવા અધિકારી ઠરે છે. ઈંગ્લંડમાં 'યૂથ હૉસ્ટેલ્સ મંડળ' ખૂબ જ લોકપ્રિય બન્યું છે અને એક રાષ્ટ્રીય સંસ્થા તરીકે તે સ્થપાઈ ચૂક્યું છે. ઇંગ્લંડના 'નૅશનલ ટ્રસ્ટ' તરફથી આ સંસ્થાને અનેક ઐતિહાસિક મકાનો હોસ્ટેલો તરીકે ઉપયોગમાં લેવા મળ્યાં છે અને 'કાર્નેગી ટ્રસ્ટ' જેવા જાહેર ફંડ તથા 'સરકારી ગ્રાંટ' પણ સારી નાણાંકીય મદદ આપી રહ્યાં છે. ત્યાંની સરકાર આ પ્રવૃત્તિને કેટલું મહત્ત્વ આપે છે એનો ખ્યાલ તો દરેક નવી 'યૂથ હોસ્ટેલ'ના બાંધકામનું ખર્ચ એના શિક્ષણખાતાએ ઉપાડવાનું સ્વીકાર્યું છે એ પરથી મળી રહે છે.

પણ આ સઘળી મદદ છતાં એ સંસ્થા એના સભ્યોના સહકાર વિના અત્યાર સુધી નભી શકી હોત કે કેમ એ શંકા જેવું છે હજુ હમણાં જ લંડનના એક અખબારમાં જાહેર ખબર છપાઈ હતી, જેમાં એ શહેરના 'યૂથ હોસ્ટેલ્સ' સમિતિએ સંસ્થાની નવી ખરીદેલી વિશાળ જગ્યામાંથી ઝાડીઝાંખરાં દૂર કરવા સભ્યોની મદદ માગી હતી. સાચે જ આ હોસ્ટેલો સસ્તી પડે છે અને સામાન્ય હોટેલો કરતાં જુદી તરી આવે છે એનું ખરું કારણ તો એની સ્વચ્છતા અને સંભાળનો ભાર સભ્યો જ ઉપાડી લે છે, એ છે. ઓરડાઓ વાળવા-ઝૂડવાથી માંડીને વાસણ સાફ કરવા સુધીનું દરેક કામકાજ હોસ્ટેલમાં હાજર હોય એ સભ્યો જ વહેંચી લે છે; એટલું જ નહિ, પણ તેઓ જે જે યૂથ હોસ્ટેલોમાં જાય એનો બગીચો શણગારવામાં, છાપરાનાં નળિયાં બરાબર બેસાડી આપવામાં કે કિચુડકિચુડ બોલતા દરવાજા-નાં મિજાગરાંમાં તેલ પૂરી આપવા સુધીનાં કામમાં વણમાગી મદદ કરે છે. અરે! અમુક હૉસ્ટેલો તો સભ્યોએ જ રજાના દિવસો દર-મ્યાન બાંધી આપી છે.

યૂથ હોસ્ટેલનો લાભ લેનાર માટે એક ખાસ શરત એ છે કે 'You must arrive under your own steam' એટલેકે તમારો પ્રવાસ શરીરશ્રમથી—પગપાળા, સાઇકલ પર કે હાથહલેસાં મારીને હોડીમાં કરેલો હોવો જોઇએ. મોટર કે મોટરસાઇકલમાં પ્રવાસ કરનાર યૂથ હોસ્ટેલ્સનો લાભ મેળવવા હક્કદાર નથી ગણાતો.

આ હોસ્ટેલોની અંદરનું વાતાવરણ પણ સદાય ભર્યુંભર્યું હોય છે. પ્રાંતપ્રાંતના અને ક્યારેક દેશદેશનાં સભ્યોનો ત્યાં મેળો જામે છે, ને ઉલ્લાસભર્યાં વદને નાનુંમોટું કામ કરતાં કરતાં તેઓ અલક-મલકની વાતો કરે છે. સૌ કોઈ પોતાના પ્રવાસ-અનુભવો કહી રહ્યા હોય છે અને સાથોસાથ બીજાના નવીન અનુભવો જાણવા એટલા જ ઇંતેજાર હોય છે. વળી એ સહકારભર્યાં વાતાવરણમાં નવી મૈત્રી સહેજે બંધાઇ શકે છે, અને ઘણી વાર તો એ જીવનભર ટકી રહે છે. ઈંગ્લંડની એકાદ યૂથ હોસ્ટેલમાં તમે જઈ પહોંચો તો કદાચ ફ્રાન્સ, નૉર્વે, જર્મની કે અન્ય યુરોપીય દેશોના કોઇક વિદ્યાર્થીને તેણે થોડાં અઠવાડિયાં ઇંગ્લંડમાં ગાળ્યા એ દરમ્યાન શું શું જોયું એનું બુદ્ધિપૂર્વક, પોતાની આજુબાજુ વીંટળાઇ વળેલા યુવકોના એક ટોળા આગળ વર્ણન કરતો સાંભળશો. કદાચ તમે, વર્ષોથી સેક્રેટરીના વ્યવસાયમાં પડેલી એક આધેડ વયની બાઈને મળશો જે તમને કહેશે કે પોતાની દરેક નાનીમોટી રજા તે યૂથ હોસ્ટેલોમાં જ ગાળે છે, અને હમેશ એકલવાયી પ્રવાસ કરવા છતાં દરેક સ્થળે તેને નવા મિત્રો મળી રહે છે. કદાચ તમે એકાદ દસ વર્ષના પુત્રને લઇને નીકળેલાં મા-બાપના સુખી કુટુંબજીવનની અદેખાઇ કરશો, કારણ આનંદ ઉભરાતા મુખે તેઓ જણાવશે કે તે સૌ હમેશ સાઇકલ પર ચાળીસ માઇલનો પ્રવાસ ખેડે છે અને ગ્રામપ્રદેશના એકેક ઇંચમાંથી અનેરો આનંદ લૂટે છે.

વળી દર બે મહિને આ સંસ્થા તરફથી 'Rucksack' નામનું એક સામાયિક, યૂથ હોસ્ટેલો પ્રવાસ અનુભવો તથા ગ્રામપ્રદેશ અને ગ્રામજીવન પર માહિતી દર્શાવતા લેખો સાથે બહાર પાડવામાં આવે છે. ઉપરાંત દર મહિને Y. H. A. Bulletin નામનું પત્ર પ્રસિદ્ધ થાય છે, જેમાં હોસ્ટેલો તથા પરદેશોમાંના હોસ્ટેલિંગ વિષેની નોંધો આવે છે. આ બંનેનું વાર્ષિક લવાજમ ત્રણ શિલિંગ છે.

આ રીતે, સામાન્ય આવકવાળી પ્રજા માટે સારો ય દેશ અને ખાસ કરીને 'યૂથ હોસ્ટેલ્સ મંડળ' અનેક દેશોમાં કિંમતી સેવા બજાવી રહ્યું છે. તાજેતરમાં આપણા દેશમાં પણ આ સંસ્થાની 'ભારતીય યૂથ હોસ્ટેલ્સ મંડળ' (Indian Youth Hostels Association)ના નામથી મ્હૈસુર યુનિવર્સિટીમાં કામચલાઉ સ્થાપના થઈ છે, એ (હજી પારણામાં પડેલી ખૂણી જેવું હોવા છતાં) ઘણા આનંદની વાત છે. બીજા દેશોમાં પ્રવાસ શોખીનોની લાડકવાયી થઈ ચૂકેલી આ સંસ્થા આ દેશમાં જેમ બને એમ જલ્દી શુભ શરૂ-આત કરે અને ફૂલેફાલે એ અતિ અગત્યનું છે, કારણ આપણો તર-છોડાએલો ગ્રામપ્રદેશ આપણી આતુરતાપૂર્વક વાટ જુએ છે અને આપણા ભુલાએલા વનવગડા આપણને સાદ પાડે છે. આપણા જ એક કવિએ સર્જેલી લોકપ્રિય પંક્તિ,

'આખો અવતાર મારે ભમવા ડુંગરિયા જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરાઅંતરની આંખડી લ્હોવી જરી.'
આજે પુનર્પ્રાણ માગે છે.

આ અંકના મુખચિત્રના કલાકાર

શ્રી અનિલ રાયચૌધરી, સ્વ. શારદાચરણ ઉકિલે દિલ્હીમાં સ્થાપેલી 'ઉકિલ કલાશાળા'ના જ વિદ્યાર્થી. સ્વર્ગસ્થના હાથ નીચે સીધી તાલીમ પામેલા શ્રી રાયચૌધરીએ પોતાની કલાશક્તિ વડે સારી પ્રતિષ્ઠા મેળવી છે; અને પોતાની કૃતિઓથી તેટલા જ, 'ઑલ ઇંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટી'ના મંત્રી તરીકે એ સંસ્થાને તેની આજની સ્થિતિએ પહોંચાડવામાં બજાવેલી કામગીરીથી તે સર્વત્ર જાણીતા છે.

આ અંકની કોથળી ઉપરનું આપનું સરનામું

બરાબર છે? જરા કાળજીપૂર્વક તપાસી જશો ને કાંઈ પણ ભૂલ હોય તો તરત જ અમારું ધ્યાન ખેંચશો, જેથી અમે તે સુધારી લઇએ. અસ્પષ્ટ અક્ષરો અગર ભૂલવાળાં સરનામાંને લીધે ઘણા ગ્રાહકોના અંકો ગેરવલ્લે જતા હોવાથી હવે ટૂંક વખતમાં જ અમે સરનામાં છપાય એવી પાકી વ્યવસ્થા કરવાના છીએ. એટલે, તેમ કરતાં પહેલાં બધાં સરનામાં બરાબર ચકાસાઇ જવાની જરૂર છે, જેથી તે પાકાં થઈ જતાં અગાઉ કાંઈ પણ ભૂલચૂક હોય તો સુધારી લેવાય. આપ આ વાંચીને તરત જ આપનું સરનામું ઝીણવટથી તપાસી જોશો અને કાંઈ પણ ભૂલ હોય તો તાબડતોબ અમને ખબર આપશો, જેથી તેમાં સુધારો કરી લેવાય. આશા છે કે આટલો સહકાર આપ આપશો.

ફેફસાં

શ્વસનક્રિયાનો બીજો ભાગ

લેખક
ડૉ. શિવપ્રસાદ
ત્રિવેદી

આ તમે નહિ જાણતા હો

કે આપણા એક એક ફેફસામાં અઢી અઢી કરોડ શ્વાસનળીઓ આવેલી છે અને એ નળીઓને છેડે આવેલા વાતકોષોની સંખ્યા છે ચાર અબજ !

કે દર મિનિટે આપણે પંદરથી અઢાર વખત શ્વાસ લઇએ છીએ; અને એ દરેક શ્વાસ વખતે એક એક રતલ હવા આપણાં ફેફસાંમાં જાય છે એ હિસાબે દર મિનિટે સરેરાશ ૧૬ શેર, અને ચોવીસ કલાકમાં આપણે લગભગ ૫૭૬ મણ હવા આપણાં ફેફસાંમાં ભરીએ છીએ !

અને આ પણ નહિ જાણતા હો કે

ગૂંગળાવાથી મરી જવાય છે શાથી ?

માણસ તરી શકે છે એનું રહસ્ય શું ?

દોડતાં કે વ્યાયામ કરતાં હાંફ શાથી ચડે છે ?

ક્ષય ફેફસાંનો જ વધુ પ્રમાણમાં થાય છે એનું શું કારણ ?

આપણાં ફેફસાંની આ બધી કામગીરી સુરેખ ચિત્રો સાથે આ લેખ સમજાવે છે

શ્વાસનળી બે શ્વાસનલિકામાં ફંટાયા બાદ એ દરેક શ્વાસનલિકાની પાછી બીજી શાખાઓ ફંટાય છે. પછી એ શાખાઓની પ્રશાખાઓ, તેમાંથી લઘુ શાખાઓ, અને તેમાંથી સૂક્ષ્મ શાખાઓ ફેફસાંમાં સર્વત્ર ફેલાય છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ શ્વાસનલિકાની પહોળાઈ ફક્ત ૧/૫૦ ઇંચ છે! અનુમાનવામાં આવ્યું છે કે દરેક ફેફસામાં એવી કુલ અઢી અઢી કરોડ શ્વાસનલિકાઓ છે!


એ સૂક્ષ્માતિસૂક્ષ્મ શ્વાસનલિકાઓના છેડા છેવટે બ્રશના તાંતણાઓની જેમ ૧૦-૧૨ ફાંટાઓમાં પરિણમે છે; તે વાતકોષ(air-sac) કહેવાય છે. એ વાતકોષો ટાંકણીની અણી કરતાં પણ નાના છે અને તેમની સંખ્યા પણ અજાયબ પમાડે તેવી—ચાર અબજની છે! એ વાતકોષોની આકૃતિને ઉપમા આપવી હોય તો તે દ્રાક્ષનાં ઝુમખાં જેવાં કહી શકાય. પણ એનો સ્પષ્ટ ખ્યાલ તો કૉલીફ્લાવર જોઇને આવે. 'ફ્લાવર'માં દડાના મૂળમાંથી કેટલી બધી દાંડીઓ ફૂટે છે! અને તે દરેક નાનીનાની બનતી જતી છેવટે અતિ સૂક્ષ્મ દાંડી બને છે. તેના ઉપર 'ફ્લાવર'નું નાનકડું ટોચકું હોય છે. ફેફસાંની રચના પણ આવી જ છે.

બીજી રીતે જોઇએ તો, મુખ્ય શ્વાસનળી અને તેમાંથી ફૂટતી શ્વાસનલિકાઓનું દૃશ્ય ઊંધા પડેલા વૃક્ષ જેવું છે. વાતકોષો એ વૃક્ષનાં પાંદડાં જેવાં છે. આ સરખામણી એક બીજી રીતે પણ સયુક્તિક છે. વૃક્ષો પોતાની શ્વાસોચ્છ્વાસની ક્રિયા જેમ પાંદડાં દ્વારા કરે છે, તેવી જ રીતે વાતકોષો પણ પ્રાણીઓનાં શરીરમાં પ્રાણવાયુ લે છે અને કાર્બન ડાયૉક્સાઈડ બહાર ફેંકે છે.


આ ઉપરાંત શ્વાસનલિકાઓની અંદર પાતળી માંસપેશીઓ પણ આવેલી છે. તે તેનો વિસ્તાર-સંકોચ કરે છે. દમના દરદીને જ્યારે દમનો હૂમલો થાય છે ત્યારે શ્વાસનલિકાઓની એ માંસપેશીઓ સંકોચાઈ જાય છે. આ અવરોધને વટાવીને શ્વાસ લેતાં દમના દરદીને ઘણી મુશ્કેલી પડે છે. જ્યારે મોઢાનાં વાજાં વગાડનારા સંગીતકારોમાં આથી ઉલટી દશા હોય છે. એમની શ્વાસનલિકાઓ પહોળી સ્થિતિમાં જ રહે છે. આનું પરિણામ એટલું બધું વ્યાપક બને છે કે એવા સંગીતકારની છાતીનું માળખું પીપ જેવું બને છે.

આ ફેફસાંની ચોમેર પાતળાં બે પડનું એક આવરણ હોય છે, અને તે માણસની છાતીના પોલાણમાં લટકતાં રહ્યાં છે. આપણી છાતીનું એ પોલાણ તદ્દન શૂન્ય, હવા વગરનું—vacuum (નિર્વાત) છે. તેમાં ફેફસાં સંકોચ-વિસ્તાર પામે છે. છાતીના એ પોલાણમાં જો કાણું પાડવામાં આવે અને અંદર હવા દાખલ થાય તો તરત ફેફસાં સંકોચાઇ જાય અને મૂળ કદથી ત્રીજા ભાગનાં રહે. ફેફસાંના ક્ષય-વ્યાધિમાં ઉપચાર તરીકે ફેફસાંને આરામ આપવો જરૂરી ગણ્યો છે, અને તે માટે છાતીના પોલાણમાં સોય દ્વારા (Artificial Pneumothorax=A. P. T.) હવા પૂરવામાં આવે છે. અંદર પૂરેલી હવા શોષાઇ જાય કે તરત બીજી હવા અવારનવાર પૂરવી પડે છે. ફેફસાં ઉપરના બે-પડા આવરણમાં રોગોત્પાદક જીવાણુઓને લીધે જ્યારે સોજો આવે છે, ત્યારે દરદીને શ્વાસોચ્છ્વાસ લેતાં અત્યંત દરદ થાય છે. આ વ્યાધિનું નામ પ્લૂરસી.

શ્વાસનલિકાઓની સાથોસાથ, તેમની ચપોચપ આવેલા લોહી ભરેલી કેશવાહિનીઓ પણ છે. તેમની સંખ્યા પણ વાતકોષોના જેટલી જ, ચાર અબજ! વાતકોષોની દીવાલો પર આ કેશવાહિનીઓનાં ગૂંચળાં વીંટળાએલાં હોય છે. આ બંનેની નળીઓની દીવાલો અતિઘણી પાતળી છે,—એટલી બારીક કે એ જ દીવાલો દ્વારા વાયુઓનો વિનિમય સહેલાઈથી થઈ શકે છે.



મુખ્ય શ્વાસનળી અને તેમાંથી ફેફસાંમાં ફૂટતી શ્વાસનલિકાઓનું દૃશ્ય ઊંધા પડેલા ઝાડ જેવું લાગે છે.



છાતીનાં પાટિયાંમાં ગોઠવાએલાં ફેફસાં અને હૃદયની સ્થિતિ દર્શાવતું આલેખન. સાથેના લેખમાં વર્ણવવામાં આવ્યું છે તેમ, દરેક ફેફસામાં પથરાએલી પડેલી અઢી કરોડ સૂક્ષ્મ શ્વાસનળીઓને છેડે દ્રાક્ષનાં ઝૂમખાં પેઠે જે વાયુકોષો આવેલા છે તેની રચના નીચે જમણી તરફના કુંડાળામાં ખૂબ મોટી કરેલી આકૃતિના રૂપમાં આલેખી બતાવી છે; અને ડાબી તરફના કુંડાળામાં, એવો એક વાયુકોષ વચ્ચેથી ચીર્યો હોય તો તેનું ફાડિયું સૂક્ષ્મદર્શક યંત્રમાં જે રીતનું દેખાય તેનું આલેખન અતિઘણા મોટા કદમાં કરી બતાવ્યુ છે,—જ્યાં શ્વસોચ્છ્વાસની ક્રિયા વખતે, શ્વાસની હવા હૃદયની સૂક્ષ્મ કેશવાહિનીઓના સંપર્કમાં આવીને પ્રાણવાયુ અને કાર્બન ડાયૉકસાઇડની આપ-લે કરે છે. લોહીમાંના લાલ કણો એ વિનમય કઈરીતે કરે છે તેનું વર્ણન લેખમાં આપ્યું છે.

એ તો આપણે જાણીએ છીએ કે હવા, એ જુદીજુદી જાતના વાયુઓનું મિશ્રણ છે. તેમાં ૭૯ ટકા નાઇટ્રોજન, ૨૦ ટકા પ્રાણવાયુ ઑક્સિજન, ને એક ટકો બીજા વાયુઓ (આર્ગન, હેલિયમ, નીઑન)માં ફક્ત $\frac{3}{100}$ ભાગ કાર્બન–ડાયૉક્સાઇડ છે. પ્રાણવાયુ રસાયણની દૃષ્ટિએ સક્રિય (active) છે. બીજા ઘટકો પર તે જલદી અસર કરે છે. કોઈ પણ દ્રવ્યના અણુઓને તે છિન્નભિન્ન કરે છે; ને પછી એ છિન્નભિન્ન ટુકડાઓ સાથે પોતે જોડાય છે. આ ક્રિયાને ઑક્સિડેશન કહે છે. આના પરિણામે ગરમી ને તેજ પેદા થાય છે. દાખલા તરીકે લાકડામાં રહેલા કાર્બનના અણુઓમાં પ્રાણવાયુ જોડાય એટલે લાકડું સળગે છે.


આવી જ રીતે પ્રાણવાયુ આપણા દેહમાં પણ 'બળતણ'ની ક્રિયા કરે છે. આપણા દેહમાંનાં લાકડાં તે દેહના કોષોમાં રહેલાં પોષણ દ્રવ્યોમાંનો કાર્બન. શ્વાસ દ્વારા પ્રાણવાયુ દેહમાં આવે છે, અને ઑક્સિડેશનની ક્રિયા શરૂ થાય છે. પ્રાણવાયુ પોષણ દ્રવ્યોમાંનો કાર્બન 'ખાય છે' અને તેને પરિણામે દહનક્રિયા થાય છે. આ દહનક્રિયાને લીધે ગરમી પેદા થાય છે અને આ ગરમીથી જ માનવ જીવન ટકે છે. શરીરની આ ગરમી ૯૮·૬ ફેરનહાઈટ ડિગ્રી છે. માણસના શરીરમાં ચાલતી આ 'દહનક્રિયા' ખૂબ ધીમી, સ્થિર, પણ અવિરત ને અવિશ્રાન્તપણે આખી જિંદગી ચાલ્યા જ કરે છે; અને જ્યારે તે બંધ પડે છે ત્યારે મરણ આવે છે. હવે સ્પષ્ટ સમજાશે કે આપણે જેને 'જીવન જ્યોત' કહીએ છીએ તે એ દહનક્રિયા જ છે. એ ક્રિયા બંધ પડે ત્યારે 'જીવન જ્યોત' બુઝાય છે.

પોષણ-દ્રવ્યોના કાર્બન સાથે પ્રાણવાયુના સંમેલનથી કાર્બન ડાયૉક્સાઇડ ઉત્પન્ન થાય છે. આ કાર્બન ડાયૉક્સાઈડ લોહીમાં વધી જાય તો તે શરીર માટે ઝેરી છે. આથી એ ઝેરી વાયુને શરીરની બહાર ઘસડી જવાનું કાર્ય લોહીમાં ફરતા રાતા કણો ઉપાડે છે. દહનક્રિયાથી 'તરસ્યા' બનેલા કોષો જેમ શુદ્ધ લોહીમાં તરતા રાતા કણોમાંથી પ્રાણવાયુ ઝડપી લે છે અને તાજા બને છે, તેમ બીજી બાજુ, લોહીમાં પેદા થએલા કાર્બન ડાયૉક્સાઇડને પણ એ કણો ઝડપી લે છે. એમ ઝેરી વાયુવાળું અશુદ્ધ બનેલું લોહી શિરાઓ દ્વારા પાછું ફરતું જમણા હૃદયમાં આવે છે, એ આપણે અગાઉ જોઈ ગયા છીએ. ત્યાંથી તેનો પ્રવાહ ફેફસાંની કેશવાહિનીઓ સુધી જાય છે.


શરીરની અંદર રાતા-કણોએ કરેલી વાયુઓની આ અદલા-બદલીનું હવે ફેફસાંમાં પુનરાવર્તન થાય છે. આપણે આગળ જોઈ ગયા કે શ્વાસનલિકાઓને ચપસીને કેશવાહિનીઓ પથરાઈ છે. બંને વચ્ચે ફક્ત તેમની દીવાલોનો અતિ બારીક પડદો જ છે. કેશવાહિનીઓમાં કાર્બન ડાયૉક્સાઈડવાળું અશુદ્ધ લોહી વહેતું હોય છે, જ્યારે શ્વાસનલિકાઓના વાત-કોષો શ્વાસમાં લેવાએલા પ્રાણવાયુથી ભરપૂર હોય છે. અહીં વળી રાતા-કણો વાયુઓનો વિનિમય કરે છે. પણ તેમ કરવામાં પ્રાણવાયુ અને લોહી સીધા સંબંધમાં નથી આવતા, પણ તેમની વચ્ચેનો પાતળો પડદો એ કાર્ય કરે છે. રાતા-કણોમાં પ્રાણવાયુ ઝડપી લેવાનો અજબ ગુણ છે. એ કામ રાતા-કણોમાંનું રક્તલોહ (Hœmoglobin હીમોગ્લોબીન) ઉપાડે છે. રક્ત-લોહ શ્વાસનલિકાઓમાંથી પ્રાણવાયુ ઝડપી લે છે; અને બદલામાં કાર્બન ડાયૉક્સાઇડ તેને આપે છે. આ વિનિમય એક સેકન્ડ પર્યંત ચાલે છે

આ 'સેકન્ડ' જીવનના નિભાવ માટે અતિ મહત્ત્વની છે. આ રીતે કાર્બન ડાયૉક્સાઈડ રૂપી ઝેરથી વિમુક્ત બનેલું અશુદ્ધ લોહી શુદ્ધ બની જાય છે અને તે ફેફસાંમાં ભ્રમણ કરી ડાબા હૃદયમાં આવે છે, અને ત્યાંથી આખા શરીરમાં ફરી વળે છે.

રક્ત-લોહ સાથે પ્રાણવાયુનું જોડાણ રાસાયનિક સંજોગોથી થાય



પાંસળીઓનાં બનેલાં આપણી છાતીનાં પાટિયાં—માળખાંની અંદરનું પોલાણ નિર્વાત (વાયુવિનાનું વૅક્યુમવાળું) છે ને તેની વચ્ચોવચ ફેફસાં લટકેલાં છે. આપણે જ્યારે શ્વાસ લઇએ છીએ ત્યારે છાતીનું એ માળખું ત્રણ દિશામાં ફૂલે છે: સામેથી પાંસળીઓ આગળપાછળ થતી જણાય છે; પડખેથી પાંસળીઓની ગતિ ડોલના આંકડિયા જેવી થાય છે, ને નીચેનું ઉદરપટલ–ડાયાફ્રામ ઊંચુંનીચું થાય છે. આ ચિત્રમાં છાતીના માળખાની આકૃતિને પડખે ડોલનું ચિત્ર મૂકીને તેના આંકડિયા પેઠે છાતીનું માળખું કઇ રીતે ઊંચુંનીચું થાય છે તે સમજાવ્યું છે. શ્વાસ લેતાં થતી છાતીની ફૂલેલી સ્થિતિ કરકરિયાળી લીટી વડે બતાવી છે, અને શ્વાસ નીકળી જઇને બેઠેલી છાતી ઘાટી લીટીથી.



અને હવે આ આકૃતિમાં, છાતીના ફૂલવા-બેસવાથી ફેફસાં કેવી રીતે ફૂલે તથા સંકોચાય છે તે એક પ્રયોગ વડે સમજાવ્યું છે. કાચની એક 'બેલ-જાર' (ઘંટાકાર બરણી)ના નીચેના ખુલ્લા તળિયાને રબરશીટ વડે સજ્જડ બંધ કરી દીધું હોય, ને મથાળેથી, બતાવ્યા મુજબ રબ્બરના બે ફુગ્ગા તેમાં દાખલ કર્યા હોય, તો નીચેનું રબરશીટ ખેંચવાથી બરણીમાંનું દબાણ ઓછું થઇને ફુગ્ગામાં હવા ભરાઇને તે ફૂલશે, અને રબ્બરશીટ મૂકી દેવાથી હવા નીકળી જઇને ફુગ્ગા સંકોચાઇ જશે. ફેફસાં કંઇક આ રીતે કામ કરે છે.

છે. ફેફસાં જાણે કે રાતા-કણોને 'ધોઈ' નાખી તાજા બનાવવાના 'શુદ્ધિકુંડો' જેવાં છે. ફેફસાંના એ શુદ્ધિકુંડોમાં રાતાકણો દિવસભરમાં એક હજાર વાર શુદ્ધ થાય છે. રાતા-કણોને શુદ્ધ કરનાર પ્રાણવાયુ છે. આ વાયુ શ્વાસની ક્રિયા દરમિયાન ફેફસાંમાં આવે છે.

ફેફસાં કદમાં મોટાં હોવા છતાં વજનમાં માત્ર બે રતલ જ છે! ફેફસું અત્યંત સ્થિતિસ્થાપક પેશીઓનું બનેલું છે. તે નાનાનાના ભાગોમાં વહેંચાએલું છે. દરેક નાના ભાગમાં વાતકોષો, પોષણ આપનારી રુધિરનળીઓ અને જ્ઞાનતંતુઓ છે.

શ્વસોચ્છ્વાસની ક્રિયા એટલે છાતીનું ફૂલવું અને સંકોચાવું. છાતી ફૂલે એટલે છાતીની બખોલ પહોળી થાય છે. અને તેમ થતાં વાતકોષો મૂળ સ્થિતિ કરતાં ત્રણ ગણા પહોળા થાય છે. આમ થવાથી ફેફસાંમાં હવાનું દબાણ ઘટે છે. પરિણામે વાતાવરણના દબાણને લીધે હવા શ્વસનળીમાં અને ફેફસાંમાં ધસે છે. ઉચ્છ્વાસ વખતે ઉદરપટલ ઢીલો થાય છે અને ઊંચો જાય છે. આથી છાતીનું પોલાણ ઘટે છે અને છાતીની દીવાલો ફેફસાં ઉપર દબાણ કરે છે. સ્ત્રીઓ છાતીની માંસપેશીઓના આધારે શ્વસોચ્છ્વાસની ક્રિયા કરે છે, જ્યારે પુરુષો ઉદરપટલ અને પેટની માંસપેશીઓ દ્વારા.

બાળક ગર્ભમાં હોય છે ત્યાં સુધી શ્વાસોચ્છ્વાસની ક્રિયા હોતી નથી, પણ જેવો પ્રસવ થાય કે તરત જ તે ઊંડો શ્વાસ લે છે અને રુદન દ્વારા ધીમેધીમે તે બહાર કાઢે છે. જન્મતાં વેંત થતી આ ક્રિયા જીવન પર્યંત સતત—અવિરત ચાલ્યા જ કરે છે. દર મિનિટે ૧૫ થી ૧૮ વખત આપણે શ્વાસ લઈએ છીએ. જોકે આરામ, કસરત ને વ્યાધિમાં તેની વધઘટ થાય છે. આ અનુસાર નાડીના ધબકારા પણ વધે-ઘટે છે, કારણકે ફેફસાં અને હૃદય વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે.

શ્વાસ લેતી વખતે એક શેર હવા ફેફસાંમાં જાય છે. આરામ લેતો માનવી એક મિનિટમાં ૧૬ શેર હવાના ઘૂંટડા ભરે છે. બેઠી સ્થિતિમાં તે પોણો ગણ હવા લે છે, ચાલતી વખતે એક મણ, અને દોડતી વખતે અઢી મણ હવા શ્વાસમા ભરે છે. આમ, ચોવીસ કલાકમાં ફેફસાંમાં જતી-આવતી હવાનું વજન લગભગ ૫૭૬ મણ જેટલું હોય છે! શ્રમજીવીઓમાં તો આથી પણ વધારે. માણસની વિવિધ કામગીરી અનુસાર તેના દેહમાં પ્રાણવાયુનું દહન થાય છે. આ રીતે જીવન-જ્યોત સદા જલતી રહે છે.

શ્વાસમાં આવતી હવામાં જે વીસેક ટકા પ્રાણવાયુ અને $\frac{3}{100}$ ટકા કાર્બન ડાયૉક્સાઈડ હોય છે, તેમાનો પાંચ ટકા પ્રાણવાયુ દેહમાં દહનક્રિયામાં વપરાઇ જાય છે, એટલે ઉચ્છ્વાસમાં તેનું પ્રમાણ સોળેક ટકા હોય છે; જ્યારે કાર્બન ડાયૉક્સાઇડનું પ્રમાણ વધીને ચાર ટકા થાય છે. માનવી એક કલાકમાં ઉચ્છ્વાસ દ્વારા એકથી બે મણ કાર્બન ડાયૉક્સાઈડ બહાર કાઢે છે એ ઝેરી વાયુ છે અને હવામાં તેનું પ્રમાણ સાત ટકા થાય ત્યારે માનવી શ્વાસ માટે વલખાં મારે છે; અને એનું પ્રમાણ ૧૪ ટકા થાય એટલે મૃત્યુ થાય છે.

મોં-નાક સખત દબાવવાથી માણસ ગૂંગળાઈ મરે છે એનું કારણ પણ કાર્બન ડાયૉક્સાઇડની ઝેરી અસર છે. મોં-નાક દબાયાથી ફેફસાંમાં પ્રાણવાયુ જતો નથી. આથી રુધિરાભિસરણ મંદ પડી થંભી જાય છે ને અશુદ્ધ લોહી શરીરમાં ફરે છે. આની અસર મગજમાંનાં શ્વસનક્રિયા-કેન્દ્ર પર થતાં હૃદયની માંસપેશીઓ કાર્ય કરતી અટકે છે. પરિણામે દસ જ મિનિટમાં માનવીનું મૃત્યુ થાય છે.

કાર્બન ડાયૉક્સાઇડના જેવો બીજો ઝેરી વાયુ કાર્બન મૉનૉક્સાઈડ છે. પાણી ઊનું કરવાના બંબામાં કે ભઠ્ઠીમાં કોલસા પૂરા સળગ્યા ન હોય ને ઓરડી બંધ કરેલી હોય ત્યારે પૂરતા પ્રાણવાયુના

અભાવે અધૂરા સળગેલા કોલસામાંથી કાર્બન મૉનૉક્સાઇડ વાયુ ઉત્પન્ન થાય છે. આવી ઓરડીમાં સ્નાન કે રસોઈ કરનાર વ્યક્તિના શ્વાસમાં કાર્બન મોનૉક્સાઇડ જાય છે, તો તેના પરિણામે શરૂઆતમાં તે બેભાન થાય છે અને વધારે વખત વીતતાં મરણ પામે છે.

પણ પ્રાણીમાત્રના ઉચ્છ્વાસમાં ફેંકાએલા આ કાર્બન ડાયૉક્સાઇડને વનસ્પતિનાં વૃક્ષો સંઘરે છે. પાંદડાંમાં રહેલો ક્લૉરૉફીલ નામનો પદાર્થ સૂર્યના પ્રકાશની અસર નીચે કાર્બન ડાયૉક્સાઇડને 'તોડે' છે. તેમાં છૂટો પડેલો પ્રાણવાયુ હવામાં ભળી જાય છે ને કાર્બન વનસ્પતિના પાણી સાથે ભળીને સાકર કે સ્ટાર્ચમાં પરિણમે છે.

ઉચ્છ્વાસની હવામાં કાર્બન ડાયૉક્સાઇડ ઉપરાંત પાણીની વરાળ, એમૉનિયા અને હાઈડ્રોજન વાયુઓ પણ હોય છે. અનુમાનવામાં આવ્યું છે કે ઉચ્છ્વાસ દ્વારા રોજ ૧૯ શેર પાણી શરીરમાંથી બહાર જાય છે! પાણી જવાથી શરીરની ગરમી થોડી ઓછી થાય છે. આથી ઉચ્છ્વાસની હવા સાધારણ ગરમ હોય છે. ફેફસાં આ રીતે શરીરની વધારાની ગરમી દૂર કરવાનું કાર્ય કરે છે. ઉનાળામાં શરીરની ગરમી ઘટાડવા કૂતરાં જીભ બહાર કાઢી જોસભેર શ્વાસ લેતાં જોવામાં આવે છે. માનવીમાં આ કાર્ય પરસેવા દ્વારા થાય છે.

શરીરમાં ફેફસાં, આંતરડાં, નાક અને માથું હવા ભરેલાં હોવાથી હલકાં છે, જ્યારે હાથપગ વગેરે વજનદાર ભાગો છે. આમ, શરીરમાં હવા હોવાથી આપણે પાણીમાં તરી શકીએ છીએ. છતાં તરતી વખતે શરીરના વજનદાર ભાગો પાણીમાં ડૂબેલા રહે છે. નાક, આંખો અને મોંની ફાડ પાણી ઉપર રહે એવી રીતે માથું પાણીમાં ડૂબેલું રાખીને ચતો રહી તરનાર તારો ધીમો શ્વાસ લેતો રહી ફેફસાં હવાથી ભરેલાં રાખે છે, આથી તે મડદાની જેમ ચિત રહી તર્યા કરે છે.

શ્વાસોચ્છ્વાસની આ ક્રિયા સ્વૈર (Automatic) છે. આપણા જ્ઞાન કે ઈચ્છા વગર આપોઆપ થયા જ કરે છે. આમ ના હોત તો બીચારા કામમાં ગુંથાએલા કે ભૂલકણાં માનવી અને પ્રાણીઓ આ ક્રિયા કરવાનું જ ભૂલી જાત અને હવા વગર ગુંગળાઇ જાત! જોકે એ ક્રિયા હૃદયની જેમ સંપૂર્ણ સ્વૈર નથી. તેને આપણે આપણી મરજી મુજબ વધારેઓછી કરી શકીએ છીએ. આ શક્તિના પ્રતાપે અચ્છો તરનાર ડૂબકી મારી પાણીમાં પાંચ મિનિટ સુધી રહી શકે છે.

દોડતી કે કસરત કરતી વખતે આપણને હાંફ ચડે છે તેનું કારણ શું? એ વખતે માંસપેશીઓને વધારે કાર્ય કરવું પડે છે. એથી વધુ પ્રમાણમાં પ્રાણવાયુ વપરાય છે અને લોહીમાં કાર્બન ડાયૉકસાઇડનુ પ્રમાણ વધે છે. લોહીમાં વધી પડેલા ડાયૉક્સાઈડથી મગજમાં આવેલું શ્વસનક્રિયાકેન્દ્ર ઉત્તેજાઇને તે શ્વાસોશ્વાસની ક્રિયાને વધુ વેગીલી બનવા ફરમાવે છે. પરિણામે ઝડપથી લોહીમાં વધારે પ્રાણવાયુ આવે છે અને કાર્બન ડાયૉક્સાઇડ બહાર ફેંકાય છે.

પૃથ્વીથી ઊંચે જતાં વાતાવરણ પાતળું બને છે ત્યાં પણ આ રીતે માણસ ગૂંગળાય છે, કારણ કે ત્યાં પ્રાણવાયુનું પ્રમાણ ઓછું હોવાથી શરીરમાં ઑક્સાઇડેશનની ક્રિયા મંદ પડે છે. આના પરિણામે માનવીને શ્વાસ લેતાં મુશ્કેલી ઊભી થાય છે, ગુંગળામણ અનુભવાય છે અને તે બેભાન થાય છે. આ અસરોથી મુક્ત રહેવા પર્વત શિખરિણીઓ પ્રાણવાયુ પેદા કરતું યંત્ર પીઠ પાછળ ભેરવી પર્વતારોહણ કરે છે ને તેની મદદથી ૨૫૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી જાય છે. પર્વતવાસીઓને શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં તકલીફ ના પડે તે માટે કુદરતે તેમના લોહીમાં રાતાકણો વધારે સંખ્યામાં આપ્યા છે. આથી લોહીમાં વધુ પ્રમાણમાં પ્રાણવાયુ રહે છે. પ્રાણવાયુની મદદ વગર પણ પર્વત ઉપર ઊંચે જનારા કોક વિરલા હોય છે. એવરેસ્ટના આરોહણમાં કર્નલ નૉર્ટન ૨૭,૯૦૦ ફૂટની ઊંચાઈએ,—શિખરથી માત્ર ૧૧૦૦ ફૂટ નીચે, શ્વાસ લેવાના યંત્ર વગર ચઢ્યો હતો!

આપણા મોટા ભાગમાં કુદરતે ફરમાવ્યા મુજબની સંપૂર્ણ શ્વસનક્રિયા નથી થતી હોતી. આપણી શ્વસનક્રિયા અધૂરી છે. સામાન્ય રીતે શ્વાસ લેતાં આપણે હવાના અધૂરા ઘૂંટડા જ ભરીએ છીએ. આના કારણ રૂપ ખૂંધા બેસવું, ચુસ્ત કપડાં પહેરવાં, વ્યાયામનો અભાવ, વગેરે છે. અધૂરા શ્વાસ લેવાથી ફેફસાંની ટોચ સુધી તેમજ છેક નીચેના ભાગ સુધી હવા પહોંચતી નથી; ફક્ત વચલા ભાગમાં જ હવાની આવ-જા થાય છે. આ રીતે આપણા ઉચ્છ્વાસની ક્રિયા પણ અપૂર્ણ હોવાથી કાર્બન ડાયૉક્સાઇડ ફેફસાંમાં એકત્ર થાય છે. દીર્ઘ શ્વાસ લેવાથી ફેફસાંની છેલ્લી ટોચ સુધી અને છેક ખૂણાખાંચરામાં પ્રાણવાયુ પસરી વળે છે અને દીર્ઘ ઉચ્છ્વાસથી ફેફસાના ખૂણાઓમાં ભરાઈ રહેલો કાર્બન ડાયૉક્સાઇડ બહાર નીકળે છે. પુખ્ત વયનો માનવી પાંચશેરથી માંડી વ્યાયામી માણસ એક મણ સુધી હવા દીર્ઘશ્વાસમાં લઇ શકે છે. જોકે ફેફસાંની છેવટની હવાગ્રહણ શક્તિ તો અઢીમણ જેટલી છે.

અધૂરા શ્વાસ લેવાથી ફેફસાંના ટોચ ભાગ સુધી હવા જતી નથી એ આપણે હમણાં જોયું. એ ટોચ ભાગની વિચિત્રતા એ છે કે ત્યાં વાતકોષો પૂરા ફૂલતા નથી. વળી ત્યાં રૂધિરાભિસરણ પણ મંદ છે. આ કારણે ફેફસાંનો ટોચ ભાગ હમેશાં કમજોર રહ્યા કરે છે. પરિણામે, ગળામાં સહેલાઈથી સ્થાન પામતા રોગોત્પાદક જીવાણુઓ કે હવામાં આવતા ક્ષયરોગના જીવાણુઓને એ ટોચમાં ઘર કરવા માટે સુલભ સ્થાન મળી રહે છે. રૂધિરાભિસરણ મંદ હોય એટલે લોહીના ધોળા કણો જંતુભક્ષણનું કાર્ય યથાર્થ કરતાં નથી, અને લોહી વિશુદ્ધ હોવાથી જીવાણુઓની વૃદ્ધિને વેગ મળે છે ને મંદ ઉચ્છ્વાસથી રોગોના જીવાણુઓ શરીર બહાર ફેંકાતા નથી. આના પરિણામે ફેફસાંના ટોચ ભાગ (Apex of the Lungs)નો ક્ષય વધુ પ્રમાણમાં થાય છે. જાણવા જેવું છે કે શરીરના બીજા અવયવોકરતાં ફેફસાનો ક્ષય-વ્યાધિ મોટા પ્રમાણમાં થાય છે.

દીર્ઘ શ્વાસ લેવાથી હવા વેગપૂર્વક ફેફસાંના પ્રત્યેક ભાગ—ટોચ અને બેઠકમાં-પ્રવેશે છે; લોહીનું વિશુદ્ધિકરણ થાય છે અને રોગોત્પાદક જીવાણુઓ હલી ઊઠે છે. દીર્ઘ ઉચ્છ્વાસના પ્રબળ વેગમાં રોગના જીવાણુઓ બહાર નીકળે છે, તેની સાથે ખૂણેખાંચરે ભરાઇ રહેલા અશુદ્ધ વાયુઓ પણ નીકળી આવે છે.

લાંબા શ્વાસોચ્છ્વાસની ક્રિયા શરીરના બીજા અવયવ ઉપર પણ અસર કરે છે. દીર્ઘ શ્વાસ ઉચ્છ્વાસ વખતે પેટની માંસપેશીઓ ઉપર દબાણ થવાથી જઠર, બરોડ અને આંતરડાં ઉપર દબાણ પડે છે; આથી ત્યાં રૂધિરાભિસરણની ગતિ વધે છે. જમણા હૃદયમાં અશુદ્ધ લોહી ઝડપથી આવે છે અને તે જલદીથી વિશુદ્ધ બને છે.

વળી દીર્ઘ શ્વાસ લેવાથી ફેફસાંને શ્વાસનો વ્યાયામ મળે છે. આથી પણ રોગોત્પાદક જીવાણુઓ નાશ પામે છે અગરતો શરીરમાં રહી શકતાં નથી. ક્ષયની શરૂઆતમાં દીર્ઘ શ્વાસના વ્યાયામ દ્વારા ક્ષયરોગનુ નિવારણ થાય એવું માનવામાં આવે છે. નથી લાગતું કે આપણી પાસે કુદરત દીર્ઘ શ્વાસોચ્છ્વાસ લેવાની અપેક્ષા રાખે છે!

સ્વાસ્થ્યદાયી દીર્ઘ શ્વાસ લેવાના સારો સમય સવાર અને સાંજ છે. આ વખતે હવામાં ચેતનપ્રદ અધિક પ્રાણવાયુ (ozone) હોય છે. ઊગતા અને આથમતા સૂરજના તાપમાં ખુલ્લામાં બેસી દીર્ઘ શ્વાસોચ્છ્વાસ લેવાથી અંગોની શુદ્ધિ થાય છે અને પરિણામે દીર્ઘ જીવન સહેલાઈથી પ્રાપ્ત થાય છે.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા



લેખક
આ હપતામાં વર્ણવેલા
હૉસ્ટેલ જીવનનાં
સંસ્મરણોના સમયે

બાંધ ગઠરિયાં...



સદીની શરૂઆતના બે દાયકા આપણે જોયા: એક વડોદરે અને બીજો સુરત. હવે ત્રીજે દાયકે મુંબાઈ. આ એ જ મુંબાઈ. જેને જોવા જવાના એ કાળે સૌકોઇને કોડ થતા. સુરતમાં ભણતાં છતાં એમ તો ઘણી વાર મુંબાઈના આંટા માર્યા હતા. ત્યારે દીવાળી તો મુંબાઈની જ. ફટાકડા, હલવો અને રોશની. રાતે રોશનીમાં ચાર કલાકે ગાડી એક મહોલ્લામાંથી બહાર નીકળે. પાનસોપારી, પતાસાં, વહીપૂજન, ઓણી, લક્ષ્મીપૂજન, નારિયેળ, કંકુચોખા, છડી, કાપડના તાકા. સિલ્કિ(સિલ્ક), આલપાકો-વૂલન-ટસોરનાં ભભકાબંધ કપડાં. રોશની, વાજાં, ફટાકડા અને મિઠાઇ વગેરેની ચાર દિવસ મુંબાઈમાં મોજ ઊડતી.

ઘોડાની ટ્રામ ચાલતી; જોકે ઇલેક્ટ્રિકનાં દોરડાં નંખાવાં શરૂ થતાં હતાં. આગગાડીમાં કદીક ભીડ થાય એ બીકે કોલાબા સ્ટેશને જઈ ટ્રેનમાં બેસતા. ગિરગામથી કોલાબા જવા વિકટોરિયાવાળો દોઢ રૂપિયો માગતો. આજની હરકિસનદાસ હૉસ્પિટલની જગ્યામાં અલહંબ્રા સિનેમા ચાલતો, ત્યાં 'પ્રાંકન કૉઈન'ની 'કલેજાં ઉથલાવી નાખનારી. દિલ ધડકાવનારી' આઠ હપતાની ચાલુ સાઇલન્ટ ફિલમ જોતા. એમાં પર્લ વ્હાઇટ અને ફ્રાન્સિસ ફ્રૂક કામ કરતા, તેના ફોટાઓ સંઘરી રાખતા. ફિલમમાં સમજ ન પડે તેમને સમજાવવા એક વક્તા-ફરતાદ રહેતો. ફિલમમાં જ્યારેજ્યારે વચમાં અંગ્રેજી લખાણ આવતું. તે ગાળામાં તરત એ એનો તરજૂમો બોલતો. અને નહિ તો પણ, કોઇ લુચ્ચો આદમી કોઈ ઓરતને ઉઠાવી જતો, કોઇ આફત આવતી કે મારામારી થતી, એવી કટોકટીની ઘડીએ એ પણ ઉશ્કેરાઇને બનાવોનું બયાન કરતો. પઠ્ઠાના મનના ભાવ પણ એ બોલતો, અને ઓરતના મનમાં શું થાય છે તે પણ કહેતો. ત્યારે ટૉકીની તો વાત જ ક્યાં, પણ લાઉડસ્પીકરે નહોતાં; ને છતાં આ બંદો બુલંદ અવાજે રોનકદાર જબાનમાં બધું સમજાવતો, ત્યારે ખરેખર મજા આવતી. ત્યારે હિંદી, હિંદુસ્તાની કે ઉર્દૂના ઝગડા નહોતા. એ જે જબાન બોલતો એથી અમને અંગ્રેજી ફિલમ પૂરી સમજાતી.



ઘેલાભાઈ બોલ્યા 'બસ, ડબ્બો ફુસ!'

ગોળપીઠા પાસે 'સિનેમા દ ફ્રાન્સ' હતો. ત્યાં એક 'જાયન્ટ વ્હીલ' પણ ફરતું. એ સિનેમામાં ટિકિટના નંબર ઉપર લૉટરી ખેંચવામાં આવતી અને તેમાં એક વખત અમે અઢી-ત્રણ રૂપિયાનો જાપાનીઝ ઘડિયાળનો ડબ્બો જીતી આવ્યા હતા.

આ ડબ્બો તે ડબ્બો જ! અલારામ-બલારામનો પણ ઠાઠ; પણ ઘેર પહોંચતાં સુધી જ એ ડબ્બો ચાલ્યો. સુરતથી અમે દીવાળીમાં મુંબાઈ આવતા ત્યારે ગિરગામમાં ત્યારની 'પોસ્ટ ઑફિસ લેન' (અને હવે દેશમુખ ગલી)માં ઊતરતા. કાકાના છોકરા ઘેલાભાઈ ડબ્બો જોઇને જ બોલ્યા. 'બસ, ફુસ! લાવો મને આપી દો.' ઘેલાભાઈ એ ડબ્બાનો આખો ઇતિહાસ જાણે: 'સાલો આ ડબ્બો દસમી વાર ઘરમાં આવ્યો હશે.' અમને તો કંઈ સમજણ ન પડી, પણ ઘેલાભાઇએ સમજાવ્યું કે 'એવા ડઝનબંધ તકલાદી ડબ્બાઓ છે તે ફર્યાં જ કરે છે. હવે આ ડબ્બો અટકી ગયો, તે કોઈ ઘડિયાળીને ત્યાં આપણે સમરાવવા લઈ જવો પડશે. મોટો ઘડિયાળી તો એને હાથમાં જ નહિ લે. પાયધુની કે તાંબાકાંટા આગળ ત્રણચાર ઘડિયાળીઓ છે, તે જ આ લેશે. રૂપિયોરોડો આપી વેચાતો લે, નહિ તો બેએક રૂપિયામાં પાછો જરા ચાલતો કરી આપે. પણ ડબ્બો ઘેર લાવ્યા કે એ રામ એના એ. સોના કરતાં ઘડામણ મોંઘું. કંટાળીને આપણે ડબ્બો પાછો એને જ આપી દઈએ; જે રૂપિયો મળ્યો તે ખરો. એ બેત્રણ ઘડિયાળી અને સિનેમાવાળો મળેલા, તે એ બેત્રણ ડઝન ડબ્બા આટલા-તેટલામાં ફર્યા જ કરે છે. એક ડબ્બો દસ વાર વેચાય, પંદર વાર ઈનામમાં જાય, ડઝન વાર એનું સમારકામ થાય અને એમ એની ચગડોળ ચાલ્યા જ કરે!

મારા બાપુજી કહેતા 'ત્યારે બીજું થાય પણ શું. ઘેલા!' ત્યારે ઘેલાભાઈ અરધા મુંબાઈના આર્થિક વહીવટનો ઇતિહાસ આપી દેતા: 'ચિમનકાકા! સિનેમાવાળો શું કરે? એને ઘરાકી બાંધવી, એટલે ઇનામો કાઢે. હવે ત્રણ આનાની ટિકિટમાં એ ઇનામો પણ શું આપે? પણ ઘડિયાળની વાત જવા દોને? આ આપણાં લગનનાં નારિયેળનું શું થાય છે? વરઘોડામાં કંઇ નહિ તો એકનું એક નારિયેળ મેં દસ વાર લીધું હશે. આ હનુમાનને શનિવારે તેલ ચડાવો છો તેનું શું છે? એ ત્યાં એકઠું થાય. પાછું એ જ તેલ બહાર તેલ વેચનારાને વેચાય, એ પાછું આપણે વેચાતું લઇએ, એનાથી પાછા હનુમાન દાદા નાહાય, અને એમ ચગડોળ ચાલ્યા જ કરે.'

સદીની ત્રીજી વીશીમાં દાખલ થતાં પહેલાં આવો કંઇ મુંબાઇનો થોડોઘણો અનુભવ હતો. મુંબાઈ ગમતું હતું: કેમ, તે કોણ જાણે. ઘડાતું, બંધાતું, સમૃદ્ધ શહેર હતું એથી હશે? કોણ જાણે. પણ શા માટે ગમવું જોઈએ?—જે શહેરનો વિકાસ મોટે ભાગે સુરતના વિનાશને આભારી છે તે? સુરતનાં બજાર, સુરતની દોલત, સુરતની અક્કલ, સુરતના રંગરાગ મુંબાઇમાં એકઠા થતા જતા હતા, છતાં મુંબાઇ ગમતું હતું! ખરેખર, કુદરતની લીલા જ અલૌકિક છે.

આ નો ન માનો, પણ ભણતરમાં હોસ્ટેલ જીવન એ એક મહત્ત્વની અને જરૂરની વસ્તુ છે. કંઈ નહિ તો એકાદ બે વરસ પણ નિશાળના યા કૉલેજના ભણતરમાં હોસ્ટેલમાં રહેવું અગત્યનું છે.

પણ દુઃખની વાત એ છે કે બધાને એવી સગવડ મળતી નથી. બાપકમાઇ ખાતા જે નબીરાઓ હોસ્ટેલમાં રહે છે તેઓ તિરમારખાં બનીને આચરણ કરે છે. અને જે માલેતુજારો ત્યાં નથી રહેતા તેઓ કાં તો વાડીબંગલામાં રહી સાવ માવડી-મુખા, રોતલ અને નાલાયક બની બેસે છે. પણ આવા અનુભવનું ત્યારે કંઈ ભાન નહોતું; માબાપને ભણતર વિષે કશો ખ્યાલ પણ નહોતો. દીકરો કૉલેજમાં જાય એનો હોવો જોઇએ એટલો આનંદ હતો, બસ. છોકરો મૅટ્રિક પાસ થયા પછી શું કરવું, ક્યાં જવું, એની હજાર ભાંજગડમાંની એકે ય અમે ન ફિકરાઓએ કરી નહોતી. કોઈ ગણતરી કરી નહોતી, કોઇ યોજના વિચારી નહોતી. બસ ઠાકોરના ભાઈ આપણને મુંબાઇ લઈ ચાલ્યા એટલે આપણે પણ એની સાથે ત્યાં ઊપડયા.

પણ પૈસા? બાપ તો રેલવેમાં નોકર હતા. દાદા દલ્લામાં મૂકી ગયા હતા માત્ર પાંગળું ઘર. અને આજ સુધી હાઇસ્કૂલમાં ભણાવ્યો મામાજીએ. એટલે કૉલેજના ભણતરનો બોજો હવે એકાએક કોણ ઉપાડશે એનો આ નવા નિશાળિયાએ જરા પણ વિચાર કર્યો નહોતો. કૉલેજની ભારે ફી, હોસ્ટેલનો ખર્ચ, બધું બાપુજી આપવા તૈયાર થયા. ગંગાપુર સિટીના જંગલમાં ઘરખરચ જોકે ઓછો; તેમ છતાં માબાપે જે રીતે ત્યાં કરકસર કરીને પૈસા બચાવી અહીં હોસ્ટેલમાં રહેતા, ભણીને પાટલો ફાડી ઘાડ મારનારા, અઠવાડિયે જ્યાફતો પર જ્યાફતો–ફીસ્ટો ઉડાવનારા દીકરાને રકમ મોકલ્યા કરી તેનો જ્યારે આખો ચિતાર મોડો મોડો નજર સામે ખડો થયો ત્યારે થયું હતું તેમ આજે પણ એનો વિચાર કરતાં મારી નાલાયકી ઉપર મને ચીડ ચડે છે, રડવું આવે છે.

કોલાબામાં મૅજેસ્ટિક હોટેલની પાછળ એલ્ફિન્સ્ટન કૉલેજનું હોસ્ટેલ; એક બાજુ ખ્રિસ્તી દેવળ; ને વચ્ચે અમે. ત્યાં જમવા માટે ગુજરાતી, મરાઠી, મુસલમાની અને પારસી કલબો! વળી ગુજરાતી કલબોમાં પણ 'વેરાઇટી'. જોકે જમવામાં કોઇ વેરાઇટી નહિ. એક કલબનું તો નામ જ 'બટાકા કલબ', કારણ મહિનાના ત્રીસ દિવસમાંથી અઠ્ઠાવીસ દિવસ ત્યાં બટાકાનું જ શાક થાય. શેઠિયાઓને બે શાક તો જોઇએ જ. કઢી-દાળ તો ખરાં જ; ચટણી-ચટાકા-અથાણાં-કચુંબર-પાપડ પણ હાજર; અને રવિવારે ફીસ્ટ. ગેસ્ટ પણ લવાય; પણ એને માટે તે દિવસની ખાસ વધારાની રકમ ભરીને. મહેમાનનું એટલું વધારે માન! 'માન' શબ્દનો ધાતુ 'મા=ટુ મેઝર' (એટલેકે માપવું) એ ઉપરથી ગેસ્ટની ફીમાં ગણતરી થતી હશે!

વાત સાચી. મુંબાઈ બહાર મહેમાન માટે પૈસા ભરવાની વાતો કરીએ તો ભલભલાને ખોટું લાગે, પણ મુંબાઈમાં જો મફત ગેસ્ટ દાખલ કરે તો આપણે બધા પ્રામાણિક એવા કે એનો પાર ન આવે! ભણીગણી સંસ્કારી થવા જ્ઞાન પ્રાપ્ત કરતા હતા, છતાં 'તબિયત સારી નથી' કે 'મોડા આવવાના છે' એમ કહી ફીસ્ટની થાળી રૂમમાં મંગાવનાર શાહુકારો પણ હતા. પછી એક થાળીમાંથી ખાસ બોલાવેલા ગેસ્ટ અને પોતે જમતા, ને એમ કરી પૈસા બચાવતા.

કાયદામાં જેને 'કેઈસ-લૉ' કહે છે તે પ્રમાણે કલબના નિયમો પરાપૂર્વથી ચાલતા આવતા. ત્રણ દિવસ લાગલાગટ ન જમે તો તેટલા દિવસના પૈસા મજરે મળે. આથી અમારામાંના ઘણાને જો બે દિવસ બહાર જમવાનું હોય તો ત્રીજે દિવસે કોઇપણ હિસાબે બહાર જમી લેતા, યા પેલો 'રૂમમાં થાળી'નો કિસ્સો કોઇ સાથે અજમાવતા, યા તે દિવસે કોઈ ન જમવાનો હોય તો તેની થાળી આરોગતા. સૌથી સગવડવાળી પ્રથા તો બીજી કલબમાં ગેસ્ટ બનીને જમી લેવાની હતી!

હોસ્ટેલમાં કલબના સેક્રેટરીનો હોદ્દો બહુ મહત્ત્વનો ગણાતો. એનું રહસ્ય તો હવે જગજાહેર છે. કેટલીક કલબમાં એ વારાફરતી આવ્યા કરતો, નહિ તો ચૂંટણી થતી. એ માટે ભારે દાવપેચ અને રાજરમત અજમાવાતાં. સેક્રેટરી એટલે કોઇ ભારેનો વહીવટદાર, સત્તાશાળી, સ્વયંભૂ બ્રહ્મા. એના ઘણા નમૂનાઓ મેં જોયા હતા.

પણ કલબના બદલાતા રહેતા મંત્રીઓને પણ ખિસામાં મૂકનારો તો 'ભટજી' જ. ભટ્ટો અને દાણાવાળો બંને મળેલા હોય ત્યાં અન્ડર ગ્રૅજ્યુએટોના તે વળી શા ભાર? ભટ્ટ શાકભાજીમાંથી પૈસા ખાય એ તો જુદા. ને એને જો તતડાવ્યો કે કાઢી મૂકયો તો કલબના બાર વાગી જાય તે નફામાં. ભટ્ટોનો અડ્ડો ભૂલેશ્વરમાં રહેતો. ત્યાંથી એકની બદલીમાં બીજો લાવી શકાય. પણ કાઢી મૂકેલા ભટ્ટાને ઠેકાણે બીજો લાવવો મહામુશ્કેલ. એ ભટ્ટાજીઓનાં 'ચકરડાં' જાણીતાં હતાં. 'યૂનિયન' જેવું જ. જે બેપાંચ વીશીઓ ચાલતી તે, તથા ચારપાંચ હોસ્ટેલો, ને એવાં ભારી કલદારનાં રસોડાં ચાલતાં તેના જાણકારોનું મંડળ જ અલાયદું. આ વીશીમાંથી નીકળ્યો, તે બીજી વીશીમાં, એમ ભટ્ટના નાના જનોઇધારી છોકરાઓ ફરતા રહેતા, અને વરસે 'પ્રોમોશન' મેળવતા રહી આગળ આવતા જતા. પણ માંહોમાંહે સંપ સારો. ઉત્તર ગુજરાતના અમુક ઘોળના બ્રાહ્મણોને હાથે જ આ પ્રકારનાં રસોડાંનો વહીવટ ચાલતો. એમાં કદીકને કોઇ અલફાક મોચી ચમાર કે ભંગી જનોઈ પહેરી દાખલ થઇ જતો તો ચાલ્યું તો ઠીક, નહિ તો આ શુદ્ધ બ્રાહ્મણો એનો ઘડોલાડવો કરી નાખતા.

છઠ્ઠા ધોરણમાં ભણતા ત્યાંથી આગળ નહિ વધેલા મારા એક દોસ્ત મધુસૂદન નિમકસરી મુંબાઈની બધી વીશીમાં જમી ફરેલા. એની તો જમવા જાય ત્યાં એ જ ટેવ, કે જેવો વીશીમાંનો જુનિયર પીરસણિયો દાળનું કમંડળ લઈને નીકળે કે તરત પૂછે: 'અલ્યા! મેં તો તને જોયો છે.' બસ, તરત પેલો છોકરો હસીને કહે 'સાહેબ! ઠાકોર બૉર્ડિંગમાં હતો, મહિના અગાઉ.' અને પછી એનો આખો મેળ મેળવી લે. જમીને બહાર જતાં વરિયાળી ચાવતાં હું પૂછું કે તેં ખરેખર એને જોએલો? તો નિમકસરી ના જ પાડે: 'અરે ના રે, પણ આપણે એમ પૂછીએ, એટલે એ કહી દે. અને ઓળખાણનો જાણી આપણા પર જરા વધારે ધ્યાન આપે.'

પીરસવાની કળા એટલે, જમનારને થાય કે જાણે હમણાં બધી રોટલી ભાણામાં મૂકી દેશે, પણ ભાણામાં પડે એકેય નહિ, એવા કિસબથી સડસડાટ ચાલ્યો જાય! એનું ખાસ શિક્ષણ અપાતું!

પણ નિમકસરી કોઈ વાર વીશીવાળાની દયા પણ ખાતો. કહે: 'એ બીચારા કરે પણ શું? જમનારા પણ એવા આવે છે! ઘરમાં વહુ હોય તો ત્રણ વાની માંડમાંડ જમે; પણ અહીં બધા જ પીરસનારા જાણે એમની વહુઓ, તેમ એના પર ડાંસા કરે: 'એઈ અંધુસ! દેખતો નથી? એઈ, રસ લાવ! એઈ ઢોંચા! રોટલી લાવ!' એ તો જાણે સમજ્યા: પણ કેટલાક અકાંતરિયા આવતા તે જોઇને તો હું પણ દંગ થઇ ગયો હતો. એ એક ટંકનું જમે, અને તે પ્રમાણે પાસ કઢાવે, પણ એક ટંકમાં ત્રણ ટંકનો ખંગ વાળે. ઊંટની હોજરીની જેમ એમાં પાણીને બદલે ખોરાક ભરી લે. રાતે તો એ જમે જ નહિ, પણ બીજે દિવસે સવારે પણ ન જમે. આ ઉપરાંત એ બે વીશીના છુટક પાસ રાખે. એવા ગોકળદાસો પલાંઠી વાળી બેઠક જમાવી ચોબાશાહી રીતે બેસતા એમને ખાતા જોઇને મુકાદમનાં જે રૂવાં



ખડાં થઈ જતાં, તે જોવાની મઝા પડતી.

કૉલેજમાં ભણીને સંસ્કાર મેળવવા આવનારા એવા નંગોની હોસ્ટેલમાં ખોટ નહોતી. ગ્રૅજ્યુએટ થઈને વકીલાતની ટર્મ ભરનારા પણ એ હોસ્ટેલમાં રહેતા. ભણી પરવારી વકીલને ધંધે વળગનારાઓ તો આવા કામમાં વધારે પાવરધા હતા. તેઓ પોતાની જાતને અમારાથી ઊંચી કોટિના માનતા અને આભડછેટથી વર્તતા. સવારની ટર્મ ભરીને જમવા આવતા ત્યારે જે આસાનીથી બેસી ભોજન આરોગતા એ જોતાં મને વીશીનાં દૃશ્યો યાદ આવતાં.

હોસ્ટેલમાં ચિત્રવિચિત્ર વિદ્યાર્થીઓ રહેતા: પંતુજી, એક જ માર્ગી, ગોખણપટ્ટીઆ, લહેરી, છાકટા, ભટકેલ, છકેલ, વંઠેલ, લુચ્ચા, પતરાજીખોર, અભિમાની, અદેખા, ચોટ્ટા, નઠોર, દોઢડાહ્યા, ગરજ-મતલબી, એમ ચિત્રવિચિત્ર મસાલો હતો. પારસી ફૂલબમાં ગમ્મત રહેતી. ખાઈ પીને મઝા કરતા. 'બાપ લાખ ચાલીસ'ના સિંધી દીકરાઓ નાના ઠાકોરોની માફક રહેતા. પોતાનો એક જુદો નોકર પણ રાખે. એ 'સાહેબ'ના બૂટ કપડાં જાળવે એ તો ઠીક, પણ પહેરાવે પણ ખરા! લગભગ બધું જ કામ કરે, ફક્ત વાંચવાનું ન કરે! ઘણા તો પોતે જાણે કે મુંબાઇ સહેલ કરવા આવ્યા છે એમ જ માનતા. ભણ્યા તો ઠીક છે, પાસ થયા તો પણ ઠીક છે, નહિ તો મોટે ભાગે તો સિનેમા, એપોલો, બોટિંગ, રેસીઝ અને લેટેસ્ટ નૉવેલ. કપડાં ઉપરાંત બૂટના પણ ભારે શોખીન. હોસ્ટેલ ખાતે એક મોચી તો ખાસ રહેતો. એ સિન્ધુદેશના વિદ્યાર્થીઓનાં પગરખાં ચકચકિત રાખતો. એટલી બુદ્ધિની ચમક દાખવવાનો સવાલ તો વરસ આંતરે પરીક્ષા વખતે જ આવતો; ત્યારે જોયું જતું.

બી. એ. પાસ થઈ એલએલ. બી.નું જોખનારા ઍટૂદાસોમાંથી એક વર્ગ ટેનિસ કૂટતો. સવારે ટર્મ ભરે, બપોરે અકરાંતિયાની માફક ઊંઘે, અને સાંજે ટેનિસ ટીચે. બીજો વર્ગ વળી 'પાનાં-માસ્તરો'નો. તે રાતના રાજા. હોસ્ટેલમાં આમ તો નવનો કાયદો, એટલે કે સુપરિન્ટેન્ડેટ નોકર પાસે ચોપડો અને ફાનસ ઉચકાવી 'રોલ કૉલ' પૂરવા ઓરડે ઓરડેથી પસાર થાય. તાળું જુએ કે નંબર નોંધે, અને અગાઉથી રજા મેળવી મોડા આવનારાઓને માફ કરે. પણ ખરા ઉસ્તાદો તો અંદર બત્તી બળતી રાખી આગળું જ બારણું બંધ રાખતા અને આવતા ખાસ્સા મોડા—બારે, એકે, જ્યારે ફાવે ત્યારે. બહારના દરવાનને મહિને ખણખણિયો મળી જતો, એટલે એ જ બીચારો કાળજી રાખી જાગતો રહી દરવાજો ઉઘાડી આપતો.



આજે જેમ હોસ્ટેલમાં છોકરીઓ ઊભરાય છે તેમ ત્યારે એકે બિલ્લું ફરકતું નહિ. બૅડમિન્ટન કોર્ટમાં બેત્રણ 'મિસો' કોઈકવાર રમવા આવતી, તો તે 'ધન્ય દિવસ' ગણાતો. કોઈ વિદ્યાર્થીનું સગું-વહાલું કદિક મળવા આવ્યું હોય તો એટલામાં તરવરાટ થઈ રહેતો. કૉલેજ આખીમાં જ ગણીગાંઠી પાંચદસ છોકરીઓ ભણતી એવી પરિસ્થિતિ હતી, ત્યાં વળી હોસ્ટેલમાં એ જાત ક્યાંથી ભટકાય?

આ હોસ્ટેલમાં કેટલાક મહાન પુરુષોએ વસવાટ કર્યો હતો, એટલે લગભગ બધા જ વિદ્યાર્થીઓ પોતાની રૂમમાં એકવખત ગોખલે યા તેલંગ રહી ગયા હતા એવું માની ફુલાયા કરતા. પણ પંડિતવર્ગના વિદ્યાર્થીઓને એવા કશાની પડી નહોતી. એ ટોળી નાની હતી, અને કોઇને કનડતી નહોતી. એ સ્કૉલરો સવારસાંજ ચોપડી સિવાય કશામાં ધ્યાન રાખતા જ નહોતા. કદીક તો ખાવાનું પણ ભૂલી જતા! ટેનિસ તો સમજ્યા; ન આવડે. પણ છાપાં યે ન વાંચે! દુનિયા કેમ ફરે છે એ પણ ન જાણે. કપડાં યા ચાપચીપની તો પડી જ ન હોય. એમને એક જ 'રેસ-કોર્સ'નું ભાન: 'કોર્સ' ભણવાનો, અને 'રેસ' દિવસના સૌથી વધારે કલાક વાંચવાની! સનેપાતની ઘડીઓમાં અઢારથી વીસ કલાક વાંચતા બટુઓ સારી સંખ્યામાં જોયા હતા.

દરેક ઠેકાણે 'દાદા'ઓ હોય, તેમ અહીં પણ એક દાદા ટોળી હતી. એમાં એક ઈસાની, બીજો સુરૈયા, ત્રીજો જહાંગીર સુખડિયા અને ચોથા ચન્દ્રકાન્ત ત્રિવેદી. ચારે અમારાથી આગળ.

એ આખું દાદામંડળ તો જાણે હોસ્ટેલ જીવનની 'સ્ટીઅરિંગ કમિટી' જેવું ખરું, પણ ગ્રહમંડળના પ્રત્યેક ગ્રહને પોતાનું અલાયદું ઉપગ્રહમંડળ હોય છે, તેવું ઉપદાદાઓનું ટોળું પણ રહેતું. એમાં ત્રિવેદીનો મેળો મોટો. આમ તો એની રૂમમાં દરબાર ભરાએલા જ રહેતા. અને સારો વકરો કરનારી હોટેલમાં જેમ ચાનો સંચો ચાલુ જ રહે, તેમ એને ત્યાં પણ પ્રાઇમસના સંચાનું સંગીત સતત ગુંજતું રહેતું. દરબાર ઉપરાંત બહારનાં સગાવહાલાં, હિતેશ્રીઓ, મુરબ્બીઓ પણ અવારનવાર 'ભાઇ'ની ખબર કાઢવા આવતા જતા રહેતા. 'ભાઇ' આમ તો ધોળકાના, પણ કૉલેજજીવનનાં મંગલાચરણ વડોદરામાં કરેલાં, એટલે ત્યાંના અનુભવે અહીં પગ વધારે લંબાવી

રાકતા. જુદાજુદા કૂવાનાં પાણી પીવાથી મોટે ભાગે ફાયદો જ જ થાય છે, શરીર કસાય છે, અને મન ને હૃદય વિશાળ થાય છે.

ભણવામાં સારો, મિજાજનો ઠંડો, જીભનો મીઠો, નાનપણથી જ વ્યવહારૂ ને પરગજુ. એ જમાનામાં પ્રચલિત એવા સંગીતનો શોખીન, કૉલેજ ઉપરાંત બહારની દુનિયાનું જે એક વિશાળ જીવન છે એમાં જુદીજુદી રીતે રંગાવાની જરૂરિયાતનો સમજદાર, ત્રિવેદી ઘણાનો માનીતો થઇ પડયો હતો. ફૂલબનો દાદો ખરો, હૉસ્ટેલનોયે ઠીકઠીક દાદો. એનું કોઇ નામ ન દે. કેટલાકને (મારી જેમ) એની અદેખાઈ પણ આવતી. પણ છતાં ત્રણ વેદોના જાણકાર એ ત્રિવેદી મહાશયે જો મને છેલ્લી ઘડીએ સંસ્કૃત ન કરાવ્યું હોત તો બંદા ઈન્ટરમાંથી સંસ્કૃતમાં તો આગળ ન જ નીકળત. જ્યારે જુઓ ત્યારે આ પાવામાં તૈયાર તેમ શીખવવામાં તત્પર જ રહેતો.

જહાંગીર દાઢી રાખતો; અને ઇસાની, સુરૈયા જેવી નહિ પણ જરા જુદી જ જાતની દાદાગીરી કરતો. ભણે, પણ તે ઉપરાંત બીજા બાર ધંધા કરે. હોસ્ટેલમાં નવાનવા બગ લાવે. બૅન્ડ પણ વગાડે: મારામારીમાં પણ ઝૂકાવે; યૂ. ટી. સી.માં પણ ખરા. નકરા જાણે સોલ્જરો. અનેક ટીખળોમાંનો એક કિસ્સો તો યાદગાર બની ગયો હતો. એક રાતે એક વિદ્યાર્થીને માનપત્ર આપવાની સભા થઇ હતી. એ પૂરી થયા પછી જહાંગીરે હોસ્ટેલમાં જ રાત્રે બાર વાગ્યે સરઘસ કાઢ્યું! એમાં બૅન્ડ પણ ખરું. કોઇએ પાદરીનો વેશ લીધો, કોઇએ



નકલી સાહેબનો, તો કોઈ કંઇ. એમ દસબાર જણા બબ્બેની હારમાં ગોઠવાઈ, મૈયત લઇને નીકળ્યા હોય એમ, ધીમું સંગીત વગાડતા આખી હૉસ્ટેલમાં મજલે મજલે ફર્યા! સામે એક હૉટેલ હતી. એનો પાછલો ભાગ અમારા કૉમ્પાઉન્ડમાં પડતો. ત્યા રહેતા બેત્રણ ગોરા સાહેબોનો પિત્તો ઊછળ્યો. એક તો એમણે સારી પેઠે દારૂ ઢીંચેલો, એટલે પિત્તાનું ઠેકાણું હતું જ નહિ. પહેલાં તો કાંકરાબાજી થઇ; પછી ધાંટાધાંટ; ને અંતે પથરાબાજી પર વાત આવી. એ લોકો કહે કે 'શટ અપ! રાતના ધાંધલ નહિ કરો.' જહાંગીરે તૂત ઊભું કર્યું કે 'એ લોકો નાગા થઇને નાચતા હતા, એ અમારાથી નહોતું સંખાતું!'

વાત વધી અને એ સાહેબજાદાઓ રીવોલ્વર લઇને હૉસ્ટેલના કૉમ્પાઉન્ડમાં ધસી આવ્યા. અહીં તો હોહા, અને દાદામંડળ આખું ખડે પગે તૈયાર! ઉપરાંત જે કોઈ અરધાપરધા વકીલાતનું ફાડતા હતા, તે પણ બધા જ કાયદો સમજાવવા હાજર થઇ ગયા! જહાંગીરનો તો સામી છાતીનો હિંમતવાનનો કાયદો.

ખૂબ જ ગોલાચાલી થઈ, અને હોહા તથા મારામારીમાં થોડાઘણાનાં હાડકાં ખંડાઇ રાતે બે-ત્રણ વાગે મામલો માંડ શાંત પડયો. સવારે વરઘોડો કૉલેજ ચડયો. ત્યારે પ્રિન્સિપાલ કોવન્ટ્રૅન. જૂનો, બુઢ્ઢો, પંતુજી, પ્રામાણિક, ઠરેલ, કંજુસ, પણ સાચો અંગ્રેજ બચ્ચો હતો. જહાંગીર કહે કે અમારે તો કેસ જ કરવો છે. આ લોકોએ ટ્રેસપાસ કેમ કર્યો? પેલા ગોરા પણ કૉલેજમાં ફરિયાદ કરવા આવી ચડયા. ત્યારે ખબર પડી કે એમના મગજનો પારો તો આસમાન સુધી ચડી ગયો હતો, કારણ અમાંના બે તો બડા લાટ કહેવાતા વાઇસરૉયના એ. ડી. સી. હતા, અને રજા લઇ 'સ્વીટ હોમ' જતા હતા. વાઇસરૉયના બૉડીગાર્ડ એટલે શું? અને તે જમાનામાં,—૧૯૨૦-૨૧માં? ભણવાનું તો બાજુએ રહ્યું. પણ આ રામાયણ શરૂ થઇ. કોવન્ટ્રેને પતાવટ કરવા ઘણું સમજાવ્યું, પણ પેલા માને જ શાના? અને અહીં હોસ્ટેલટોળી તો જુવાનીના લોહીએ ઊછળતી જ હતી. આખરે કોરટ દરબારના મામલા થયા. વકીલ માટે પહેલાં જિન્નાહ પાસે ગયા. એણે અમન નરીમાન અપાવ્યો. અને એ વીર નરીમાને એક પાઇ લીધા વિના અમારો કેસ હાથ ધર્યો.

રોજ રાતે મીટિંગ, અને જુબાનીઓની તૈયારી. બધા જ વકીલ. બીજી બાજુ ગાભરૂદાસોનાં તો મોં જ ન દેખાય; અને ગોખણદાસો ચોપડીમા જ દટાઈ ગયા. કૅરૅક્ટર ઘડવામાં ગુંથાએલાઓ આઘા રહી ચર્ચા જ કર્યા કરે. સ્ટડી એટલે સ્ટડી. બે બહાદુરો તો હૉસ્ટેલમાંથી રૂમ ખાલી કરી સગાંવહાલાંને ત્યાં જ રહેવા સરકી ગયા હતા. પણ એ ધમાલ અને જુસ્સો અનેરાં જ હતાં. ચાલતે કેસે પાછી પતાવટની વાત આવી. પેલા ગોરા ઑફિસરો જરા ટાઢા પડયા હતા. બ્રિટિશ લૉની કલમો એમનાં જ ગળાંને ગુંગળાવતી હતી. ટ્રેસપાસનો ગુનો મોટો હતો. એમના નોકરી જોખમાંય એવું હતું અને 'સ્વીટ હોમ'ને બદલે અહીં 'ભેડ એબ્રોડ' થતું હતું.

પ્રીન્સિપાલ સાહેબે બહુ સમજાવ્યા; પણ 'નો કૉમ્પ્રોમાઇઝ' એ લોકો કૉલેજ લાયબ્રેરીમાં હજાર રૂપિયા આપવા તૈયાર છે, કેસ ખેંચી લો. પોતાના ઑક્સફર્ડ ઇંગ્લિશમાં દર્દભરી અપીલ કરી. પણ વિદ્યાર્થીઓ માને શાના? આખરે લડી લેવાનું જ નક્કી થયું, ત્યારે કોવન્ટ્રેને જરા પણ ઠપકો ન આપ્યો, દમદાટી ન કીધી. બહુ સીધો અને ઘણો પ્રામાણિક માણસ. આપણે ત્યાં એવા હેડમાસ્તરો કે પ્રિન્સિપાલો...પણ જવા દો એ સરખામણી. કોઇને ખૂંચશે. સામે ગોરાઓ હતા, છતાં અમારો ગોરો પ્રિન્સિપાલ અમારી વતી લડયો! કૉલેજ કોર્ટમાં જ મળતી. રોજની ધમાલ. એવિડેન્સ, વિટનેસ અને ક્રૉસ એક્ઝામીનેશન. આખરે અમે જીત્યા. ગોરાઓનો ટોકન દંડ થયો. અમારા વકીલ વીર નરીમાને ફી નહી લીધેલી એટલે એના માનમાં પછી એક મેળાવડો કરી કંઈક ભેટ આપવાનું નક્કી થયું. બધાએ ઠીક જેવો ફાળો કર્યો અને એમાં પ્રિન્સિપાલ કૉવન્ટ્રેને પણ પોતાનો ફાળો આપ્યો! રાતે ભરાએલી એ સભાના પ્રમુખ તરીકે ઝીણાને લઇ આવ્યા હતા. અને ત્યારે એણે વિદ્યાર્થીની કૅરૅક્ટર પર જે ભાષણ કર્યું હતું, એના ભણકારા હજી સ્મરણમાં તાજા છે. (ચાલુ)



વરઘોડા

લેખક

બકુલ ત્રિપાઠી

'**વરઘોડામાં** આવશોને?' એક લગ્નોત્સુક મિત્રે પૂછ્યું.

'તમારા લગ્નમાં વળી વરઘોડો કાઢવાના છો?' મેં પૂછ્યું.

'હાસ્તો, શા માટે નહિ?'

બીજે જ દિવસે વળી બીજા એક મિત્રના લગ્નનું સાંભળ્યું.

'એમ, ત્યારે; તમે પ્રભુતામાં પગલાં માંડવાના, ખરુંને?

'હા, આ વખતે તો નક્કી થઈ જ ગયું છે.'

'ઠીક, તો કરો કંકુના. અમે વરઘોડામાં આવશું.'

'વરઘોડામાં? મારા લગ્નમાં વરઘોડો કાઢવાનો જ નથીને!' એમણે જાહેર કર્યું.

હું વિચારમાં પડચો. થયું કે આ વરઘોડા કાઢનારા શા માટે એ કાઢતા હશે? અને હવે નહિ કાઢનારા શા માટે નહિ કાઢતા હોય?

આજથી થોડાં વર્ષો પહેલાં મને આ સવાલ સૂઝચો હોત તો હું તરત જવાબ આપત કે વરઘોડા કાઢનારા વરઘોડા કાઢે છે કારણ કે એ ડાહ્યા છે; નહિ કાઢનારા નથી કાઢતા કારણ કે એ ગાંડા છે. એ વખતે—નાનપણમાં—વરઘોડાનું એવું તો આકર્ષણ રહેતું કે આવો જ જવાબ સૂઝે. પેલાં નગારાં-(વરઘોડામાં સૌથી આગળ હોય છે ને) એ પેટકુટિયાં નગારાંને તાલે તાલે અમે ગાતાં,

'દોડો દોડો રે કોઈ... ગામ ગધેડે ચડચું છે.
દોડો દોડો રે કોઈ... ગામ ગધેડે ચડચું છે.'

આ લીટીઓ સાથે એ ઢોલક અને નગારાંનો એવો તો સરસ તાલ બેસે છે કે આની આ લીટી તમે પચાસ વાર બોલો—ગાઓ તોય રસભંગ થાય એમ નથી.

તે વખતે તો શુદ્ધ સંગીતના આનંદથી એ પંક્તિ બોલાતી, પણ આજે મને એમાં કંઇ વધુ ઊંડો અર્થ દેખાય છે. મહાપુરુષોની વાણીને અર્થ અનુસરે છે, એમ જ અહીં પણ બન્યું કહીએ તો નવાઇ નહિ:

'દોડો દોડો રે કોઈ, ગામ ગધેડે ચડચું છે!'

આપણા વરઘોડા જોઇને આ જ સૂઝે એવું છેને? પેલાં પેટ-કુટિયાં નગારાં-જેમનું એકમાત્ર જીવનકર્તવ્ય ઘોંઘાટ ઉત્પન્ન કરવાનું હોય છે તે, અથવા તો આપણાં વાજાં-બન્ને એકબીજાને ટક્કર લગાવે એવાં નથી હોતાં? વાજાં માટે તો પેલી સરસ વાત છે ને, કે એ લોકો એવા તો ફિલ્સૂફ હોય છે કે વરરાજા પરણવા જતા હોય ત્યારે 'કિસે કરતે હૈ મુરખ પ્યાર, પ્યાર, પ્યાર તેરા કૌન હૈ?'નું ગીત વગાડે; અને પરણી ઉઠયા હોય ત્યારે 'હાય, મૈંને, કયા કિયા?'નું ગીત વગાડે! અરે ધખધખતી વૈશાખી બપોરે પણ 'કાલે બાદલ ફિર ફિર આ ગયે'ની જાહેરાત કરવામાં એ લોકોને વાંધો નથી આવતો. અને વરઘોડા-સંગીતનો પેલો નવો શરૂ થએલો ત્રીજો પ્રકાર તો જાણો છો ને? સ્વયંસેવકોનું બૅંડ હવે પ્રચલિત બનવા માંડચું છે: બ્યૂગલો અને ડ્રમ્સ. નગારાં અને વાજાં એ બન્ને કરતાં આ બ્યૂગલબૅંડ મને વધુ મઝાનું લાગ્યું છે. એના પ્રલંબ સૂરો જ એવા હોય છે કે જાણે વરરાજા કોઇ શૂરવીર લડવૈયાની જેમ શ્વસુરગૃહ પર લાવલશ્કર સાથે કૂચ ના લઇ જતા હોય!

મને યાદ છે કે એક વરઘોડામાં આ બ્યૂગલબૅંડે મને જબરો હેરાન કરી દીધેલો. એનું સંગીત જ એવું હોય છે કે આપણને 'એક દો, એક દો, લેફ્ટ રાઈટ, લેફ્ટ રાઈટ'ના તાલમાં ચાલવાનું મન થઇ જાય. મારા એ ઉત્સાહનો, વરઘોડાના સાજનમાં જનની ચાલ જોડે મેળ બેસાડતાં મારો તો તે દિવસે દમ નીકળી ગએલો. કારણ વરઘોડાના સાજનની પણ એક અનોખી ચાલ હોય છે. આખો ય રસ્તો રોકતું, ફૂલના ગોટા સૂંઘવા જેવા હોય કે ન હોય તોયે સૂંઘતું સૂંઘતું, આગળના વાજાંવાળાં અને પાછળના ઘોડાવાળાની દયા પર પોતાની ગતિ વધારતું-ઘટાડતું, જિંદગીમાં બીજું કંઈ જ ન કરવાનું હોય એમ ચાલ્યું જતું, એ સાજન પણ એક અનોખી ગતિનું દર્શન કરાવે છે. હંસની ચાલ, હસ્તિની ચાલ, એવી અનેક ઉપમાઓથી સંસ્કૃત સાહિત્ય સભર ભર્યું છે, પણ 'વરઘોડા જેવી ગતિએ એ ચાલી જતી હતી' એવું વર્ણન કોઈએ કેમ નહિ કર્યું હોય? ઉપમા સરસ છે. દાખલા તરીકે આઝાદી પછીની આપણી ગતિનું વર્ણન કરવું હોય તો 'વરઘોડા-ગતિએ આપણે આગળ વધી રહ્યા છીએ' એમ ન કહેવાય? 'વહી રફ્તાર બેઢંગી, જો પહેલે થી વો અબ ભી હૈ.'

અને વરરાજા? પેલું સ્વૈર વિહારીએ—પાઠકસાહેબે-નથી કહ્યું કે માણસ વધુમાં વધુ બેવકૂફ જો કોઈ ક્રિયામાં લાગતો હોય તો તે વરરાજા બનવાની ક્રિયામાં લાગે છે? અને એમની વાત ખરી છે. પરણવું એ જાણે કોઈ પરાક્રમ હોય એમ સગાંવહાલાં ભાઈને છાપરે ચડાવે છે, 'રાજા' બનાવે છે. અને ખરી મજા તો એ થાય છે કે ભાઇ પોતે પણ પોતાને ખરા રાજા માની બેસે છે. અણુશક્તિથી ચાલતાં વિમાનોના જમાનામાં, માનાર્થે જ જેને ઘોડો કહી શકાય તેવા ઘોડા પર સવાર થઈને ભરચક લત્તામાંથી કીડીવેગે પસાર થવું —અને તે ઘોડોય પાછો એવો કે એની લગામ ત્રીજા જ માણસના

હાથમાં રહે—એમાં એવું તે શું અદ્‌ભુત ગૌરવ હશે કે બધા જ વરરાજાઓ હમેશાં ગંભીર મોઢાં કરીને જ વરઘોડાને શોભાવતા હોય છે? કોણ જાણે, ભાઇ. આપણને અનુભવ નહિ એટલે શી ખબર પડે? કંઇક ગૌરવ હશે તો ખરું જ ને? નહિ તો બાવીસ બાવીસ વર્ષના જુવાનો હાથમાં લગામને બદલે નાળિયેર લઇને જીવનનો જંગ જીતવા વરઘોડા-વેગે શા માટે ધસી જાય?

ગમે તેમ, પણ આપણા જુવાનોને ગંભીર મોઢે ઘોડે ચડેલા જોઈને મને હમેશાં 'દોડો દોડો રે કોઈ…' વાળી પેલી પંક્તિ યાદ આવે છે. પણ માત્ર યાદ આવે છે એટલું જ હોં. એથી આગળ વધીને ખરેખર આ વરઘોડા જોઇને નર્મદ અથવા પૂ૦ બાપુજી જેવા સુધારકોની જેમ 'ગામ ગધેડે ચડયું છે' એમ કહેવાની મને જરા ય જરૂર નથી લાગતી. વરઘોડા બંધ થવા જોઈએ એમ મને ક્યારે ય નથી લાગ્યું. અને તમે જ કહોને! શા માટે લાગવું જોઈએ? વરઘોડા હાસ્યાસ્પદ લાગતા હોય એટલા માટે એ બંધ કરવા એવું ઓછું છે? સાચું પૂછો તો આજે આપણા દેશમાં અનાજનું ઉત્પાદન વધારવાની જરૂર છે એટલી જ આનંદનું ઉત્પાદન વધારવાની જરૂર છે. પ્રભુતામાં પગલાં માંડતો જુવાન જો આ કાર્ય માટે 'હાસ્યનો શહીદ' બનવા તૈયાર હોય તો કોઈને એમાં શો વાંધો હોવો જોઈએ? 'વર' રાજી હોય છે અને 'ઘોડો' તો બીચારો રાજી જ હોય છે, તો પછી વર-ઘોડો કાઢવામાં બીજો સવાલ જ શો રહે છે?

અને વરઘોડાના ઘોંઘાટની તો ખાસ જરૂર છે. ખબર છે ને, કે સ્વામી રામદાસ લગ્ન વખતે ગોરને 'સાવધાન, સાવધાન, સાવધાન' પુકારતા સાંભળી ખરેખર સાવધાન થઈ ગયા હતા અને ચોરીમાંથી નાસીને સંન્યાસી થઈ ગએલા? દરેક લગ્ન વખતે આ વૈરાગ્યનું જોખમ થોડુંઘણું પણ હોય છે ખરું. અને આજના વધતી જતી ઉપાધિઓના જમાનામાં તો ખાસ. અને એટલે જ લગ્ન વખતે બને એટલો ઘોંઘાટ, બને એટલી ધમાલ કરીને વરરાજાને ગભરાવી નાખી વિચાર કરતો બંધ ન કરી દેવામાં આવે તો આખી વ્યવસ્થા જોખમાઇ જાય એ ય ખરુંને? અને ભાઈ, પેલી, વરઘોડા બંધ કરીને પૈસા બચાવવાની દલીલ તો કરવા જેવી જ નથી. સાચું પૂછો તો માણસ પૈસાને બચાવે એના કરતાં પૈસાથી માણસને બચાવવાની જરૂર આજકાલ વધારે છે. એટલે એ વાંધો તો કાઢવા જેવો જ નથી.

અને કંઇ નહિ તો સામાન્યમાં સામાન્ય માણસને પણ જીવનમાં એકાદવાર—અને હવે બહુપત્ની-પ્રતિબંધક ધારો અમલમાં આવ્યા પછી મોટા ભાગનાઓને જિંદગીમાં માત્ર એકજ વાર—અસામાન્ય બનવાની તક આપવા માટે પણ વરઘોડા નીકળે એમાં કંઈ ખોટું નહિ એમ નથી લાગતું?

હા, સુધારા કરવાની હોંશ હોય તો સુધારા પણ કરવા. જેમકે વાજાંને બદલે ખુલ્લા ખટારામાં શાસ્ત્રીય સંગીતનો જલસો ગોઠવવો; બંધ મોટરકાર પર લાઉડ સ્પીકરો મૂકી લગ્નગીતો ગવડાવવાં અને એ ન આવડે તો ગીતા પાઠ કરાવવો; યોગ્ય સાજનમાજન મળે એમ હોય તો કાકા કાલેલકરે કહ્યું હતું એમ સાઈકલો પર જ આખો વરઘોડો કાઢવો અને વાજાંવાળા, સાજનમાજન અને વરરાજા બધાને ધીમી સાઈકલે ગતિ કરાવવી; 'વરરાજા ઝિંદાબાદ'ના પોકારો કરાવવા;—સુધારા તો કરવા હોય એટલા કરી શકાય એમ છે.

આમ કોઇક કહે છે વરઘોડા કાઢવા જોઈએ; કોઇ કહે છે 'વરઘોડાને કાઢવા' જોઇએ. પણ ભલા ભાઈ, જ્યાં આપણો આખો સમાજ જ વરઘોડા જેવો છે—આપણો સમાજ અને આપણી સરકાર, આપણી ગતિ અને આપણું સંગીત, આપણા વિચાર અને આપણું વર્તન-એ સૌમાં વરઘોડાનાં ચાલ અને તાલ ચમકી રહ્યાં છે ત્યાં બીચારા એક લગ્નના વરઘોડાને કાઢીશું તોય શું અને 'કાઢીશું' તો ય શું?

પચ્ચીસ વર્ષ પહેલાં (પાછળના પાનાને અનુસંધાને)

છે. ભાંગેલાં કારેલાં, મગદળ, ઝૂલતો મલખમ, પથ્થરની નાળને ખરબચડાં સંતોલાં પ્રાચીન જાહોજલાલીની સાક્ષી પૂરતાં હજુ ત્યાં પડયાં છે. અત્યારના જેઠી ખેતી કરે છે ને મલ્લકળાનો નાશ થયો છે.

અગ્રગણ્ય વ્યક્તિઓ પાસેથી ઊગતી પ્રજા માટે માગેલા સંદેશાઓ પૈકી આ અંક માટે આવેલા શ્રી 'ધૂમકેતુ'ના સંદેશનો પ્રેરક ભાગ:

"હવે તો દરેક જુવાન બહાર નીકળી પડે અને જીવનના ધ્યેય તરીકે એકેક કામ હાથમાં લઇ લે. નિદ્રા અને આરામ વૃદ્ધો માટે છે, રમત બાળકો માટે છે, ચિંતા વિનાનું જીવન બે-ગમ માટે છે; જુવાન માણસો માટે તો છે હિમાલય પર ધ્વજ ફરકાવવાનું, ચીનની પેલી મેર સંસ્કૃતિ ફેલાવવાનું, ઇંગ્લંડ, ફ્રાન્સ, ઇટલી ને જર્મની—એ સૌના કાન પકડી પકડીને સીધા માર્ગ ઉપર લાવવાનું અને દુનિયાભરમાં શાંતિના ખીલા ધરબવાનું. આવતી કાલનો પડકાર પડે તે પહેલાં આજનો જુવાન પોતાનાં શરીર, મન અને આત્મા કસી રાખે. એના રોમેરોમને વીંધી નાખે એટલી ગોળીઓ એને તાકી રહી છે; સ્મરણશક્તિને, કલ્પનાને, વિવેકને મારી નાખે એટલું વ્યર્થ પાંડિત્ય એની ચારે તરફ ખડકાઈ રહ્યું છે; અને ઝગઝગાટ કરતી રોશનીઓ વચ્ચે એના સંયમને ડગાવે એવો વિલાસ ફેલાઈ રહ્યો છે. આ બધાંની વચ્ચે થઇને તેણે પોતાનો વાવટો હિમાદ્રિના શિખર પર રોપવો છે. એ નવયુગની રાહ સારી દુનિયા તરસી આંખે જોઈ રહી છે, ને એનું ખાતમુહૂર્ત આજના નવલોહિયા જુવાનને હાથે છે."

ફાહિયાનની પેઠે ભારતમાં ધર્મયાત્રાએ આવી જનાર ચીની પ્રવાસી હ્યુસેનસંગનું એ જ 'ધૂમકેતુ'ની કલમમાંથી લખાએલું ચરિત્ર આ અંકમાં આવેલું. એના નમૂના રૂપ, હ્યુસેનસંગે તે સમયના હિંદનું કરેલું જે વર્ણન એમાં આપ્યું છે તેનો એક ફકરો જોઇએ:

"નાલંદાના વિદ્યાપીઠમાં બધા મળીને દસ હજાર સાધુઓ રહેતા. અસલ તો ત્યાં એક આંબાવાડિયું હતું. તેના ધનવાન માલિક પાસેથી પાંચસો બૌદ્ધ વેપારીઓએ તે ખરીદી લઈ ભગવાન બુદ્ધને અર્પણ કર્યું હતું. તથાગત પોતે ત્યાં ત્રણ મહીના ઉપદેશ કરતા રહ્યા હતા. ત્યાર પછી પાંચ પેઢી સુધી રાજાઓએ તેનાં મકાનોમાં તથા જમીનમાં વૃદ્ધિ કરી હતી અને સાતમા સૈકામાં આખા હિંદુસ્તાનમાં તે મોટામાં મોટો અને સમૃદ્ધમાં સમૃદ્ધ વિહાર હતો.

પ્રાતઃસંધ્યાના ધુમ્મસમાં મળી જતાં તેનાં ઊંચા શિખરોનું, તથા સૂર્યાસ્તની શોભા જ્યાંથી નિહાળી શકાય અને જ્યાંથી નિર્મળ ચંદ્રિકાના સૌન્દર્યમાં ધ્યાનમગ્ન થઇ જવાય એવાં છજાંઓનું વર્ણન કરતાં હ્યુએનસંગને ઊમળકા ઊભરાતા હોય એવું જણાય છે. સંખ્યાબંધ સ્તંભોવાળા ભવ્ય ખંડોમાં કોતરકામ અને ચિત્રકામ બહુ ઊંચા પ્રકારનું હતું. કનકવૃક્ષોનાં તાજાં લાલ ફૂલોનાં તોરણ તથા પાણીના ફુવારા, સર્પાકારે વહેતાં ઝરણમાંનાં તથા તે કમળ એવું તો તેણે ક્યાંયે જોયું ન હતું. હિંદમાં વિહારો તો હજારો હતા, પણ નાલંદાની ભવ્યતા, શોભા ને શિલ્પચાતુરીથી તો આડો આંક વળી જાય."

અને, અવારનવાર આવતી 'જીવનપરાગ' નામની પ્રસંગમાળામાંનો આ અંકમાંનો એક ફકરો આ અંકના છેલ્લે પાને ઉતાર્યો છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૨૭ મો : ફાગણ ૧૯૮૨

ભવિષ્યમાં 'વનવગડાનાં વાસી'ની લેખમાળાથી 'કુમાર'ને સમૃદ્ધ કરનાર અને પ્રકૃતિવિજ્ઞાનના સાહિત્યનો ગુજરાતમાં પ્રારંભ કરનાર શ્રી હરિનારાયણ આચાર્યનો રસ તથા અભ્યાસ જેટલાં વિવિધ તેટલાં જ ઉત્કટ છે એ દર્શાવતો એક નાનો લેખ આ અંકમાં આવેલો. બે જ મહિના પર બલવીર રામમૂર્તિનું ચરિત્ર જે કલમે આપેલું તે જ કલમે સફર, સ્થાપત્ય અને ઇતિહાસદૃષ્ટિના રસથી ગુજરાતના એક વીરતીર્થનો પરિચય કેવા ઓજસ ને પ્રસાદથી કરાવેલો તેની વાનગી જુઓ:

"હજુ પરસેવા તો સુકાયા નથી. વીરશ્રીથી શોભતાં ઘેરાં વિશાળ નયનોમાં હજુ બલભદ્રનો મદ તો ઝર્યો જ જાય છે. ત્યાં કોણ એવો શરણધર્મી જાગ્યો કે જેણે આહ્‌વાન આપ્યું? કંસને પટકતાં દંડ ઠોકેલા તેનો અવાજ હજુ નભોમંડળના ઘુમ્મટમાં રણકાર કરતો બંધ તો પડવા દેવો હતો. અરેરે! બ્રાહ્મણકુમાર ને તે યે સુંદરતાની જીવતી મૂર્તિ. કોઇને ય નહિ ને કૃષ્ણચંદ્રને આવું શે સૂઝ્યું?'


મથુરાથી દ્વારિકા જતો યાદવસંઘ પુણ્યપુરાણ ગુજરાતના વક્ષઃસ્થલ પર રાતવાસો કરતો હતો. સૂકા રણના વાયરા ગરુડ-ધ્વજને ફરકાવતા હતા. રાત્રીનો અંધકાર ચારે દિશામાં ધીમેધીમે વેરાતો હતો. પણ યાદવ શિબિરોમાં અત્યારે શાંતિ ન હતી. ઘરડેરાઓ જુવાનોને લલકારતા, અને જુવાનોની નસો અત્યારે ફાટી લાગતી. બલભદ્રની સામા થવાની તાકાત કોણ કરે છે એનો ઉહાપોહ ચાલતાં ઉપર જેવા શબ્દો અનુભવી યાદવો કાઢતા હતા. સ્મિત કરતા અને સાથીઓ ભણી આંખ મચકારતા વીરચરિત કૃષ્ણચંદ્ર શાંત બેઠા હતા. મદિરાથી મદોન્મત્ત બલરામના ક્રોધ અને ગર્વનો પાર ન હતો. એમની બીકથી વાતચીત કરવાની હિંમત પણ નહોતી ચાલતી. ધીમેધીમે યાદવમંડળ વેરાયું અને શિબિર ખાલી થયું.

સૂર્યનારાયણને આવતાં સ્વાગત આપવાની તૈયારી જેવી રંગમંડપની શોભા હતી. ગઈ રાતનાં ભય, કુતૂહલ, શંકા અને ગર્વખંડનની વિવિધ લાગણીઓ જેમનાં મોં ઉપર લખાઈ છે એવાં યાદવ સ્ત્રીપુરુષો રંગમંડપમાં મળેલાં હતાં. સ્થાનિક યુવાનો અને વૃદ્ધો શંકા અને ભયથી યાદવોની સામેની પરશાળમાં બેઠા હતા. સમય થતાં, નીલામ્બરમાં શોભતા અને લાલ કમળ જેવાં લોચનવાળા વૃષસ્કંધ બલરામ કૃષ્ણના બાહુનું અવલંબન કરી આવ્યા. પાછળ ગર્વ અને સૌન્દર્યની પ્રતિમા જેવી, મદ કાંપતા વેગે ચાલતી રેવતી હતી. રંગમાં આવતાં જ બલરામે લંગોટ બાંધી દંડ ઠોક્યા. પ્રલયની ગર્જના જેવા ભયંકર અને શૌર્યને ઉભરાવનાર એના અવાજથી ત્રિભુવન ગાજી ઊઠ્યું. પણ એની સામે જ, વાસવના વજ્રપાત પેઠે, ભીષ્મ પ્રતિધ્વનિથી ચિત્કાર કરતો ૧૬ વર્ષનો સોમેશ્વર રંગમાં ઊતર્યો. હજુ તો મોં પર મૂછ પણ ફૂટી ન હતી. વિશાળ વક્ષઃસ્થળ, હાથીના ગંડસ્થળ જેવો પૃષ્ઠભાગ, ઘૂંટણ પર્યંત પહોંચતા શુણ્ડાકાર દંડવાળો જુવાન. એની પીઠે કૃષ્ણના ચારે હાથ હતા. જાતે બલ ને ગર્વભર્યો હોવા છતાં પણ આર્યોના મલ્લરાજ મદાચાર્ય બલભદ્રને જોઇ અણે પ્રેમ ને કુતૂહલથી, વીરોને યોગ્ય એવું નમન કર્યું. બલરામે હાથ નાખ્યો ને બંને વીરો વીજળીના ચમકારા પેઠે રંગમાં પડ્યા.

બલરામના ગર્વને ઉતારવા, કૃષ્ણે આપેલા મલ્લવિદ્યાના બળે સોમેશ્વરે બલરામને હરાવ્યા અને યાદવોની વીરશ્રીનું મોં કાળુ થયું. જે સ્થળે આ બલરામ-સોમેશ્વરનું મલ્લયુદ્ધ થયું એ સ્થાન અત્યારે દેલમાળ નામથી ઓળખાય છે. ઉત્તર ગુજરાતમાં પાટણથી દક્ષિણે બાર ગાઉ, અને મોઢેરાથી પશ્ચિમે છ ગાઉ ઉપર, અત્યારે માત્ર બસો ઘરની વસતિનું આ ગામ પ્રાચીન વીરતીર્થ છે. એની સ્થાપના એ સોમેશ્વરથી થએલી. સોમેશ્વર જાતે મોઢ બ્રાહ્મણ; પણ કૃષ્ણ પાસેથી મુષ્ટિયુદ્ધની મલ્લવિદ્યા શીખ્યા પછી એ જ્યેષ્ઠમલ્લ કહેવાયો અને એના વંશજો જ્યેષ્ઠીમલ્લ કહેવાયા. અત્યારે એ ગામમાં મોટી વસતિ જેઠીમલ્લોની જ છે, અને ગુજરાતના ગૌરવના વધારનાર એમના વંશજો જ છે. અકબરના વખતમાં લીમડાના આખા ઝાડને ઉખેડી નાખનાર, હાથીને વજ્રમુષ્ટિથી મારી નાખનાર લાખાજી જેઠીનો પાળિયો હજુ પણ જોનારને પ્રાચીન વીરતાનું સ્મરણ આપાવે છે. રમજુ એટલે હાથીના અંબાડીમાં બેસનાર, ખંડેરાવ મહારાજનો પટ્ટ શિષ્ય, ૪૦૦ રતલ જેટલી વિશાળ કાયનો સ્વામી અને મલ્લવિદ્યાચાર્ય—અને હરાવનાર ભગીરથ નામનો વીર ગુજરાતી અહીંનો જ વતની જેઠીમલ્લ હતો.

ગાયકવાડ રેલવેની મહેસાણાથી જતી બ્રૅન્ચ લાઈનમાં કંબોઇ સ્ટેશન છે. ત્યાંથી બે ગાઉ દક્ષિણમાં દેલમાળ (દેવલમાળ કે દેવમલ્લ ઉપરથી) ગામ છે. તેના મધ્યમાં ૯૨×૫૮ ફૂટના ચોગાનમાં લીંબજા માતાનું મંદિર છે. લીમડાના ઝાડમાં કૃષ્ણે સોમેશ્વરને દેવીરૂપે દર્શન દીધેલાં તેથી તેનું નામ લીંબજા. એ જેઠીમલ્લોની કુલદેવતા છે. દેવળની સામે સુંદર કોતરણીવાળી ચોરી કે માંડવી છે અને બહાર કીર્તિસ્તમ તથા તોરણ છે.—મુખ્ય મંદિરની આસપાસના ચોગાનના ચાર ખૂણામાં ચાર દેરીઓ છે. પૂર્વ તરફના ભાગમાં જૈનોના પાર્શ્વનાથનું મંદિર છે. એની નીચે સં. ૧૨૮૫નો જૂનો લેખ છે. મુખ્ય મંદિરની બાજુએ પશ્ચિમના ભાગમાં લાખાજી જેઠીની ઊંચાઇ ને વામની પહોળાઇ દેખાડતા ૯×૪॥ ફૂટના પથ્થરના સ્તંભ છે. આ મંદિરથી બહાર આવતાં થોડેક છેટે એક પ્રાચીન અખાડો—રંગભૂમિ છે, જેની માટી સુંવાળી લાલરંગની

(અનુસંધાન પાછળ)




લાખાજી જેઠીની ઊંચાઇ અને પહોળાઈ દર્શાવતા ૯×૪॥ ફૂટના પથ્થરના સ્તંભ

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

તદ્દન પ્રાથમિક શરૂ કરનારે ટિકિટસંગ્રહ કેવી રીતે શરૂ કરવો એ વિષયમાં અનેક માર્ગ સૂચવાય છે. પણ એટલું તો ખરું કે મળે તેટલી ટિકિટો મિત્રો-સંબંધીઓમાંથી, તેમજ બીજેથી, સ્વપ્રયત્ને જે કાંઈ મેળવાય તેને દેશવાર, વર્ષવાર વિવિધ રીતે વર્ગીકરણ કરી ગોઠવતા જઈને પોતાના સંગ્રહનું મંડાણ કરવા ઉપરાંત, પોતાના સંગ્રહમાં કાંઈ એક વિશિષ્ટ પ્રકારનો સમૂહ ખાસ એકઠો કરવો છે એવું ધ્યેય તો બાંધવું જ. દાખલા તરીકે અમુક દેશની—જેમકે હંગેરીની જ ટિકિટોનો નિઃશેષ સંગ્રહ કરવાનું કોઈ નક્કી કરે; કોઈ વળી નકશાની છાપવાળી ટિકિટો જ સંઘરવાનું ઠરાવે, તો કોઈ દુનિયાભરની વનસ્પતિની ટિકિટો સંઘરવાનો વિશાળ ફલક પસંદ કરે. આમ કરવાથી તે તે પ્રકારની ટિકિટો જ્યાં જ્યાંથી મળે ત્યાંત્યાંથી મેળવવાની મનમાં એક સતત ચોંપ કે લગની રહ્યા કરે છે.





આ માસની ચોથી તારીખથી દિલ્હીમાં, એશિયાના અગિયાર દેશોના ખેલાડીઓનો જે પ્રથમ રમતોત્સવ ઊજવાયો, તેની યાદગીરીમાં હિંદના ટપાલખાતાએ કાઢેલી બે આના તથા બાર આનાની બે નવી ટિકિટો ઉપરનું આલેખન અહીં આપ્યું છે એશિયાખંડની રેખાકૃતિની ભૂમિકા ઉપર એમાં રમતોત્સવના પ્રતીકરૂપ મશાલનું આલેખન છે. એની સાથોસાથ 'ફર્સ્ટ-ડે કવર' પણ કાઢવામાં આવ્યાં છે, ને એ ઉત્સવ પ્રસંગે દિલ્હીમાં ખાસ ઊભી કરવામાં આવેલી 'એશિયન ગેમ્સ પોસ્ટ ઑફિસે'થી તેના ઉપર ખાસ ફર્સ્ટ-ડે રદ્દીકરણ (કૅન્સલેશન)નો સિક્કો પણ મારવામાં આવ્યો હતો. આ અંક બહાર પડશે ત્યારે તો એ ટિકિટો ફરતી થઈ ગઈ હશે.

યૂનો (યુનાઈટેડ નેશન્સ ઑર્ગેનાઈઝેશન) સંયુક્ત રાષ્ટ્રસંઘ—હવે તેનું પોતાનું ટપાલખાતું શરૂ કરવાનું છે, ને તેને માટે ખાસ ટિકિટો નીકળવાની છે. અમેરિકામાં તે છપાશે.



પોતાના મહાન નર 'ફાધર બેમ જેસેફ'ની ૧૮૫૦માં આવેલી ૧૦૦મી મૃત્યુતિથિના સ્મરણમાં હંગરીએ કાઢેલી ટિકિટ તથા 'ફાધર'ની તસ્વીરવાળું ફર્સ્ટ ડે-કવર. (શ્રી અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી)



ગયા ડિસેમ્બરમાં સ્વિટ્ઝર્લૅંડે 'Pro Juventute'—એટલે કે તરુણો અને યુવકો માટે—રંગબેરંગી પતંગિયાંની સુંદર છાપવાળી ચાર ટિકિટો બહાર પાડીને નવું જ પ્રસ્થાન કર્યું. વાદળી બ્લુ, લીલાશપડતો બ્લુ, કેસરી અને જાંબલી, એમ ચાર ભોંય પર એ છપાએલી. એ જ માળામાં બીજી એક ટિકિટ ઉપર પોતાના દેશના સરસેનાધિપતિ થીઓફિલ સ્પ્રેચર ફૉન બર્નેગની છબિ છાપી છે. એ મુદ્દો બીરપૂજાની દૃષ્ટિએ સૂચક, તેમજ આપણા જેવી સૈનિકજીવનથી વિમુખ પ્રજાએ ધ્યાનમાં લેવા જેવો છે. (શ્રી રાજેન્દ્ર ભટ્ટના સૌજન્યથી)

ચાડી (અનુસંધાન પૃષ્ઠ ૭૯થી ચાલુ)

'ખરે જ, પોતાથી આટલો બધો મોટો...સિગરેટ પીનો... કદી અભ્યાસ પણ બગડશે...સારા છોકરાને ખરાબ સોબત... નાના છોકરાઓને મોટાની ભાઈબંધી સારી ના કહેવાય...' અરુણના મગજનાં ચક્રો જોરથી ફરતાં હતાં: 'પણ આ રણધીર છે કોણ? રોજ એ મારે ઘેર આવે છે, અને પોતે તો હજુ એકે વાર એને ઘેર ફરક્યો સુદ્ધાં નથી! એનાં પિતા, માતા, કશા જ વિષે પોતે તો કાંઇ જાણતો નથી. અને એ એનો દોસ્ત...? હોવો ન જોઈએ એવો... મોટો, કદ્દંડ રણધીર—?'

વિચારોનું મહાપ્રબળ આંદોલન અરુણને ઘેરી રહ્યું હતું એમાં અરુણે રણધીરને એક વાર પૂછ્યું, 'અલ્યા, તારું ઘર તો તેં બતાવ્યું જ નહિ. તારાં બા-બાપુ અહીં જ રહે છે ને?—'

એક ક્ષણ રણધીર ચૂપ રહ્યો. પણ એના મોંપર એટલામાં તો કેટલા યે ભાવો તરી ગયા. અરુણને લાગ્યું કે પોતે પૂછેલું એને ગમ્યું નહિ; કદાચ દુઃખ પણ થયું હશે. એણે અસ્ફુટપણે કહ્યું. 'રણધીર...'

'તને થતું હશે, નહિ અરુણ!' આવેગમાં રણધીર બોલ્યો 'કે આ રણધીર, ત્રેવીસ વર્ષનો થયો તો યે હજુ મૅટ્રિકમાં જ? તમે બધાં નાના. અને પેલા શાહ સાહેબ તમારી રૂબરૂ મને મારે છે. તમે બધાં અભ્યાસમાં મશગૂલ, અને મને અભ્યાસ સૂઝતો જ નથી.

'અરુણ, મને પોતાને જ ખબર નથી પડતી કે હું આ પ્રમાણે શા માટે વર્તું છું તે! હું હજુ મૅટ્રિકમાં જ છું. એને માટે મને જરા યે શરમ નહિ આવતી હોય? શું શાહ સાહેબ મને મારે છે, એ માટે મને કશું જ નહિ લાગતું હોય?–પણ આવું બધું સહન કરી-કરીને મારી લાગણી એટલી બધી કચડાઇ ગઇ છે, કે હવે તો એ બધું વીતે છે તે હું અનાયાસે નિર્લજ્જપણે સહન કરી લઉં છું. અરુણ, પણ કોઇકોઈ વાર મને એમ થઇ જાય છે, કે આજ જો મારી બા હોત તો હું છું એવો ન જ હોત. તેણે પોતાના રણધીરને આવો કદી જ ન બનવા દીધો હોત.' કાળજાં સોંસરું ઊતરી જાય એવું કાંઇક રણધીર પણ બોલી શકે છે. એ અરુણને તે દિવસે સમજાયું.

'છોકરાઓને જે વખતે સાચે રસ્તે દોરવાના હોય એ વખતે મારી બા માંદગીના બિછાને પડી હતી. છોકરાઓ જે ઉંમરે શું સારું અને શું નરસું એ સમજી શકે તે વખતે—ક્ષમા અને પ્રેમથી સુધારવાથી મારી એ ઉંમરે તો તે દુનિયા પર પણ નહોતી.'

'રણધીર–' અરુણના મોંમાંથી ઉદ્ગાર સરી પડ્યો.

'તે ગઇને બીજી મા આવી. ટોકટાક ને ટોણાં શરૂ થયાં. ને એ બધાં-ની વચ્ચે મૂંઝાતું, દબાતું, ગૂંગળાતું મારું જીવન ભળતી જ દિશાએ વહેવા લાગ્યું. કોઇ મારી તરફ લક્ષ દેનારું નહોતું. કોઇ મને હૂંફ દેનારું કે શિક્ષા કરનારું નહોતું; જાણે પવનમાં ઊડતું પાંદડું! અને એમ ને એમ છેવટે અજાણતાં. હું આવો લાપરવા નિર્લજ્જ રણધીર બન્યો!

'મને તારી સાથે દોસ્તી કરવાનું મન થયું: કારણ સારા થવા હજુયે મારું મન ઝંખે છે. અરુણ, હું તારે ઘેર વારંવાર આવું છું, કારણ જે હેતની મારી ભૂખ કદી સંતોષાઈ નથી, એ મને તારી બાની આંખમાંથી જોવા મળે છે....'

રોજનો તોફાની, નીડર રણધીર આ બોલતાં ગળગળો થઈ ગયો. શાહ માસ્તરની આંકણીઓ ખાતાં ન બીતી એની આંખોમાંથી આંસુનાં બેચાર ટીપાં સરી પડ્યાં. એ એકાએક ઊઠીને ચાલ્યો ગયો.

પણ બીજે દિવસે વર્ગમાં જ્યારે અરુણે એના તરફ જોયું ત્યારે એ ગઈ કાલનો રણધીર નહોતો—રોજનો જ હતો!

ઘંટ વાગ્યો. શાળાના વરંડામાંથી વિદ્યાર્થીઓની ગરબડ બંધ થઈ. રોજની જેમ વર્ગમાં ઉતાવળે દાખલ થતી વિદ્યાર્થિનીઓ ઝટપટ પોતાના પરીસ્તાનમાંના આગળના બાંકડા પર બેસવા ગઇ, પણ એટલી જ ઝડપથી એ પાછી ફરી. એમનાં મોંમાંથી તીણી ચીસો સરી પડી! ડેસ્ક પરથી થઇને છેક બેઠક સુધી એક મોટો મજાનો શાહીનો રેલો ચાલ્યો જતો હતો,–છેક નીચે સુધી! એની બાજુ-પરની સુકાએલી કોર મજાની સોનેરી રંગની દેખાતી હતી. જાણે ચોમાસાનું વાદળ!–શરીર પર એકાદો સાપ ચડી ગયો હોય, જાણે કે એ શાહીનો રેલો પોતાની સાડી પર જ ના વહેતો હોય, એમ એ વિદ્યાર્થિનીઓનાં મોં પરથી લાગતું હતું.



બાંકડા પર ન બેસતાં તેઓ એક બાજુ ઊભી રહી. વિદ્યાર્થીઓન સાઠ આંખો એમના ઉપર મંડાઇ હતી; ત્રીસ મોં પર મજાકભર્યું હાસ્ય હતું, અને એમની હમેશની રીત પ્રમાણે વિદ્યાર્થિનીઓ ચીડાતી હતી.

બીજો બેલ પડ્યો. શાહ સાહેબ વર્ગમાં આવ્યા. એકાદ ક્ષણ તો એમને કશી સમજ પડી નહિ! પણ ચોખાના દાણા જોઇને ચકલીઓ જેમ કળવળાટ કરી મૂકે તેમ શિક્ષકને જોઇને વિદ્યાર્થિની-ઓએ એકસામટો કકળાટ કરી મૂક્યો, અને પોતાની ભાષામાં કેફિ-યત નોંધાવી.

શાહ સાહેબે મૉનીટરને બૂમ મારી આંકણી બહાર કાઢી. પછી તે હાથમાં લઇને શક્ય એટલા જોરથી ટેબલ પર પછાડી: 'આજ તો આ છોકરીઓના બાંકડા પર શાહી ઢોળી. કાલે એમનાં પુસ્તકો ચોરશો! હું જરા પણ ચલાવી લેવાનો નથી આ! પોતાની સાથેની છોકરીઓને આમ સતાવવી એ મૅટ્રિકના ક્લાસના છોકરા-ઓને નથી શોભતું.

'...જેણે આ કર્યું હોય, એનું નામ મારે જાણવું જ જોઈશે. તમારો "દોસ્ત"—' દોસ્ત શબ્દ ઉપર વિશેષ ભાર મૂકીને. રણધીર તરફ નજર કરીને શાહ સાહેબે કહ્યું,—'દોસ્ત હોવાને કારણે આ નાલાયક વર્તણૂક ઉપર ઢાંકપિછોડો ઓઢાડ્યે નહિ ચાલે.'

પણ બધા ચૂપ જ હતા, ગભીર હતા. કોઇ કંઇ બોલતું નહોતું અને બોલ્યું પણ નહિ. શાહ સાહેબનું મન આથી સંતાપી ઊઠ્યું. આંકણી વધુ જોરથી ટેબલ સાથે અફળાઇ.

'કોઇ જ કબૂલ નથી કરતું? એ હરગીઝ નહિ ચાલે. મને નામની ખબર પડવી જ જોઇએ....નહિતર હું એકેએકને શિક્ષા કરીશ એ

વગર તમે ઠેકાણે નથી આવવાના. વધારામાં તમારા વડીલોને હું પત્રો લખીશ, અને પ્રિન્સિપાલ સાહેબને કહીને બધાનો જ દંડ કરાવીશ! એક તો નાદાની કરવી ને પાછી ઉપરથી ફિદ્દડતા!'

ક્ષણભર વર્ગમાં થોડીશી ગરબડ થઈ.–ક્ષણભર જ! એકબીજાની નજરે નજર મળી, અને સંદેશા ફરક્યા! કોઇ જ કશું બોલ્યા નહિ. બધાએ નક્કી કર્યું હતું કે ચાડી નાહે ખાવી. નામ કહેવાનું નથી જ.

'તમારા વડીલોને હું લખીશ કે તમારા નબીરાઓ શાળામાં અભ્યાસ કરવાને બદલે છોકરીઓની મશ્કરીઓ કરે છે...' હથોડાના ઘા પડતાં ઘંટનો અવાજ જેમ થરથરતો હવામાં ગુંજી ઊઠે, એમ શાહ સાહેબના શબ્દો વર્ગમાં ગાજી રહ્યા.

શાહ સાહેબ ખુરશી પરથી ઊભા થયા. ડાબા હાથમાંની આંકણી બંને હાથે કસરત કરતા હોય એવી રીતે જોરથી દબાવતા એ આગળના બાંકડા કને આવ્યા. અરુણ પહેલો જ બેઠો હતો. એને ઊઠવું જ પડ્યું. સાહેબે ઇશારત કર્યા પ્રમાણે એને હાથ ધરવો જ પડ્યો! એણે હાથ લાંબો કરીને પંજો ઉઘાડ્યો અને આંખો મીંચી.



પહેલી આંકણી અરુણના હાથ પર ઝપટાઈ. એની આંખોના ખૂણા પાણીવાળા થઈ ગયા. બીજી આંકણી વીંઝવા તૈયાર થએલા શાહ સાહેબ પણ એક ક્ષણ જરા પાછા પડ્યા. એમણે નજર ઊંચી કરીને અરુણ તરફ જોયું: 'ખરું કહી દે, અરુણ; તારી જ બેનની કોઈ આવી મશ્કરી કરે. તો તને શું લાગે? તારી બાને કેવું લાગે?'

...બાને શું લાગે? બેનની કોઈ આવી મશ્કરી કરે તો બાને કેવું લાગે? આ છોકરીઓની બાને શું લાગશે? મોટાભાઈ પર પત્ર,...દંડ.

એક વાર અરુણે વર્ગમાં ઝડપી નજર ફેરવી લીધી. બધાંની આંખોમાં વિહ્વળતા હતી. બધાંને જ બીક લાગતી હતી. એ પત્રની, એ દંડની અને બાની! અને તેમ છતાં સૌએ નક્કી કર્યું હતું, ચાડી નથી જ ખાવાની, નામ નથી જ કહેવાનું

એમાંનું કશું જ થવા દેવાની જરૂર નહોતી. આખા યે વર્ગને શિક્ષા કરાવવાને બદલે, એકને કારણે બધાંને જ હેરાન કરવાને બદલે, જો એ એકનું નામ કહી દેવામાં આવે તો...? પણ...

શાહ સાહેબે નિશ્ચય કરી લીધો બીજી આંકણી ઝીંકવા માટે એમનો હાથ ઊંચો થયો. એ હમણાં જ નીચે આવશે, બીજી આંકણી સડાક કરતી ને હમણાં જ હાથ પર વીંઝાશે....ત્યાં અરુણ બોલી ઊઠ્યો, 'સર...'

શાહ સાહેબે હાથ સંભાળી લીધો. એમણે અરુણ સામે પ્રશ્નાર્થક નજરે જોયું. અરુણના હોઠ જોરથી પીસેલા હતા. એના મોંમાંથી કશું ભળતું તો બહાર નહિ પડે ને, એ બીક સૌની આંખમાં સ્પષ્ટ તરતી હતી. સાહેબે વળી આંકણી બે હાથે રમાડી.

'સર...સર, મારાથી જ એ ભૂલ થઇ ગઇ છે. એ શાહી મારાથી જ ત્યાં ઢળી ગઈ હતી. જાણી જોઈને નહિ,–અજાણતાં જ...' અરુણ ધીરેથી બોલ્યો. બધાએ તે સાંભળ્યું. બધાંનાં મન ચણચણવા લાગ્યાં!

શાહ સાહેબે રોષથી એના સામે જોયું. એમને વિશ્વાસ જ ના બેસે ને! પણ એ ખોટું યે શા માટે બોલે?

'અરુણ, તારા જેવા વિદ્યાર્થી પાસેથી મેં આ આશા કદી નહોતી રાખી. તેં ગુનો પહેલાં જ કબૂલ કરી લીધો હોત તો આખા વર્ગનો વખત આમ બગડત નહિ; અને તને શિક્ષા યે ના થાત.' આટલું બોલી શાહ સાહેબ ટેબલ પાસે ગયા. અરુણે હોઠ સખ્ત ભીડ્યા. મન જરા મજબૂત કર્યું, ને જાણે કડવો ઘૂંટ ગળે ઉતાર્યો હોય, એમ થૂંક ગળ્યું.

'તેં એ જાણીને કર્યું કે તારાથી ભૂલથી એ થઇ ગયું એ મારે નથી જાણવું. ગુનો કરીને પછી ચૂપ બેસી રહેવું એ સારું નથી!' એમ કહીને શાહ સાહેબે મૉનીટરને બોલાવી, એક કાગળ પર કાંઇક લખ્યું અને કહ્યું. 'આ અરુણને લઇ જા પ્રિન્સિપાલ સાહેબ પાસે. એ જ એને યોગ્ય લાગશે તે શિક્ષા કરશે—'

પવનની એક લહરીની જેમ વર્ગમાં ધોધાટની એક લહર ફરકી ગઇ. વિદ્યાર્થિનીઓને પણ ઘડીક એમ થઈ ગયું કે પોતે શા માટે આ ધાંધલમાં અમસ્તી પડી? તેઓ પણ થોડી વાર ગણગણી ઊઠી–બીધેલી ચકલીઓની માફક! ફરી શાહ સાહેબની આંકણી ટેબલ પર ગાજી ઊઠી, અને બધાં શાંત થઇ ગયાં.

મોનીટરની પાછળ પાછળ અરુણ વર્ગમાંથી બહાર જવા લાગ્યો.

'સર–સર, અરુણ ખોટું બોલ્યો છે. એણે એ શાહી ઢોળી જ નથી; મેં,––મેં જ ઢોળી છે એ શાહી' બધાંએ ચમકીને પાછળ જોયું. છેલ્લા બાંકડા પરથી રણધીર બોલતો હતો!

'વાહ સાહેબ! કમાલ કરી આપે! પેલા બે ચોરની માફક જ તમે યે કરવા ઈચ્છો છો કેમ? એક કહે છે કે ચોરી મેં કરી છે, ત્યાં બીજો ઊઠીને કહે છે, ચોરી મેં કરી છે. એ વાળી જ વાત. હું સમજું છું તમારી એ ચાલાકી—' શાહ સાહેબ કડવાશથી હસતા બોલ્યા.

'ખોટું નથી કહેતો, સર; ખરું જ કહું છું. મેં જ ઢોળી હતી એ શાહી.' એકદમ આગળ આવતાં આવતાં રણધીરે કહ્યું, 'આ જુઓ, મારા પાટલૂન પર શાહીનો ડાઘ પણ પડેલો છે...' રણધીરના એ કિંમતી પાટલૂનપર કેટલો યે મોટો એક શાહીનો ડાઘ પડેલો હતો.

છોકરાઓ ફરીવાર ગણગણી ઊઠ્યા. સાહેબ પણ જાણે મુંઝાઈ ગયા. ટેબલ પર આંકણી યે ના ગાજી! આગળના આખા બાંકડા પર બેઠેલી વિદ્યાર્થિનીઓ પણ એમના તીણા અવાજે ગૂંજી ઊઠી! સૌ પાછળ રણધીર તરફ જોતાં હતાં!

પણ રણધીરે પોતાની જ ફાઉન્ટનપેનમાંથી શાહી પોતાની જાતે જ પૅન્ટ પર ઢાળી દઈને એ ડાઘ પાડ્યો હતો, એ તો એની બાજુમાં બેઠેલા મારા સિવાય બીજું કોઈ જ જાણતું ન હતું!

[મરાઠી માસિક सत्यकथा માંની શ્રી જગન્નાથ ગોખલેની વાત પરથી]



માધુકરી

આ વિશ્વના મંગળ ગીતમાંથી
સરોદ હું એક પડેલ છુટ્ટો,
મથી રહું છું લય તાલ મેળવી
બની જવા તદ્રુપ વિશ્વગાનમાં.
'સરોદ'



સ્વ. ડૉ. સી. રામલિંગ રેડ્ડી

આજની પેઢીમાં જે હવે વિરલ જણાય છે (અને ભવિષ્યમાં યે પાકશે કે કેમ એવી જેને વિષે આશંકા રહ્યા કરે છે) એવા જે પ્રખર મેધાવિન માનવો ગઇ પેઢી એક પછી એક પકવતી આવી હતી, તે પૈકીના એક મહાસમર્થ માનવીનું ગઇ તા. ૨૪મી ફેબ્રુઆરીએ મદ્રાસમાં અવસાન થયું. દક્ષિણ હિંદે પ્રગટાવેલા પ્રતિભાવાન પુત્રોની આગલી હરોળમાંના એક એ, ડૉ. સી. રામલિંગ રેડ્ડી તીક્ષ્ણબુદ્ધિ વિદ્વાન, પ્રખર કેળવણીકાર, પ્રભાવશાળી વક્તા અને શક્તિસંપન્ન રાજપુરુષ તથા પાર્લામેન્ટેરિયન તરીકે, છેલ્લા ચાર દાયકાના વિસ્તાર પર પથરાએલી પોતાની કીર્તિસુવાસ મૂકતા ગયા છે. એમની વિદ્વત્તા ઊંડી એટલી જ વિશાળ હતી. રાજકારણમાં એમની સ્વતંત્ર વિચારસરણી અને પ્રતિયોગીઓને ડામતી ગોળીબાર જેવી વાગ્ધારા મદ્રાસ ધારાસભાની ધરાણી ધ્રુજાવી મૂકતી; પણ એમની ખરી શક્તિઓ—એમના જીવનનું મહાકાર્ય તો દીપી ગયું શિક્ષણના ક્ષેત્રમાં.યુનિવર્સિટી કેળવણી અને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં એમની દૃષ્ટિ અને શક્તિ વિરલ ગણાતાં, એમનો અભિપ્રાય સદા પ્રમાણભૂત ગણાતો અને એમનું કહેલું કે કરેલું પડકારવાની ભાગ્યેજ કોઇ હિંમત કરતું. માતૃભાષા તેલુગુના પણ તે અચ્છા લેખક હતા અને 'કવિતા-તત્ત્વવિચારમ્' નામનું એમનું પુસ્તક તેલુગુ વિવેચનસાહિત્યમાં મોખરે ગણાય છે.

એમનો જન્મ આજથી ૭૧ વર્ષ પહેલાં, મદ્રાસ ઈલાકાના ચિત્તુર પરગણામાં કટ્ટામંચી નામના ગામડામાં ઈ. ૧૮૮૦માં થએલો. ચિત્તુરની હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ લઇ તે મદ્રાસની ક્રિશ્ચિયન કૉલેજમાંથી ઈ. ૧૯૦૧માં ઊજળી કારકિર્દી સાથે ગ્રૅજ્યુએટ થયા અને પોલિટિકલ ઇકૉનૉમી તથા ફિલૉસૉફીમાં ચન્દ્રકો મેળવ્યા. હિંદી સરકારની સ્કૉલરશિપ મળતાં તે આગળ અભ્યાસ માટે કેમ્બ્રિજ (ઇંગ્લાંડ)ની સેન્ટ જ્હૉન્સ કૉલેજમાં ગયા અને ત્યાં પણ ૧૯૦૩ અને ૧૯૦૪માં ઉપરાઉપરી ઈનામો તથા ચન્દ્રકો મેળવતા જઈ ૧૯૦૬માં હિસ્ટૉરિકલ ટ્રાઇપૉસમાં પ્રથમ વર્ગ મેળવ્યો. ત્યાંના અભ્યાસ દરમ્યાન યુનિવર્સિટીના ચર્ચાસંઘમાં પણ તે જોતજોતાંમાં આગળ તરી આવેલા, અને કેમ્બ્રિજ યૂનિયનની એ ચર્ચાઓ દરમ્યાન એમના શુદ્ધ ઉચ્ચાર, શિષ્ટ ભાષાવૈભવ તથા પ્રાસાદિક વાગ્છટા જોઇને એ દેશના ભલભલા બુદ્ધિમંતો પણ આકર્ષાઇ તેમની પ્રશંસા કરતા. કેમ્બ્રિજે તો એમને પોતાના યૂનિયનના સેક્રેટરી—અને પછી ઉપપ્રમુખનું માનભર્યું પદ આપ્યું.



સ્વ. ડૉ. સી. રામલિંગ રેડ્ડી

આજના જ વર્ગના ને કદમાં સહેજ નાના આ શિકારી પંખીનું માથું, પીઠ, પાંખો ને પૂંછડી વાદળી ઝાંયવાળાં રાખોડી તથા છાતી-પેટ સ્લેટિયા રંગની લકીરોવાળાં મેલા સફેદ રંગના હોય છે. ગરદન ફરતી પીળી ઝાંય તથા પૂછડીમાં આડા કાળા પટા; આંખની કીકી પીળાશ પડતી નારંગી; ચાંચ ટૂંકી, તીણી અને છેડેથી વળેલી નીલવર્ણી કાળી. અન્ય શિકારી પંખી પેઠે શકરાની માદા પણ કદમાં સહેજ મોટી હોય છે. તેના વર્ણમાં વાદળીને બદલે બદામી ઝાંય અને છાતી પર સહેજ રતાશ હોય છે. આમ, દેખાવે સુંદર હોઈ તે બહાદુર પણ એવું જ હોય છે. તાલીમ મળતાં તે પોતાના કરતાં ચારગણાં મોટાં પંખીઓ સામે થઈ જવા સુધીનાં હિંમત અને જુસ્સો દાખવી શકે છે. આથી શિકાર-શોખીનો તેને વિશેષ પાળે છે.

ઉંદર, ગરોડી, દેડકાં, તીડ વગેરે જીવ તથા નાનાં પંખી એ તેનો આહાર. પણ બચ્ચાનાં ઉછેરકાળે તો તે તેતર–કબૂતરને યે ન મૂકે.

આછી વનરાઇમાં ઊંચાં વૃક્ષો પરનો વસવાટ તેને વધુ ગમતો હોઈ, પ્રજનનકાળે આંબા જેવા કોઇ મોટા ઘટાદાર વૃક્ષની લગભગ ટોચે, સૂકાં સાંઠીકડાંનો ઢીલોઢફ માળો બાંધીને તે પર કૂળાં ઘાસ–મૂળિયાં પાથરી, તેમાં બહુ જ આછી વાદળી ઝાંયવાળાં ત્રણથી ચાર સફેદ ઈંડાં મૂકે છે.

પોતાના દેશ અને રાજ્ય માટે વીણીવીણીને વિરલ પ્રતિભાઓ શોધતા રહેતા વડોદરાના નામદાર સયાજીરાવ ગાયકવાડની નજર બહાર આવું રત્ન કેમ રહે? એમણે તરત જ તેમને ઉત્તેજન આપી ૧૯૦૭માં અમેરિકા મોકલ્યા, અને ત્યાંના અનુભવથી સમૃદ્ધ થઇ આવ્યા કે તરત વડોદરા કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ તરીકે તેમની નિમણૂક કરી. પણ બે વરસ બાદ ૧૯૦૯માં ત્યાંથી છૂટા થઈ એ મ્હૈસુરના શિક્ષણખાતાના આસિસ્ટન્ટ ઇન્સ્પેક્ટર જનરલને હોદ્દે ગયા.

મ્હૈસુરમાં એમણે જે એક દસકો ગાળ્યો, તેમાં એ બધાં ક્ષેત્રોમાં ઝળકી ઉઠયા. શિક્ષણખાતાના વહીવટી હોદ્દેથી તેમને ત્યાંની મહારાજા કૉલેજના પ્રોફેસર નીમીને યુવરાજ સાથે યુરોપના પ્રવાસે મોકલ્યા, અને પછી કૅનેડા, જાપાન, ફિલિપ્પાઇસ, હૉંગકૉંગ વગેરે સ્થળોના શિક્ષણના પ્રશ્નોના અભ્યાસ-પ્રવાસે મોકલવામાં આવ્યા. ત્યાંથી આવ્યા બાદ મહારાજા કૉલેજના વિદ્યાર્થીપ્રિય પ્રિન્સિપાલ તરીકે અને પછી ૧૯૧૬માં શિક્ષણખાતાના સર્વોચ્ચ વડા તરીકે એમણે ઊજળી કારકિર્દી ગાળી અને શિક્ષણના ક્ષેત્રમાં નવી જ ઝલક તથા સુધારા આણ્યાં.

પણ ઈ. ૧૯૨૦માં એકાએક રાજીનામું આપીને શિક્ષણ કાર્ય છોડી તે મદ્રાસ ધારાસભામાં જસ્ટિસ પક્ષના વડા સર પી. ટી. ચેટ્ટીયાર સાથે જોડાયા અને યુનિવર્સિટી મતદાર મંડળ તરફથી ધારાસભામાં ગયા. અહીં પોતાના અંગ્રેજી ભાષાપરના પ્રભુત્વ ચર્ચાચાતુર્ય, હાજરજવાબી અને પ્રતિસ્પર્ધીને સપાટા મારવાની શક્તિથી જોતજોતાંમાં એટલા તો આગળ આવી ગયા કે તેમના પ્રશંસકો તો તેમના પ્રધાનમંડળમાં આવવાની ગણત્રી કરતા હતા. પણ નિર્માણ કાંઈક જુદું જ હતું. સ્વતંત્ર વિચારના એ માનવીએ એકાએક જસ્ટિસ પક્ષ સામે વિરોધનો ઝંડો ઉપાડયો અને વિરોધ પક્ષેથી તેમનાં પ્રહારાત્મક ભાષણોએ જસ્ટિસપક્ષીઓને તોબા પોકરાવી દીધી. અહીં તે પોતાના જેવા જ સમર્થ પાર્લામેન્ટેરિયન સ્વ. સત્યમૂર્તિના સંપર્કમાં આવ્યા, અને તેમના સાથીદાર બન્યા. પણ મતસ્વાતંત્ર્યને કારણે એમની સ્વરાજ્ય પાર્ટીમાં જોડાયા નહિ.

આમ, રાજકારણી જુવાળનાં મોજાંઓના સર્વોચ્ચ શિખરે તે પહોંચ્યા હતા એવામાં ફરી પાછું એકાએક તેમણે એ ક્ષેત્ર છોડી દીધું અને ૧૯૨૬માં નવી સ્થપાએલી આંધ્ર યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર (કુલનાયક)પદે ગયા. ત્યાં તો વળી વિરોધો, મુશ્કેલીઓ ને વિતંડાઓનો મોટો ઝંઝાવાત એમને વેઠવો પડયો, પણ એ બધું છતાં આજે બધા માનપૂર્વક એકી અવાજે સ્વીકારે છે કે આંધ્ર યુનિવર્સિટીને આજની કક્ષાએ પહોંચાડનાર તો એ જ.

પણ ૧૯૩૦માં અસહકારનાં ઘોડાપૂર વખતે બ્રિટિશ સરકારે જે દમનનીતિ આદરી તેના વિરોધમાં રાષ્ટ્રની સ્વમાનરક્ષા અર્થે તેમણે કુલનાયકપદેથી રાજીનામું આપ્યું અને કૉંગ્રેસમાં જોડાયા. પાંચ વરસ સુધી તેમણે એ રાજકીય ક્ષેત્રમાં કામ કર્યું, પણ એમનું સ્વતંત્ર અને ટીકાત્મક વલણ પક્ષનીતિનાં બંધનો સ્વીકારી શકતું નહિ. વિચારમાં તે ગાંધીજી કરતાં ગોખલેજીના અનુયાયી હતા, પણ ગોખલેજીની ધીરજ અને મિતભાષીપણું એમનામાં ન હતાં. ૧૯૩૫માં પાછા તે ધારાસભામાં ચૂંટાયા, પણ ૧૯૩૬માં આંધ્ર યુનિવર્સિટીના કુલનાયકપદે ચૂંટાતાં ફરી શિક્ષણના ક્ષેત્રમાં ગયા. ૧૯૩૭માં કૉંગ્રેસે પ્રધાનપદાં સ્વીકારતાં શ્રી રાજગોપાળાચાર્યે એમને ઉપલી ધારાસભામાં લીધા, જ્યાં સ્વ. શ્રીનિવાસ શાસ્ત્રી સાથે રહીને એમણે ઉમદા ફાળો આપ્યો. પણ કૉંગ્રેસ સાથે મનોમેળ ન થતાં તેમાંથી રાજીનામું આપી એમણે આંધ્ર યુનિવર્સિટી સંભાળી લીધી અને લાગટ બાર વરસ સુધી સ્થિર ને સંગીન કાર્ય કરીને એ સંસ્થાના પાયા એમણે મજબૂત કરી દીધા.

દોઢેક વરસ પર મ્હૈસુર રાજ્યે પોતાની શિક્ષણપ્રણાલિઓના પુનર્નિર્માણ માટે એમને બોલાવ્યા અને ૧૯૪૯ના સપ્ટેમ્બરની ૧૫મીએ આંધ્રમાંથી રાજીનામું આપી મ્હૈસુર રાજ્યની યુનિવર્સિટીનો પ્રો-ચાન્સેલર (કુલપતિ) થયા. પરંતુ એમના અવસાનથી એમનું ત્યાંનું કામ તો અધૂરું જ રહી ગયું.

ગયા માસની ૭મી તારીખે બીમારીને કારણે તેમને મદ્રાસના નર્સિંગ હોમમાં દાખલ કરવામાં આવેલા, પણ તેમની તબિયત ન જ વળી અને ૨૪મીએ તેમનું અવસાન થયું. જીવનભર તે અવિવાહિત રહેલા. જોકે એમણે એક પુત્રી દત્તક લીધેલી, પણ એમના પહેલાં જ એનું અવસાન થઈ ગએલું. એમના દૌહિત્ર પ્રભાસરાયને હાથે ચિત્તુર પાસે એમના કટ્ટાગાંચી ગામે એમનો અગ્નિદાહ થયો અને ચિત્તુરમાંના એમના બંગલા 'પદ્મ પ્રભાસ'ના કૉમ્પાઉન્ડમાં એમનાં અસ્થિ ઉપર સમાધિ ચણવામાં આવનાર છે.

મદ્રાસના વડા પ્રધાન શ્રી પી. એસ. કુમારસ્વામી રાજા તથા બીજા અનેક સ્વર્ગસ્થને જે અંજલિઓ આપી છે તે પરથી આ દેશને પડેલી ખોટનો કાંઈક ખ્યાલ આવી શકે છે: 'એમના અવસાનથી દક્ષિણ હિંદમાંથી એક પ્રચંડ વ્યક્તિ અને શિક્ષણના ક્ષેત્રમાંથી એક તેજસ્વી ગ્રહનો લોપ થયો છે. દેશના સાંસ્કૃતિક ઘડતરમાં એમણે જે અણમોલ ફાળો આપ્યો છે તે ચિરસ્મરણીય રહેશે. વાક્સૌંદર્ય અને તેજસ્વિતાથી ઓપતાં એમનાં ધારાસભાઓમાંનાં વ્યાખ્યાનો, અને એમણે સ્થાપેલી વિવાદચર્ચાની ગૌરવશીલ ઊંચી કક્ષા હજી આજની ઘડી સુધી આદર્શરૂપ રહ્યાં છે. એમનું સૌથી મહાન અર્પણ તો યુનિવર્સિટી-શિક્ષણના ક્ષેત્રમાં હતું, અને આંધ્ર યુનિવર્સિટીના છોડને છેક બાળપણથી ઉછેરીને જે મહાવૃક્ષના રૂપમાં એમણે આપણને ઉછેરી આપ્યો છે તેને તો એ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની પેઢીઓની પેઢીઓ સદા યાદ કર્યા કરશે.

ગરીબ બીચારું ત્રાંબાનાણું

કોઇ પણ દેશના સિક્કાઓ ત્યાંની તવારીખ માટે એક અગત્યનું ઐતિહાસિક સાધન છે. ઇતિહાસના એક પ્રકરણ રૂપ તે બની રહે છે. વળી, નવા બહાર પડતા અને વિલુપ્ત થતા સિક્કાઓ દેશનાં આર્થિક ને સામાજિક વહેણોનાં પણ નિદર્શક બની રહે છે. આપણું આ યુગનું ત્રાંબાનાણું ૧૮૩૫માં બ્રિટિશરોએ પહેલવહેલું શરૂ કર્યું. ત્યારથી તે આજના સમયે જ્યારે પાઇ, અધેલા, ઢબ્બુ વગેરે મરી-પરવારીને, એ બધાં આપ્ત જનોના અવશેષ જેવો માત્ર એકલો પૈસો મૃત્યુ સામે મથામણ કરી રહ્યો છે ત્યાં સુધીના ગાળામાં આપણાં ગ્રામજીવન અને સામાન્ય લોકજીવનના ચલણી નાણાની જાણે એક નાની કથા સર્જાઇ ગઇ છે.

છેક ૧૮૧૧ સુધી આપણા લોકજીવનમાં કોડીનું ચલણ હતું. ઘણાને કદાચ ખબરે નહિ હોય કે એ વખતે 'અરધી પાઈ'ના સિક્કા બહાર પાડવામાં આવેલા, અને કોડીના ચલણની વચ્ચે માનભર્યું સ્થાન પામેલા. એ દર્શાવે છે કે ત્યારે કેટલી બધી સોંઘવારી હશે! આજે એ કોડીનું અસ્તિત્વ માત્ર પેલી તુચ્છકારદર્શક કહેવતમાં જ સચવાઈ રહ્યું છે કે 'કોડીની કિંમતનું યે નથી'.

ત્રણ દસકા પહેલાંનાં આપણાં એ ચાર ત્રાંબાનાણામાં પહેલો ઘા પેલા ઢબ્બુ ઉપર પડયો. ૧૯૨૪માં એ પાછો ખેંચાયો. એ ભારવદાર ગૌરવશીલ સિક્કાનો વંશ આજે પેલી નિકલની કંગાળ ચોરસ ઢબુડી સાચવે છે! પછી વારો આવ્યો પાઈ અને અરધા પૈસાનો.

એ સિક્કા પાડવા બંધ તો કરાયા ૧૯૪૩માં, પણ તે અગાઉ જ એ ચલણમાંથી લોપ પામતા ગયાં હતા. બજારમાં પાઈ-અધેલાની કોઈ વસ્તુ તમને ભાગ્યે જ વેચાતી મળે; માત્ર ભિખારીઓને અપાતાં એ. અને આજે તો હવે ભિખારી પૈસો લેવાની પણ ના પાડે છે, ત્યાં પાઈનું તો શું કહેવું? હા, એક સ્થળે હજી એનું અસ્તિત્વ છે: છોકરાંઓને ભણવાના ગણિતનાં કોષ્ટકોમાં અને તેના અટપટા દાખલાઓમાં! (ટાઇમ્સ ઑફ ઈંડિયા પરથી)

આંખનું આરોગ્ય

[૩] અંધકારનો અનુભવ (Palming)

જાગૃતાવસ્થામાં આંખને બધો વખત પ્રકાશમાં જ કામ કરવાનું હોવાથી તેને અમુક જાતનો થાક લાગે છે. આંખ ખુલ્લી હોય ત્યારે તેના પર પ્રકાશનો સતત મારો ચાલુ જ હોય છે. જોકે પ્રકાશ તો આંખને પોતાની ફરજ બજાવવામાં ખૂબ મદદરૂપ છે, પરંતુ આંખ જો તેની સાથે કામ પાડવામાં સાચી રીતો ન અપનાવે તો એ જ મદદરૂપ પ્રકાશ ખૂબ નુકસાનકર્તા બની જાય છે. જેમ વીજળીની બત્તી આંખને હાનિકારક લાગે તો તેના પ્રકાશમાં કામ કરતાં નુકસાન ન થાય તેવી રીતે આંખ વાપરવી જોઇએ, તેવી જ રીતે દિવસના પ્રકાશમાં પણ જો આંખ પલકારીને—પ્રકાશની ખોટી અસરથી બચે તેવી રીતે—વાપરવામાં ન આવે તો આંખને ખૂબ શ્રમ પડે અને નુકસાન પણ થાય. એટલે પ્રકાશથી ઊભો થએલો થાક દૂર કરવા માટે અંધકારનો વ્યવસ્થિત ઉપયોગ કરવો જોઇએ.

આંખને જ્યારેજ્યારે થાક લાગે ત્યારેત્યારે બે મિનિટ માટે આંખ બંધ કરી અંધકારના અનુભવ કરવા નીચે પ્રમાણે પ્રયોગ કરો:



આરામથી બેસો. આંખ બંધ કરી તેને હાથના હથેળીથી ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પોચે હાથે ઢાંકો. એકલી આંખ બંધ કરવાથી પણ અંધકાર તો લાગે છે જ, પણ તેને વધુ ઘેરો કરવા તથા હૂંફ આપવા હથેળીથી ઢાંકો. ઉપરાંત, અંધકારના અનુભવને સ્થિર અને સંપૂર્ણ કરવામાં મનના સહકારની પણ ખાસ જરૂર છે. મન શાંત થાય અને અંધકારના અનુભવમાં જોડાય તો આંખ અને મનનો યોગ થવાથી આંખ તેમજ શરીરને પણ અકલ્પ્ય આરામ મળે.

પણ આમાં જો મનનો સહકાર નહિ મળે તો આરામને બદલે થાક લાગવાનો; અને અંધકારનો અનુભવ ન થતાં જુદાજુદા રંગો, વાદળાં, જાળાં વગેરે દેખાશે. આવે પ્રસંગે મન જો સ્થિર ન થાય તો તેના પર દબાણ ન કરતાં પ્રયોગ મોકૂફ રાખો; અને મનને સ્થિર થતાં શીખવવા માટે ફરીથી અનુકૂળતાએ તમારી મનગમતી કોઈ આહ્લાદક વસ્તુ આંખ બંધ કરીને યાદ કરો. આ સહેલાઈથી બનશે.

શરૂમાં મનને આહ્લાદક વિચારોમાં ને આનંદદાયી દૃશ્ય યાદ કરવામાં રોકી એકાગ્ર થતાં શીખવી શકાય. છોકરીઓ ઢીંગલીને, માતા પોતાનાં બાળકોને, બાળકો માતાને, વિદ્યાર્થીઓ પોતાની મનપસંદ રમતોને યાદ કરી મનને આહ્લાદ આપી એકાગ્ર થતાં શીખવી શકે. આ દૃશ્યો જેટલાં વધુ આબેહૂબ અને જેટલી વધુ સરળતાથી થાય તેટલી સરળતાથી આંખને સુધારી શકાય. નાનાં બાળકોને અંધકારનો અનુભવ કરાવતાં તેમને રસ પડે તેવી વાર્તા કહેવી.

બે મિનિટ માટે આ પ્રયોગ કર્યા પછી જ્યારે તમે પલકારા સાથે આંખ ખોલશો ત્યારે તમારી આંખને નવી રોશની, સ્ફૂર્તિ અને ખૂબ આરામ મળ્યાં હશે. —ડૉ. ગોવિંદભાઇ પટેલ

પનીર

કોઇ વાર ઘરમાં દૂધ વધી પડે છે. ધારેલા મહેમાન ન આવે, અથવા ગમે તે કારણથી દૂધ વધ્યું હોય તો શું કરવું? આ એક સરસ વાનગી તેવે વખતે બનાવી લેવા જેવી છે.

ત્રણ શેર દૂધ ગરમ કરવું. ઊભરો આવે એટલે અંદર દોઢ શેર દહીં તથા ચમચો ભરીને મીઠું નાખી દેવું. દૂધ તરત ફાટી જશે. જરા વાર ઊકળવા દેવું. નીતર્યું કાચ જેવું પાણી દેખાવા માંડે એટલે ઉતારી લઈ કપડાથી ગાળી લેવું; અને પછી દહીંના લચકા જેવું રહે તેને કપડામાં પોટલી જેવું કરી સજ્જડ બાંધી રાખી બેત્રણ કલાક પાણી નીતરવા દેવું. તમામ પાણી નીકળી જતાં પનીરનો ગોળો તૈયાર થશે. તેમાં ખૂબ જ પોષક તત્ત્વો હોય છે. તે પનીર એકલું પણ ખવાય. કોઇક લોકો એના કકડા કરી બટાટાના શાકમાં પણ નાખે છે. તેના કકડા તળીને પણ ખવાય છે. વિ૦ (ગુજરાત સમાચાર)

દિલ્હીનું નૅશનલ સ્ટેડિયમ

આ માસની તા. ૪ થી ૧૧ સુધી જ્યાં એશિયાના દેશોના યુવાનોનો પ્રથમ રમતોત્સવ એશિયન ઓલિમ્પિક ઉજવાયો એ આપણું 'નૅશનલ સ્પોર્ટ્સ સ્ટેડિયમ (રાષ્ટ્રીય ક્રીડાંગણ) આખા એશિયામાં અનન્ય છે. પંડિત જવાહરલાલ નહેરૂના હસ્તે ગઈ જાન્યુઆરીના સ્પષ્ટ્રીએ આ સ્ટેડિયમ ખુલ્લું મૂકવામાં આવ્યુ છે. તેમાં અત્યારે ૩૫,૦૦૦ પ્રેક્ષકોને બેસવાની સગવડ છે અને તેને વિના મુશ્કેલીએ વધારીને બીજા ૧૫,૦૦૦ની સગવડ થઇ શકે તેમ છે. ઉપરાત એક ઑલિમ્પિક સ્વિમિંગ પૂલ પણ અત્યારે લગભગ તૈયાર થઈ ગયો છે જે આખા એશિયામાં મોટામાં મોટો હશે. આ સ્ટેડિયમ એન્જીનીઅરિંગ કળાનો ઉત્તમ નમૂનો છે. દોડ ને સાઈકલિંગ માટે તેમાં ઉત્તમ રસ્તો તૈયાર કરવામાં આવ્યો છે. ખેલાડીઓ પૅવેલિયનમાંથી સીધા મેદાન પર આવી શકે તે માટે એક ટનલ કરેલી છે. વળી ડ્રેસિંગ અને મસાજ માટે પણ સુંદર સગવડ છે.

ગરમ પીણાં

પેટના કૅન્સરવાળા સોએક જણને મેં તપાસ્યા છે. તે દરેક કિસ્સામાં માલૂમ પડ્યું છે કે તે બાપડાઓ દરેક પીણું ધગધગતું જ પીતા;-ખાસ કરીને ચાહ. ગમ્મતની વાત એ છે કે નાહવામાં ૧૧૦ અંશથી વધુ ગરમ પાણી ન ખમાય, પણ પીવામાં ૧૫૦ અંશ જેટલું ધગધગતું ગટગટાવી જઈ શકાય! એવડી ઝડપથી એ જીભ પરથી વહી જાય છે કે જીભ દાઝી જવા નથી પામતી,—એટલો વખત જ નથી મળતો. હોજરીમાં અને ઇસોફેગસ- (ખોરાક-નલિકા)-માં દુ:ખનું જ્ઞાન આપનારા તંતુઓ નથી. એટલે રોજેરોજ ધગધગતાં પીણા પીને હોજરીને પોતે ભયાનક ઈજા કરી રહ્યા છે તે વાતની ખબર જ લોકોને પડતી નથી.

પોલાદ જેવું કઠણ, હળવુંફૂલ પ્લાસ્ટિક

વજનમાં હળવું અને છતાં અત્યંત મજબૂત એક નવું પ્લાસ્ટિક યુનાઇટેડ સ્ટેઈટ્સમાં તૈયાર થઇ રહ્યું છે. ઍલ્યુમીનિયમ જેટલું હળવું અને પોલાદના જેવું—બંદૂકની ગોળીથી પણ ન વીંધાય તેવું કઠણ આ પ્લાસ્ટિક વિમાનોમાં વપરાઇ રહ્યુ છે.

'એપન રેસિન નામનો આ પદાર્થ 'એપિ-કલોહીડ્રીન' નામના પ્રવાહી તથા 'બઈસ-ફેનોલ' નામના ઘનમાંથી બને છે. આ બે રસાયણોના મિશ્રણમાં કાચના તારનું કાપડ ઉમેરવામાં આવે છે, અને એમ આ પ્લાસ્ટિકનું આખરી સ્વરૂપ તૈયાર થાય છે.

સમયસાગરનાં છીપ-મોતી

જલશુદ્ધિ પાઉડર

પૂનાની નૅશનલ કેમિકલ લેબૉરેટરીએ એક નવો પાઉડર નિપજાવ્યો છે. દક્ષિણ હિંદુસ્તાનમાં નેલોરમાં એક જાતનો દાંતનો રોગ થાય છે. તે દૂર કરવામાં એ આશીર્વાદ રૂપ થશે; કેમકે એ પાઉડરમાં પાણીને શુદ્ધ કરવાની મહત્ત્વની શક્તિ રહેલી છે. દરિયાનું પાણી પણ એ પાઉડરથી ફિલ્ટર કરેલું ચોખ્ખું પાણી બની જાય છે. નેલોરના ૨૦ લાખ રહેવાસીઓના પીવાના પાણીમાં કેટલીક એવી અશુદ્ધિઓ રહેલી છે કે જેને લીધે ત્યાં એ રોગ થાય છે. એ વિભાગના પાણીને આ પાઉડરથી શુદ્ધ કરવાથી એ રોગ નાશ પામશે. આમ, લોકોને શુદ્ધ પાણી મેળવી આપવાનું કામ કરવા ઉપરાંત આ પાઉડર ખાંડનાં કારખાનાંઓમાં પણ મહત્ત્વનો ફાળો આપશે. શેરડીના રસને તે વડે ફિલ્ટર કરવાથી તેમાંથી મૉલૅસિસ (Molasses) નામનો પદાર્થ નીકળી જઈ શેરડીનો રસ મધ જેવો સીરપનાં રૂપમાં તૈયાર થશે, જે મુરબ્બા, પીપરમેન્ટ ગોળીઓ વગેરે બનાવવામાં વપરાશે. આ નવા પાઉડરનું નામ 'આયોન એક્સચેન્જ રેઝિન્સ' (Ion exchange resins) છે ને તે મોટા પ્રમાણમાં તૈયાર થઇ શકે તેમ છે.

રેડિયોલૉજિકલ યુદ્ધ

અમેરિકાના વૈજ્ઞાનિકો એક નવી જાતના યુદ્ધ-સાહિત્યની શોધ કરી રહ્યા છે. આ પદાર્થો છે રેડિયો–ઍક્ટિવ રજકણો અથવા પ્રવાહી. ઍટમ બૉમ્બ બનાવવાનાં કારખાનાંમાં આડ-પેદાશ તરીકે એ પેદા થાય છે. એમાંથી જે રેડિયો ઍક્ટિવ કિરણો નીકળ્યા કરે છે તે પ્રાણીમાત્ર માટે ખૂબ જ નુકસાનકારક છે. અત્યારસુધી આ રજકણોનો નાશ કરવામાં આવતો, પણ હવે તેના યુદ્ધના કામમાં ઉપયોગ કરવાનું અમેરિકન અધિકારીઓ વિચારી રહ્યા છે. કેવળ વિમાનમાંથી જ તે શત્રુપર નાખી શકાશે એવું નથી તોપના ગોળામાંથી કે રૉકેટ દ્વારા પણ શત્રુપર તેનો છંટકાવ કરી શકાશે. આમ અત્યારસુધી જે નકામી ગણીને ફેંકી દેવાતી તે આ રેડિયો ઍક્ટિવ ધૂળ યુદ્ધનું ભયંકર શસ્ત્ર બનશે.

ટાંકણી ઉપર ચિત્રકામ

આપણે ચોખાના દાણા ઉપર કરેલા ચિત્રકામની હકીકતો તો સાંભળી છે. પણ ઈટાલીના એગિડિયો બૉશી (Egidio Boschi) નામના ૪૭ વર્ષના એક ચિત્રકારે ટાંકણીના માથા પર ચિત્રો દોર્યા છે. અત્યારસુધી તેણે ૮ ટાંકણીઓ પર જુદાં જુદાં ૮ દૃશ્યચિત્રો દોર્યાં છે ને હવે તે ટાંકણીના માથા પર નવમું ચિત્ર ૧૨મા પોપનું દોરી રહ્યો છે. આ સૂક્ષ્મ ચિત્રકામ તે પોતાની ખાસ બનાવેલી પીંછી વડે કરે છે. એ પીંછી એટલે એક દીવાસળીને છેડે ચોંટાડેલો પોતાના જ માથાનો એક વાળ! તેના વતી તે ચિત્રો દોરે છે. ચોખાના એક દાણા પર એક ચાની ચિત્રકારે ૧૨ શબ્દો લખેલા તે દાણો જોયા પછી તેને આ માટે પ્રેરણા થએલી. આ અતિ ઝીણવટભર્યું ચિત્રકામ કરતાં કરતાં પોતાની આંખો ખોઈ બેસવાનો સંભવ ઊભો થયો છે. તેણે દોરેલાં, આ સૂક્ષ્મ ચિત્રોની કિંમત અત્યારે લગભગ સવા લાખ રૂપિયા (૯૨૦૦ પાઉન્ડ) અંકાઈ રહી છે.

એક આશાદાયક સમાચાર

સંશોધન મંડળે એક કૃત્રિમ જાતના ચોખા પેદા કરવામાં સફળતા મેળવી છે. મગફળી તથા ટાપિયોકામાંથી સંયોજિત કરેલા આ નવી જાતના ચોખામાં કૅલ્શ્યમ અને વિટામિન વધુ હોય છે. રોજના ૩ હંડ્રેડવેટ આવા ચોખા તૈયાર કરવાનું કારખાનું અત્યારે ચાલુ છે. ને રોજ પથી ૭ લાખ ટન ચોખા તૈયાર કરી શકે એવું કારખાનું કાઢવાનું સરકાર વિચારી રહી છે. આ ચોખાનો ભાવ શેર દીઠ ૨॥ આના રહેશે.

અંધ ગાયકની સંગીતકલા

આપણે ત્યાં અંધોને માટે દયા તથા અનુકંપાની લાગણી હોવા છતાં તેમના ઉદ્ધાર તથા પ્રગતિ માટે ઘણી ઉપેક્ષા સેવીએ છીએ. ઉપેક્ષાની એ ભાવના ખંખેરી નાખવા તથા અંધો તરફની આપણી ફરજની ભાવના જાગૃત કરવા મુંબાઇમાં ગયે મહિને એક અંધસપ્તાહ ઉજવવામાં આવેલું. એના કાર્યક્રમ વખતે અંધોએ પોતાની વિવિધ કલાનું પ્રદર્શન કરેલું. તે સૌમાં એક અંધે પોતાનાં અભિનવ સાધનો વડે 'જલતરંગ'ની માફક જે સંગીત વગાડી બતાવ્યું તે અદ્ભુત હતું. એ અંધનાં સાધનો હતા પૅલિશની ખાલી ડબ્બીઓ તથા વાંસની સળીઓ! આ સાધનો વડે 'જલતરંગ'ની જ રીતે તેણે કેટલાક રાગ ગાઇ સંભળાવી લોકોને આશ્ચર્યચકિત કરી નાખ્યા. સમાજમાં ઉપેક્ષાએલા આવા અંધોની આવી કેટકેટલી કલા ફોગટ જતી હશે!

જ્યાં મોટેથી બોલવાની મનાઇ છે!

સ્વિટ્ઝર્લૅન્ડમાં એક ડુંગરાની તળેટીમાં આવેલા એક નાના ગામમાં હમણાં મોટેથી બોલવાની મનાઇ કરવામાં આવી છે, એટલું જ નહિ પણ જોરથી બારણું બંધ કરવાની કે ટેબલ પછાડવાની પણ ત્યાં બંધી છે! તેનું કારણ એ છે કે આ વરસે ત્યાં ડુંગરાળ પ્રદેશોમાં બરફ ધસી પડવાથી પારાવાર નુકસાન થયાના દાખલાઓ ઘણા બન્યા છે. જ્યારે ડુંગરાઓ પર ખૂબ બરફ જામ્યો હોય ત્યારે મોટે સાદે બોલવાથી કે અવાજ કરવાથી અવાજનાં મોજાં પેલા જામેલા બરફને નીચે ધસી પાડવામાં કારણરૂપ બને છે. આ ગામડાની પાસેના ડુંગરાઓ પર પણ આવો જ બરફ જામેલો છે, એટલે ત્યાં મોટેથી અવાજ કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે; કારણ, નહિ તો પેલો બરફ ધસી પડી આખું ગામ તેમાં દટાઈ જાય! આવા વેરા ભય નીચે જીવતા એ ગામના ગામજનો બીજે નાસી પણ જઈ શકતા નથી, કારણ બધી તરફનો રેલવે વાહન વ્યવહાર કપાઇ ગયો છે. મૃત્યુના સતત ભય નીચે જીવતા એ ગામજનોની મનોદશા કેવી કરુણ હશે!

ત્યાં અને અહીં

આપણે ત્યાં અનાજ પર કાપ પડ્યો ત્યારથી સરકારની ટીકા કરવાની વૃત્તિ ચોમેર દેખાઇ રહી છે. પણ ઇંગ્લૅંડમાં શું ચાલે છે તે જોવા જેવું છે અંગ્રેજ પ્રજા માંસાહારી પ્રજા છે; અને ઇંગ્લૅંડને જોઇતું માંસ આર્જેન્ટિના દેશમાંથી આવતું હતું. પણ આર્જેન્ટિનાએ માંસનો ભાવ એકદમ વધારી મૂકતાં ઇંગ્લૅંડે તે લેવાની ના પાડી આથી ત્યાં માંસની સખત તંગી ઊભી થઇ. આજે ત્યાં અઠવાડિયે માણસ દીઠ ફક્ત ૪ ઔંસ માંસ મળે છે. ઈંડાની બાબતમાં પણ એ જ સ્થિતિ: માણસ દીઠ અઠવાડિયે ૧ ઈંડું. સિગારેટની પણ ત્યાં ખૂબ અછત છે. પણ એ હાડમારીઓ ત્યાંની પ્રજા હસતે મોંએ સહન કરી રહી છે. પેઢીઓથી માંસાહારી રહેલી એ પ્રજા માંસને અભાવે આજે શાકાહારી બની રહી છે, જ્યારે આપણે ત્યાં અનાજ ઓછું હોવાને લીધે ખજૂર અથવા શકરિયાં ખાવાનું કહેવામાં આવતા લોકો સરકાર પર તૂટી પડે છે.

ટચુકડો વીજળી પંખો

૩ ઔંસ (૯ ૩/૮ તોલા) વજનનો, બૅટરીથી ચાલતો એક ટચુકડો અંગત પંખો અમેરિકામાં તૈયાર થયો છે. ગરમીના દિવસોમાં ભોંયરા-ગાડીઓની ભીડમાં, સિનેમાઓમાં, ઘરમાં અને ઇસ્પિતાલમાં માણસો પોતા માટે એ વાપરી શકશે. પોચા પ્લાસ્ટિકના બનેલા ૩ ૩/૪ ઇંચ લાંબાં અને ૧ ૩/૪ ઇંચ પહોળાં ૩ પાંખિયાં એમાં છે. (બ્રુસિસ)

આ માસ (માર્ચ) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

ફેબ્રુઆરીની તવારીખ

તા. ૧ યુનોની જનરલ ઍસેમ્બ્લીએ ચીનને કોરિયામાં આક્રમક ઠરાવતો અમેરિકાનો ઠરાવ ૪૪ વિરુદ્ધ ૭ મતે પસાર કર્યો. વિરોધ કરનારાઓમાં હિંદ, બર્મા ને રશિયન સમૂહ હતા. **તા. ૨** હિંદમાંનું ફ્રેન્ચ સંસ્થાન ચન્દ્રનગર હિંદ સાથે જોડવાના કરાર પર ફ્રાન્સ અને ભારત સરકારની સહીઓ થઈ. **તા. ૬** નાઝી યુદ્ધ ગુન્હેગાર અને જર્મનીના સૌથી મોટા લોખંડના ઉદ્યોગપતિ આલ્ફ્રેડ ક્રુપની ૬ વર્ષના કારાવાસ બાદ મુક્તિ. **તા. ૮** ઑસ્ટ્રેલિયા-ઇંગ્લંડ વચ્ચેની ચોથી ટેસ્ટમાં ૨૭૪ રને ઑસ્ટ્રેલિયાની જીત. **તા. ૯** પ્રજાસત્તાક હિંદની પ્રથમ જંગી વસતિગણતરીની શરૂઆત. **તા. ૧૦** દ૦ કોરિયાની રાજધાની સેઉલ ઉપર યૂનોનાં દળોએ ફરીથી કબ્જો જમાવ્યો. **તા. ૧૨** ભારતને ૨૦ લાખ ટન અનાજ ભેટ આપવાની દરખાસ્ત મંજૂર કરવાનો પ્રે૦ ટ્રુમેને અમેરિકન કૉંગ્રેસને અનુરોધ કર્યો. ¶ ભારત-રાષ્ટ્રસમૂહ વચ્ચેની પાંચમી ટેસ્ટ મૅચમાં ૭૭ રને ભારતની હાર. **તા. ૧૪** અમેરિકાને આક્રમક જાહેર કરતી રશિયાની દરખાસ્ત યૂનોની જનરલ ઍસેમ્બ્લીમાં મોટી બહુમતિથી નામંજૂર. **તા. ૧૫** ભારતનાં નાવિક દળોના કમાન્ડર ઇન-ચીફ વાઇસ ઍડમિરલ પૅરી નિવૃત્ત થતાં તેમની જગ્યાએ રીયર ઍડમિરલ પીઝીની નિમણુક ¶ નેપાળ છોડી હિંદ આવેલા નેપાળ નરેશ રાજા ત્રિભુવનનો નેપાળમાં લોકરાજ્ય સ્થપાતાં ફરી સન્માન સહિત પ્રવેશ. **તા. ૧૭** કાનપુરમાં શરૂ થએલી ૨૬૯ માઇલના અભિનવ રાત્રિ વિમાની હરીફાઈમાં કૅ. નામજોશી પ્રથમ આવ્યા. ¶ લખનૌમાં કેન્દ્રિય ઔષધિ-સંશોધન સંસ્થાનું પંડિત નહેરૂના હસ્તે ઉદ્‌ઘાટન. **તા. ૧૮** નેપાળમાં લોકશાહી અમલનાં નવાં પ્રધાનમંડળનો સોગંદવિધિ. **તા. ૨૦** પાર્લામેન્ટે 'પ્રિવેન્ટિવ ડિટેન્શન બિલ' પસાર કર્યું. **તા. ૨૧** યૂનોની સલામતી સમિતિમાં કાશ્મીરને લગતો ઍંગ્લો-અમેરિકન ઠરાવ મુકાયો, જેમાં કાશ્મીરના ભાગલા તથા લોકમત દરમ્યાન પરદેશનું લશ્કર રાખવાની યોજના છે. **તા. ૨૬** હિંદ-પાકિસ્તાન વચ્ચે વેપારી કરાર. ઘણા મહિનાઓથી તેમની વચ્ચે બંધ પડેલો વેપાર પાકિસ્તાનના રૂપિયાને હિંદે બિનશરતી માન્યતા આપ્યા બાદ શરૂ થયો.

આ માસના દિનવિશેષ

તા. ૩ શીખોના પવિત્ર 'ગ્રંથ સાહેબ'ના સંપાદક ગુરુ અર્જુનદેવ ગાદીએ બેઠા, ૧૫૮૧.
તા. ૮ શોધસફરી આમુંડસેન દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યો, ૧૯૧૨.
તા. ૧૨ સુરત, ઘોઘા, અમદાવાદ ને ખંભાતમાં કોઠી નાખવાની અંગ્રેજોને છૂટ મળી, ૧૬૧૨.
તા. ૧૪ આફ્રિકાનું જંગી સરોવર આલ્બર્ટ ન્યાન્ઝા શોધાયું, ૧૮૬૨.
તા. ૧૫ હિંદની દેશ્ય પરતંત્રતા રૂપ હથિયારબંધી તથા છાપાંઓના કાયદા થયા, ૧૮૭૮.
તા. ૨૦ ગુરુત્વાકર્ષણના નિયમના સ્થાપક સર આઇઝૅક ન્યૂટનનું મૃત્યુ, ૧૭૨૭.
તા. ૨૩ કાનપુરમાં કોમી રમખાણ; તેમાં ગણેશશંકર વિદ્યાર્થીની શહીદી, ૧૯૩૧.
તા. ૨૫ ગુજરાતના કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇનું અવસાન, ૧૮૯૮.
તા. ૩૦ રૉલેટ બિલના કાળા કાયદા સામે દિલ્હીમાં હડતાળ ને ગોળીબાર, ૧૯૧૯.

વ્યક્તિવિશેષ: હેનરિક જહોન ઇબ્સન

પોતાની અભિનવ શૈલીનાં નાટકો વડે



યુરોપભરના નાટ્ય-સહિત્ય પર ઊંડી અસર મૂકી જનાર નાર્વેજિયન નાટ્યકાર ને કવિ હેનરિક જહોન ઇબ્સનનો જન્મ ઇ. સ. ૧૮૨૮ની ૨૦મી માર્ચે નૉર્વેના સ્કેઈન મુકામે થએલો. પિતાએ વેપારમાં ખોટ ખાધા બાદ બચપણથી જ ગરીબી અને તંગી ભોગવતાં ૧૫ વર્ષની નાની ઉમરે તો તે ધંધે લાગ્યો અને મનની ઊર્મિઓ ઠાલવવા તથા દુઃખ ભૂલવા કાવ્યો લખવા સાથે ઊંડો અભ્યાસ કરવા માંડ્યો. ૧૮૫૦માં તેનું પહેલું નાટક 'કૅટૅલિના' બહાર પડ્યા બાદ થોડો વખત એક અઠવાડિકમાં ગાળી બર્ગનના એક થીએટરમાં ગીતો લખનાર તરીકે જોડાયો, જ્યાં તેને પ્રોડ્યુસર, મૅનેજર અને ડિઝાઈનર તરીકેની ફરજો પણ બજાવવી પડી હોવાથી પોતે પણ નાટ્યકાર જ બનવા પ્રેરાયો. કંપની માટે તો તેણે થોડાં નાટકો લખેલાં જ, પણ ૧૮૭૨માં તેના 'લવ્ઝ કૉમેડી'માંનાં, પ્રણયનો ઉપહાસ કરતાં ઉદ્દામ સૂત્રોએ તો ડેન્માર્ક ને નૉર્વેમાં ઉહાપોહ મચાવ્યો ને તે આબરૂ ગુમાવી બેઠો. છતાં તે પછી લખાએલા 'ધ પ્રીટેન્ડર'ને ઘણો જ સારો આવકાર મળ્યો. પણ મેધાવી નાટ્યકાર તરીકેનું તેનું સ્થાન તો છેક 'બ્રાન્ડ' અને 'પીઅર ગીન્ટ' બહાર પડ્યા પછી જ તેને મળ્યું.

પોતાના સમકાલિન 'બ્જોર્નસન'ને મળેલા કવિ-પેન્શનની તેણે પણ માગણી કરી. તે નકારાતાં ૧૮૬૪માં અપમાનના દુઃખ સાથે એ ઇટાલી ગયો, ને ત્યાંથી જર્મની દરમ્યાન 'બ્રાન્ડ'ના પ્રકાશન બાદ તેને કવિ-પેન્શન મળતાં તે સ્વદેશ આવ્યો ને ૧૯૦૬ની ૨૩મી મેએ અવસાન થતાં સુધી ત્યાં જ રહ્યો.

જીવનના તદ્દન સામાન્ય પ્રશ્નોને પણ અજબ કૌશલથી તેણે નાટકોમાં વણી લીધા છે. આવાં પ્રતિભાશાળી નાટકો સર્જનાર એ પોતે એવો તો એકાકી મનોવૃત્તિવાળો હતો કે ખુદ પોતાના પુત્રની કેળવણી પાછળ પણ તેણે ધ્યાન નહિ આપેલું.

આ માસનો પ્રસંગવિશેષ : અંગ્રેજોએ ઝાંસી ખાલસા કર્યું.

ઝાંસીના રાજા રામચંદ્રરાવ સાથે ૧૮૧૭માં ખાતરી આપનારી મિત્રતાભરી સંધિ થયા છતાં ને નિઃસંતાન રાજા ગંગાધરરાવે નજીકના જ સગાના બાળક દામોદરરાવને હિંદુ ધર્મશાસ્ત્રાનુસાર અને અંગ્રેજ અમલદારોની હાજરીમાં જ દત્તક પુત્ર લીધેલો હોવા છતાં 'ભારતની ભૂમિને સમથળ કરવા' આવેલા લૉર્ડ ડેલહાઉસીએ ૧૮૫૩ની ૨૧મી નવેમ્બરે રાજા ગંગાધરરાવ ગુજરી જતાં કેવળ અઢાર વર્ષની વિધવા રાણી લક્ષ્મીબાઈના હાથ નીચેનું રાજ્ય 'આકડે બેઠેલા મધ જેવું' સહેલાઇથી હજમ થઇ જાય એવું લાગતાં ગંગાધરરાવે કરેલું દત્તવિધાન અમાન્ય ગણ્યું, અને ૧૮૫૪ના માર્ચની ૧૩મી તારીખે એક જાહેરનામું બહાર પાડી જબરદસ્તીથી ઝાંસીનું રાજ ખાલસા કર્યું. લક્ષ્મીબાઇના અને પ્રજાના સખત વિરોધને જરાયે ન ગણકારતાં ગંગાધરરાવ મુકી ગયેલા ૪।। લાખનું ઝવેરાત ને ૨।। લાખની રોકડ પણ તેણે ખૂંચવી લીધી. ને પછી ક્રૂર મશ્કરીસમું માસિક પાંચ હજાર રૂપિયાનું પેન્શન રાણીને આપવા માંડ્યું, પણ લક્ષ્મીબાઇએ તેનો અસ્વીકાર કર્યો. ને ઈતિહાસ લેખક મેજર ઇવાન્સ લખે છે તેમ 'ઝાંસીની પ્રજા અને રાજકુલ સાથે અંગ્રેજોએ કરેલા આ ઘોર અન્યાયને પરિણામે જ ઈ. સ. ૧૮૫૭ના વિપ્લવમાં લક્ષ્મીબાઇએ શસ્ત્રો ધારણ કરીને અદ્‌ભુત વીરતાથી અંગ્રેજોનો સામનો કર્યો.

મિત્તર ઐસા કીજિયે,   ઢાલ સરીખા હોય;
સુખમેં પીછે પડ રહે,   દુ:ખમેં આગુ હોય.

બંગાળી વિદ્વાન વિશ્વનાથ શાસ્ત્રી આદર્શ બ્રાહ્મણ હતા. એક સમયે તેમને કેટલાક પંડિતો સાથે વાદવિવાદ થયો. સામો પક્ષ હાર ઉપર આવ્યો એટલે તેમનામાંથી એક પંડિતે શાસ્ત્રીજીના મોં પર છીંકણીની દાબડી ફેંકી. તેને ન ગણકારતાં મોં પરથી છીંકણી સાફ કરી શાસ્ત્રીજીએ શાંતિથી કહ્યું, 'આ તો પ્રસંગ બહારની વાત થઈ, માટે તે જવા દઇ હવે આપણે મૂળ વાત પર આવીએ.' શાસ્ત્રીજીનો સંયમ જોઈ સામા પક્ષે વધારે વાદ ન કરતાં તરત જ પોતાની હાર સ્વીકારી.

અનેકાર્થી શબ્દ: રંગ=લાલ, પીળો વગેરે વર્ણ; એવા રંગોની ભૂકી કે પ્રવાહી; પટ કે અસર; આનંદ, મસ્તી યા તાન; કેફ કે નશો; પ્રીતી કે સ્નેહ; રંગભૂમિ, નાટકશાળા; રણક્ષેત્ર.

કહેવતોના અર્થ: 'મીઠા વાસ્તે ખીચડી બગાડવી'—કરકસરને નામે ખોટા લોભ કરીને નાની વસ્તુ બચાવવા જતાં ઉલટું મોટું નુકસાન વહોરી લેવાની વૃત્તિ કે કુટેવ પ્રત્યે ઉપાલંભ કરતી આ સચોટ કહેવતનો અર્થ તો સ્પષ્ટ છે, કે નજીવી કિંમતનું ચપટી મીઠું બચાવવાનો લોભ કરનાર માણસ ખીચડીની આખી વાની મોળી કરી મૂકતો હોય છે એનું એને ભાન નથી હોતું.

કોટ, ધાબળા અને કાન-ઢાંકણાં જેવી વસ્તુઓ બનાવવામાં અમેરિકામાં ઍલ્યુમિનિયમના પડવાળું કાપડ વપરાઈ રહ્યું છે. 'મિલિયમ'ને નવે નામે ઓળખાતું, વજનમાં હળવું આ કાપડ બીજા કાપડના કરતાં શરીરની ગરમી વધુ સંઘરી રાખે છે ને પહેરનારને હૂંફ આપે છે. (યુસિસ)

ભૌગોલિક બાબતોમાં જગતભરમાં પ્રમાણભૂત ગણાતી સંસ્થા અમેરિકાની નૅશનલ જ્યૉગ્રૉફિક સોસાયટીની તપાસમાં જણાયું છે કે દુનિયા આખીની ભાષાઓમાં હિંદીનું સ્થાન બીજું છે. જગતમાં અંગ્રેજી બોલનારા આશરે ૨૯ કરોડ, હિંદુસ્તાની બોલનારા ૧૯ કરોડ, રશિયન બોલનારા ૧૪॥ ને સ્પૅનિશ બોલનારા ૧૧॥ કરોડ માણસો છે.

કૉફીનું પીણું ઈથીઓપિયામાંથી મૂળ શરૂ થયું ત્યાંથી તે અરબસ્તાન, ભારત, ઇજિપ્ત અને સીરિયામાં પ્રસર્યું. તે પછી ૧૭મી સદીમાં તે ઇંગ્લંડ અમેરિકામાં લોકપ્રિય થયું.

યૉર્ક શહેરનો ટૉમ વૅડર જગતમાં સૌથી લાંબું નાક ધરાવે છે. ૭॥ ઈંચ!

ટાઇપિંગ કરવાની સૌથી વધુ ઝડપ અત્યાર સુધી ૧ મિનિટે ૧૪૯ શબ્દ છે. શિકાગોમાં મિસ હૅમ્મા નામની કુમારીકાએ ૧૯૪૧માં ઇલેક્ટ્રિક મશીન પર એ રૅકૉર્ડ કરેલો.


જે બાટલીઓનો ઉપયોગ હમેશ કરવો પડતો હોય તેના બૂચને દોરી બાંધી તેને બાટલી સાથે બાંધી દો. નહિ તો વારંવાર બૂચને નીચે મૂકવાથી તેને ધૂળ લાગશે અને એ ધૂળ શીશીમાં જશે.

ગણિત ગમ્મત (મોકલનાર: મગનલાલ નાથાલાલ ખત્રી)

$$\left\{\frac{૯^2+૧૦^2+૧૧^2+૧૨^2+૧૩^2+૧૪^2+૧૫^2+૧૬^2+૧૭^2+(૩)}{૫^2+૬^2+૭^2+૮^2+૯^2+૧૦^2+૧૧^2+૧૨^2+૧૩^2+(૩)}\right\}=૨$$


$$(૨^2+૪^2+૬^2)-(૧^2+૩^2+૫^2)=(૧+૨+૩+૪+૫+૬)$$

$$(-૧^2+૨^2-૩^2+૪^2-૫^2+૬^2)=(૧+૨+૩+૪+૫+૬)$$



કલાકણિકા : આ કઇ ચીજ હશે એની કાંઈ કલ્પના કરી શકો છો? સામાન્ય રીતે ખ્યાલમાં પણ ન આવે કે એ ઘોડાને ખાણ ખવડાવવા માટેના તોબરાનું ઈટાલીની લોખંડની કારીગરીનું સુંદર ખોખું છે! માનવીની કલાદષ્ટિ કેવાં કેવાં ક્ષેત્રો સુધી પહોંચે છે!

સાપ કદી પોતાની આંખો મીંચી શકતો નથી, કારણ તેને પાંપણો જ હોતી નથી.



લખોટી ગબડાવવાની રમત

એક એક ફૂટની પહોળાઈની ત્રણ બાજુઓવાળો લાકડાનો એક ત્રિકોણ કાપીને, તેની ત્રણે કિનારો ઉપર પૂઠાની કે પતરાની પટ્ટીઓ ખીલીઓ વડે જડી દો, જેથી તેમાંથી લખોટીઓ બહાર ગબડી ન પડે. પછી, એક બાજુ પર એક એક ઇંચના વ્યાસના ઊંડા ખાડા પાડીને તેમાં તે મુજબના અંક પાકા રંગથી લખો. ને છેલ્લે, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, અરધાઅરધા ઇંચને અંતરે હારબંધ ખૂંટીઓની માફક, નાની ખીલીઓ કે ગ્રામોફોનની રદી પિનો પાટિયા પર જડી દો. એટલે લખોટીની રમતનું સાધન તૈયાર થયું. હવે, એક હાથમાં પાટિયાને ઢળતું રાખી, બીજે હાથે વારાફરતી પાંચ લખોટી આ છેડેથી સામેને છેડે આવેલી ગબીઓ તરફ ગબડાવો. જે જે ગબીમાં એ પાંચ લખોટી પડે તેમાંના આંકડાનો સરવાળો એ તમારો 'સ્કોર' થયો. બે પાંચ મિત્રો ભેગા થઇને આ રમે. તેમાં જે વધુ 'સ્કોર' કરી જાય તે જીત્યો ગણાય.

સર રમણભાઇ નીલકંઠ (અનુ. પૃ. ૭૭થી) બી. એ.ની ઉપાધિ, એ જેટલો સંતાનવંતાં વિદ્યાબહેનની ધીરજ અને મહેનતનો તેટલો જ સુધારક રમણભાઇની તિતિક્ષાનો વિજય હતો. બાકી, લગભગ સમગ્ર સમાજના વિરોધ વચ્ચે, અનેક જાતની કુટીકાઓ સહેતાં કયો પતિ પોતાની પત્નીને આટલે સુધી ભણવા કે પહોંચવા દેત?

૧૯૦૪માં રમણભાઇએ 'જ્ઞાનસુધા' વગેરેમાં છપાએલાં પોતાનાં વિવેચનોનો દળદાર સંગ્રહ 'કવિતા અને સાહિત્ય'ના નામે બહાર પાડ્યો. આથી આદરણીય વિવેચક તરીકે તેમનું નામ સ્થાપિત થયું.

૧૯૧૨માં લાલશંકર ઉમિયાશંકર ગુજરી ગયા. એમના અવસાન પછી એમના હસ્તકની બધી જાહેર સંસ્થાઓ ચલાવવાનો બોજો એમના ભાઈ તુલ્ય રમણભાઈ પર આવી પડ્યો; ને એમને ફરવા જવાની કે સ્વજનો જોડે વાત કરવાની યે ફુરસદ ન રહી. આ જ વર્ષમાં ગુજરાત કૉલેજ સરકારને સોંપાઈ, એટલે એમાં અધ્યાપક તરીકે કામ કરતા આનંદશંકર, કાં તો પોતાનું માસિક 'વસંત' બંધ કરવું પડે, અથવા તો નોકરીમાંથી રાજીનામું આપવું પડે, એવી સ્થિતિમાં મુકાયા. રમણભાઈએ મિત્રભાવે 'વસંત' ઉપર તંત્રી તરીકે પોતાનું નામ મૂકવા દેવાની તૈયારી બતાવી, ને તેમ થતાં આનંદશંકર એ પત્ર અને સરકારી નોકરી બંને ચાલુ રાખી શક્યા.

આ વર્ષમાં રમણભાઇના જીવનમાં એક મહત્ત્વનો બનાવ બન્યો. મુંબાઈની આર્યન બ્રધરહૂડ કૉન્ફરન્સે એક સહભોજન ગોઠવ્યું. આમાં નરસિંહરાવ, રમણભાઈ ને બીજા બસો અઢીસો માણસોએ ભાગ લીધો. પાછળથી છાપામાં જાહેર થયું કે એમાં બે હરિજનો પણ સામેલ હતા. આખા મુંબાઇ પ્રાંતમાં હાહાકાર મચી ગયો. એમાં ભાગ લેનાર ઘણાખરા માણસોને પોતાની ન્યાતને ખુશ કરવા કપરાં પ્રાયશ્ચિત્ત લેવાં પડ્યાં, પણ રમણભાઇ ને બીજા બેપાંચ ગુજરાતીઓ અડગ રહ્યા. ન્યાતે એમને ન્યાતબહાર મૂકયા. જોકે જ્ઞાતિજનોનો એમના માટેનો આદરભાવ કાયમ રહ્યો. ૧૯૧૨-૧૩ના જમાનામાં આમ ન્યાતબહાર રહેવું એ નાનીસૂની વાત નહોતી.

વકીલ તરીકે રમણભાઇને તાલુકદારી કામોનો બહોળો અનુભવ હોવાથી તાલુકદારી પતાવટ કાયદાને સુધારવાનો વિચાર થતાં સરકારે ૧૯૧૩માં ત્રણ વર્ષ માટે રમણભાઇની મુંબાઇ કાઉન્સિલના સભ્ય તરીકે નિમણૂક કરી. આ પ્રસંગની ખુશાલીમાં અમદાવાદનાં વર્તમાનપત્રો, માસિકો અને છાપખાનાંઓએ તેમને માનપત્ર આપ્યું.

૧૯૧૪માં તેમનું નાટક 'રાઇનો પર્વત' બહાર પડ્યું. એ જ અરસામાં તેમણે 'શોધમાં' નામની 'ભદ્રંભદ્ર' ઢબની, પણ કટાક્ષરહિત ભ્રમણકથા 'જ્ઞાનસુધા'માં પ્રસિદ્ધ કરવા માંડી, પણ તે પૂરી થઇ નહિ. '૧૩-૧૪નાં વર્ષોમાં તે મૅટ્રિકના ગુજરાતીના પરીક્ષક નિમાયા.

વિદ્યાબહેનની સૂચનાથી રમણભાઇએ ૧૯૧૪માં વિદેશી રીત મુજબ પોતાનો રૌપ્ય લગ્નોત્સવ (Silver Wedding) ઊજવ્યો. આ પ્રસંગે એમને ઘણાં અભિનંદનો મળ્યાં; કારણ એમનું લગ્નજીવન સર્વ વાતે સુખી હતું; દામ્પત્યના ઉત્કૃષ્ટ નમૂનારૂપ બન્યું હતું. એમનાં પાત્રો કલ્યાણકામ અને સાવિત્રી વિષેના કમલાના શબ્દો, 'એમનો પ્રેમ અગાધ છે, અને, એમની આસક્તિમાં રાગ માતો નથી' એમને લાગુ પાડવાનું મન થઇ જાય એવું પ્રસન્નમધુર હતું. એમના સુખી કુટુંબજીવન માટે એમનાં પુત્રી વિનોદિનીબહેન પણ લખે છે: 'સ્વર્ગમાં વસતા જીવોને પણ અદેખાઈ આવે એવું અદ્ભુત સુંદર અને સુખી કુટુંબજીવન અમે જીવતાં હતાં. ક્યાંયે કોઈ વાતની અપૂર્ણતા નહોતી.' ૧૯૧૫માં રમણભાઈને વિદ્યાબહેનના રમૂજી લેખોનો સંગ્રહ 'હાસ્યમંદિર' બહાર પડ્યો. આ ગાળામાં રમણભાઇએ હસ્તાક્ષર પારખવાની કળા શીખવા માંડ્યાં, ને જતે દિવસે વકીલાત કરતાં પણ હસ્તાક્ષરના નિષ્ણાત તરીકેનું કામ તેમને વધારે મળવા લાગ્યું.

જાહેર કામોનો બોજો ખૂબ વધવા છતાં, એમાંથી માથું ઊંચું કરવાની યે ફુરસદ ન છતાં, રમણભાઇએ પોતાની સંસ્કૃત-પિપાસા ૧૯૧૯-૨૦ દરમ્યાન એક શાસ્ત્રી રાખીને એની પાસે ઉપનિષદો વગેરેનો અભ્યાસ કરી પૂરી કરી.

રમણભાઇ લિબરલ પક્ષના હોઈ કૉંગ્રેસના ઉદ્દામ રાજકારણમાં તેમને શ્રદ્ધા નહોતી. ૧૯૨૦-૨૧ લગભગ તેમણે કૉંગ્રેસની અસહકારની પદ્ધતિને હિંસામય ગણાવી તેને વખોડી કાઢતું કડક ભાષણ પણ કરેલું. આથી ૧૯૨૧માં કૉંગ્રેસે ધારાસભાનો બહિષ્કાર પોકાર્યો છતાં રમણભાઈ મધ્યસ્થ ધારાસભામાં ઉમેદવાર તરીકે ઊભા રહ્યા, ને ખાસ હરીફાઈ ન હોવાથી સહેલાઇથી ચુંટાઇ આવ્યા.

૧૯૨૪માં તેમને અહમદનગર પ્રાંતિક સંસારસુધારા પરિષદના પ્રમુખ નીમવામાં આવ્યા; જોકે છેલ્લી ઘડીએ પગને ઇજા થતાં તે ત્યાં જઈ શક્યા નહિ. ૧૯૨૬માં તેઓ આઠમી ગુજરાતી સાહિત્યપરિષદના પ્રમુખ ચુંટાયા. આ સાલમાં તેમણે ફરી ધારાસભામાં ઊભા રહેવાનો નિર્ણય કર્યો. પણ આ વખતે કૉંગ્રેસે ધારાસભામાં જવાનો નિર્ણય કર્યો હોવાથી, ને તબિયત સારી ન હોવાથી મત મેળવવા ગામડે ગામડે ફરી ન શકાવાથી તેઓ ચુંટાઈ આવ્યા નહિ.

નબળી શરીરપ્રકૃતિવાળા રમણભાઇ જાહેર સેવા પાછળ વિના હિસાબે શક્તિ ખર્ચ્યે જતા હતા. આ અતિશ્રમનું પરિણામ આવતાં ઝાઝી વાર લાગી નહિ. ૧૯૨૬માં તેમને લકવાનું દરદ લાગુ પડ્યું, જે એમના અંત સુધી લંબાયું. એમને વકીલાત અને લગભગ બધાં કામો છોડી પથારીવશ રહેવું પડ્યું.

૧૯૨૭માં, કોઈ પણ જાતની સહેજ પણ લાગવગ લગાડી ન હોવા છતાં રમણભાઈની સાહિત્યસેવાની કદર કરી સરકારે તેમને સર(નાઈટ) બનાવ્યા. આને લીધે તેમને આનંદ થયો. ઘરમાં ગાડીની જગ્યાએ મોટર પણ આવી; પણ એનો લાભ લેવાને તેઓ ઝાઝો સમય જીવી શક્યા નહિ. લકવાના જ દર્દથી ૧૯૨૮ના માર્ચની છઠ્ઠી તારીખે તેમનું અવસાન થયું.

આમ, રમણભાઇનો દેહ તો ગયો પણ તેમણે ફેલાવેલી સુવાસ, ચારિત્ર્યની સુવાસ ઝટ વિલીન ન થઇ.

એમના એ ઉદાત્ત ચારિત્ર્યનું મુખ્ય લક્ષણ સુજનતા હતું. રમણભાઇ પૂ૦ ગાંધીજીના સત્યાગ્રહનો વિરોધ કરતા છતાં ગાંધીજીએ મહાદેવભાઇને કહેલું, કે ગુજરાતમાં વિદ્વાનો છે, નીડર યોદ્ધાઓ છે, પ્રખર રાજકારણીઓ છે, પણ ગુજરાતનો એકમાત્ર સર્જન તો રમણભાઈ જ. નિરભિમાન અને કર્તવ્યશીલતા, સેવાભાવ અને નિઃસ્પૃહતા, પ્રામાણિકતા અને ઉદારતા, પરોપકારિતા અને દયાવૃત્તિ, ક્ષમાશીલતા અને અક્રોધ, ન્યાયવૃત્તિ અને વિનમ્રતા, સૌમ્યતા અને ઋજુતા વગેરે એમના સર્વ ગુણો એમના સૌજન્યનાં જ જુદાંજુદાં પાસાં હતાં.

એમનામાં ખોટું અભિમાન જરા યે નહોતું, પણ સાચુ સ્વાભિમાન પૂરતા પ્રમાણમાં હતું. એથી તેઓ કોઇની જરાયે ખુશામત ન કરતા કે સારાં સ્થાન મેળવવા ફાંફાં પણ ન મારતા. હાસ્યલેખક રમણભાઇની હાસ્યવૃત્તિ જીવનમાં પણ અનન્ય હતી. એ હાસ્યવૃત્તિ વડે એ અનાડી મ્યુનિસિપલ પટાવાળા, તથા બેસમજ મ્યુનિસિપલ સભ્યો, બંનેને કાબૂમાં રાખતા. આ હાસ્યવૃત્તિને લીધે જ તેમના કર્તવ્યભાર તળે કચડાએલા જીવનમાં પણ આનંદ રહેતો. આ વૃત્તિને લીધે તેઓ મંડળી જામી હોય ત્યા લોકપ્રિય પણ બનતા.

રમણભાઈને પ્રવાસનો ખૂબ શોખ હતો. મધ્યમ આવક અને બહોળું કુટુંબ છતાં તેઓ દર નાતાલમાં સંસારસુધારા પરિષદનાં અધિવેશનોમાં હાજરી આપવા દૂરદૂરના પ્રાંતોમાં જતા; કેટલીક વાર તો આખું કુટુંબ સાથે લઈને જતા.

તેમનામાં સ્ત્રીસન્માનની ભાવના ખૂબ ઉત્કટ હતી. એને લીધે જ એમણે લેડી વિદ્યાબહેનને ભણવાં દીધાં ને પોતાની બધી છોકરીઓને ગ્રૅજ્યુએટ કરી. એમની સ્ત્રીસન્માનવૃત્તિ એમના 'રાઇનો પર્વત'માં બહુ સરસ અને ઉત્કટ રીતે વ્યક્ત થઇ છે. એમની આ વૃત્તિ ન્યાયબુદ્ધિમાંથી જન્મી જણાય છે. એમની ન્યાયવૃત્તિ અને નીડરતાનાં ઘણાં ઉદાહરણો મળી આવે છે. સરકારના માનીતા અને કૉંગ્રેસના અસહકારના વિરોધી હોવા છતાં રૉલેટ કાયદો અન્યાયી લાગતાં તેમણે એનો વિરોધ કરવા યોજાએલાં સભા-સરઘસોમાં છૂટથી ભાગ લીધો હતો. આ જ રીતે તેમણે પ્રિન્સ ઑવ વેલ્સના આગમન વખતે એમના સ્વાગતમાં રૂપિયા દસ લાખ ખરચવાની દરખાસ્તનો ધારાસભામાં વિરોધ કર્યો હતો.

આમ સિદ્ધાંતની બાબતમાં નમતું ન મૂકનાર રમણભાઈ તે સિવાયની બાબતોમાં વહેવારકુશળ બનતા. તેઓ ચાલતાં સુધી કોઈને ખોટું લગાડતા નહિ, ને શક્ય હોય ત્યાં બાંધછોડ પણ કરતા. વળી તે પૂરેપૂરા સુજન ને પરોપકારી હોવા છતાં ભોળિયા નહોતા. ગમે તેવા કાફર માણસની ગમે તેવી હલકી ચાલ તે તરત જ પામી જતા; ને પોતાની ઈચ્છા વિરુદ્ધ તેને લાભ લેવા દેતા નહિ.

એમનો સ્વભાવ એવો કામગરો હતો કે તેમને કોઇ સાથે સાચી આજીવન મૈત્રી કેળવવાનો સમય મળે જ નહિ. આમ છતાં વિદ્યાર્થી-અવસ્થાથી તેમને સુરત પોતાના પિતાને ત્યાં આવતા [દી. બ.] કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી સાથે સારી મૈત્રી બંધાઇ. બીજાઓ સાથે માત્ર કામપૂરતી કે સાહિત્યની જ વાતો કરતા રમણભાઇ કૃષ્ણલાલ-ભાઈને મળે ત્યારે ખીલતા; ને એમની સાથે ગામગપાટા મારવાનો સમય પણ કાઢતા. એમની સાથે તેમણે ઘણી મુસાફરીઓ પણ કરેલી.

રમણભાઇને બીજો ગાઢ સંબંધ પોતાના મામા-સસરા નરસિંહ-રાવ જોડે. પણ, તેમના પ્રત્યે એ જરા આદરથી જોતા; એટલે એમની સાથે જનવાર્તા કરતાં સાહિત્યવાર્તા જ વધારે થતી. રમણભાઈ સાથે-નો આ સંબંધ નરસિંહરાવને ખૂબ ફાયદાકારક નીવડયો. એમની કવિતાથી મુગ્ધ બનેલા રમણભાઈએ એમના 'કુસુમમાલા' અને 'હૃદયવીણા' નામના કાવ્યસંગ્રહોને ગુજરાતી સાહિત્યમાં લગભગ અપૂર્વ ગણાવ્યા; ને મણિલાલ નભુભાઈએ એ સંગ્રહો પર ટીકા કરી તે તોડી પાડી. પોતાને કાંઈ નાનાંસરખાં કામ કરાવવાં હોય ત્યારે નરસિંહરાવ આ ભાણેજ-જમાઈને લખતા; ને રમણભાઈ તે યથા-શક્તિ કરી આપતા. ૧૯૧૫ની સુરતની સાહિત્ય પરિષદ વખતે નરસિંહરાવને પ્રમુખ ચુંટાવવામાં રમણભાઈનો પણ થોડોક ફાળો હતો. અલબત્ત, રમણભાઈ આ બધું ચાટુવૃત્તિથી નહિ પણ નરસિંહ-રાવને અસાધારણ પ્રતિભાવાળા કવિ ને વિદ્વાન ગણતા તેથી, ને વિશેષ તો સ્વભાવસિદ્ધ થઇ પડેલી સહાયક વૃત્તિને લીધે કરતા.

મોટા માણસોમાં કેટલીક વિચિત્રતાઓ હોય છે; અને તેવી રમણભાઈમાં પણ હતી. આપણે શરૂઆતમાં જોયું તેમ એમનો પહેર-વેશ બેડોળ, વિચિત્ર અને કોઇક વાર મેલો રહેતો. જીવનનાં બધાં ક્ષેત્રમાં સંયમી છતાં ખાવાના બેહદ શોખીન હતા; ને એકસામટાં ત્રણત્રણ ભોજન કે પાર્ટીનાં નિમંત્રણો પણ સ્વીકારતા—અત્યાહારથી કોઇક વાર જરા બેચેની પણ અનુભવી લેતા. પ્રાણીઓ ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી મંડળીના કાર્યવાહક હોવા છતાં માંસાહારમાં બાધ ન ગણતા. પૂરેપૂરા સુધારક હતા; છતાં લગ્ન વખતે કોઈક જાતનો વિધિ—જેમકે વૈદિક વિધિ—આવશ્યક ગણતા. સ્વપત્નીસંતુષ્ટ અને પૂરા ચારિત્ર્યશીલ હતા, પણ મિત્રો સાથે વિચિત્ર વાતો છૂટથી કરતા ને એવા ટુચકાઓ પણ અનેક કહેતા. જીવનમાં બહુ જ વિનમ્ર અને સંસ્કારી હતા, પણ બોલવામાં કોઈક વાર કંઈક વિનયભંગી—આખા-બોલા—બની જતા. ગાંધીજીના સત્યાગ્રહને ધિક્કારતા, પણ ગાંધીજી અને સરદાર પટેલના મિત્ર હતા, ને ગાંધીજી પ્રત્યે વિશેષ ને વિશેષ ખેંચાતા જતા. એમને સમયનો બહુ અભાવ હતો, છતાં પોતા પર આવેલા એકેએક નકામા કાગળનો પણ જવાબ આપતા; અને જાતે જ ટપાલ પોસ્ટ કરતા—બીક એ કે બીજાને નાખવા આપીએ ને એ ભૂલી જાય તો? પાઇએ પાઈનો હિસાબ ડાયરીમાં ટપકાવી લેતા ને હિસાબ ન રાખનારની મશ્કરી કરતા, પણ ડઝનબંધ ઍંગેજમેન્ટો હોવા છતાં ઍંગેજમેન્ટ-ડાયરી ન રાખતા; ને માનતા કે નોંધપોથી રાખવાથી તો વિસ્મરણને માર્ગે ઊતરી જવાય! અનેક વિચિત્ર વસ્તુ-ઓના સંગ્રહસ્થાન જેવી એમની એક ઉપલબ્ધ ડાયરી પરથી જણાય છે કે એમનો જમણો હાથ ડાબા હાથ કરતા એક ઇંચ લાંબો હતો!

પણ, ગુજરાતને સદ્ભાગ્યે લોકો એના આ મહાન પુત્રની વિચિ-ત્રતાઓ કે ખાસિયતો તરફ નહિ, પણ એની સેવા, ઊંચા ગુણો ને નિરાડંબરી માનવતા તરફ જ દૃષ્ટિ કરતા. એમ કહ્યા વિના રહી શકાતું નથી કે પ્રજા એમના એ ગુણોમાંથી થોડા પણ અપનાવી શકી હોત તો એનું ચારિત્ર્યધન આજે વધુ માતબર હોત.



પ્રાચીન મૂર્તિ દુર્ગા
ફોટો
આર.આર.ભારદ્વાજ

હિમાલયના સૂર્યોદયની ઝલકમાં ઝળહળતાં પાઇનવૃક્ષ, કે કોઈ ગામગામડાના ગરનાળાની કમાન નીચે કપડાં ધોતી ગરીબ સ્ત્રીઓ, યા સ્ફટિકનિર્મળ બરફના થર નીચેથી ફૂટતી પાંદડાંની કૂંપળો,–એવા વૈવિધ્યભર્યા વિસ્તારમાંથી સૌન્દર્યસ્વરૂપો શોધી લાવતી ફોટો કલાકાર શ્રી ભારદ્વાજની આંખ અહીં પ્રાચીન કલાના એક સૌન્દર્યખંડની ઉજાણી જ રજૂ કરી દે છે. સદીઓ પહેલાંના કલાકારનાં ટાંકણાંએ જે રસ-ભક્તિની દૃષ્ટિથી અહીં એક નિર્જીવ પત્થરમાં માતા દુર્ગાની મૂર્તિનું અવતરણ કરીને તેના હાથમાંના માનવમુંડના આયુધથી માંડી દેહનાં આભૂષણો સુધી ઝીણવટભરી વિગતો ઉતારી છે, તેટલી જ કલાભક્તિ વડે પોતાનો કૅમેરાકસબ શ્રી ભારદ્વાજે એમાં કેવી અજબ રીતે સાર્થ કરી બતાવ્યો છે, એ તો તમને એ મૂર્તિના પત્થરના નાના કણ સુધીનો ઉઠાવ કહી બતાવે છે. પ્રાચીન તેમજ અર્વાચીન બંને કલાનો એકીસાથે સાક્ષાત્કાર કરાવતી રત્નકણિકા સમું આ ચિત્ર છે.







ડાબી બાજુ : આજથી ૭ વર્ષ પર, ૧૯૪૩ની ત્રીજી ફેબ્રુઆરીએ, ગયા મહાયુદ્ધમાં 'ડૉર્ચેસ્ટર' નામના અમેરિકન સૈનિક-જહાજને ઉત્તર ઍટલૅન્ટિકમાં ટૉર્પિડો વાગી ને તે ડૂબવા લાગ્યું, ત્યારે તે પરના ચાર યુવાન પાદરીઓએ પોતાના લાઇફ-બેલ્ટ (જીવન બચાવવા માટે પહેરાતા પટા) બીજાઓને આપી દઇ, પોતે ચારેએ આંકડા ભીડીને પ્રાર્થના કરતાં કરતાં એકીસાથે સ્વેચ્છાએ જળસમાધિ લીધી. પરહિતાર્થે આપભોગ આપી અમર બનેલા એ વીર પાદરીઓના સ્મરણમાં ત્યાંના ફિલાડેલ્ફિયા નગરમાં બંધાએલા દેવળનો ઉદ્ઘાટન-વિધિ હમણાં જ અમેરિકાના પ્રમુખ ટ્રુમૅને કર્યો, તે પ્રસંગના આ ફોટોગ્રાફમાં પ્રમુખ ટ્રુમૅન, એ આત્મભોગના પ્રસંગનું દેવળની ભીંત પર ચીતરાએલું ભીંતચિત્ર જોતા ઊભા છે. જમણી બાજુ ઊભેલા છે તે, આ દેવળના પાદરી ડૉ. પોલિંગ છે, જે એ ચાર મરજીવાઓ પૈકીના એક ક્લાર્ક પોલિંગના પિતા થાય. જમણી બાજુ મથાળે : શિકાગો નગરમાં બંધાએલી અમેરિકાભરની મોટામાં મોટી જથ્થાબંધ માલની જંગી 'મર્ચેન્ડાઇઝ માર્ટ'નું આ મકાન ૯૩ એકર જગ્યા રોકે છે. જુદીજુદી ૫૬૦૦ વસ્તુઓનો વિક્રય કરતા આ મકાનમાં ૨૫,૦૦૦ માણસો કામ કરે છે અને તેને પોતાની જ બૅંક, પોસ્ટઑફિસ, તારની તથા રેલ્વેની ટિકિટ ઑફિસો, ઉપાહારગૃહો વગેરે છે. જમણી બાજુ નીચે : ઇંગ્લંડના શહેરની એક પેઢીએ માનવશરીરનાં હાડપિંજર તથા બીજાં અંગઉપાંગોના, શિક્ષણ માટેના નમૂના સિન્થેટિક પદાર્થમાંથી બનાવવા માંડ્યા છે. તે પૈકી માણસના મગજનો કાપ્યો વળે એવો છે, ને તેમાં હૂબહૂ રંગ પૂરીને મગજના બધા વિભાગો દર્શાવ્યા છે. બનાવટના આવા નમૂનાઓ બરડ હોવાથી, શાળાના વર્ગોમાં કે પ્રયોગશાળાઓમાં બતાવવા જતાં તૂટી જતા, એ ભય દૂર આ નવી બનાવટથી થયો છે.